ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# અમૃતવેલની મોટી સજ્ઝાય


અને

# નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન

તથા

# શ્રી સીમંધરસ્વામી સ્તવન

શબ્દશઃ વિવેચન



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# અમૃતવેલની મોટી સજ્ઝાય

અને

# નિશ્ચય-વ્યવહાર ગર્ભિત
# શ્રી શાંતિજિન સ્તવન

તથા

# શ્રી સીમંધરસ્વામી સ્તવન

## શબ્દશઃ વિવેચન

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✤ વિવેચનકાર ✤

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંપાદિકા ✪

સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનાં
સામ્રાજ્યવર્તી, સ્વ. ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રી હેમભૂષણસૂરિજી મહારાજાનાં
આજ્ઞાવર્તિની પ. પૂ. વિદુષી સા. શ્રી ચંદ્રાનનાશ્રીજી મ.નાં શિષ્યરત્ના પ. પૂ. સા.
શ્રી ચારુનંદિતાશ્રીજી મ. સા.ના વિનેયા સાધ્વીજી શ્રી હિતરુચિતાશ્રીજી

✪ સંપાદક ✪

શ્રી જિજ્ઞેશભાઈ હુકમીચંદજી શાહ - સાબરમતી.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# અમૃતવેલની મોટી સજ્ઝાય

સંપાદક : શ્રી જિજ્ઞેશભાઈ હુકમીચંદજી શાહ

# નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન

સંપાદક : સાધ્વીજી શ્રી હિતરુચિતાશ્રીજી મ. સા.

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૬ ❖ વિ. સં. ૨૦૬૬

આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૬૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી પાઠશાળા

૯, 'સિદ્ધાચલ વાટિકા', સ્મૃતિમંદિર પાસે, રામનગર, સાબરમતી, અમદાવાદ-૫.

(શાંતિલાલ ગમનાજી ચેરીટેબલ ટ્રસ્ટ)

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

'ગીતાર્થ ગંગા'

૧૨૨

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❋ મુદ્રક ❋

નવરંગ પ્રિન્ટર્સ

આંસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૪૨૮૫૦૦૪૦૧ (ઘર) ૨૬૬૧૪૬૦૩

## 卐 : પ્રાપ્તિસ્થાન : 卐

*** અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

*** મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર,
જૈન દેરાસર પાછળ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર, મલાડ (ઈ.),
મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

*** BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. NEMKUMAR & COMPANY
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-53.
☎ (080) (O) 22875262, (R) 22259925

*** વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન' ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬

*** સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ
બાબુ નિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

*** જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

*** રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, અનેક શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. આ સંદર્ભે 'ગંગોત્રી ગ્રંથમાળા' હેઠળ ધર્મતીર્થ ભાગ-૧ અને ભાગ-૨ બહાર પડી ચૂક્યા છે, ભાગ-૩નું સંકલન થઈ રહ્યું છે તથા તે હેઠળ દ્વિતીય વિષય 'પર્ષદા' પર થયેલાં પ્રવચનોનું કામ ચાલી રહ્યું છે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –


૫, જૈન મર્ચન્ટ સોસાયટી,<br>
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ<br>
ગીતાર્થ ગંગા



**સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.**

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત-સંપાદિત પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. जैनशासन स्थापना
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. प्रश्नोत्तरी

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?
૨૫. Status of religion in modern Nation State theory
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો (ગુજ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. सेवो पास संखेसरो (હિન્દી) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનનાં ગ્રંથો

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન

૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન

૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

# સંકલના

## અમૃતવેલની મોટી સજ્ઝાય :

અમૃત જેમ અમર અવસ્થાનું કારણ છે તેમ અમર અવસ્થારૂપ મોક્ષની પ્રાપ્તિ માટે આત્માએ કેવા ભાવોથી સદા આત્માને ભાવિત કરવો જોઈએ; જેથી સતત સંસારના કારણીભૂત કષાયોનો હ્રાસ થાય અને વીતરાગતાને અનુકૂળ ઉત્તમભાવો સદા આત્મામાં વૃદ્ધિ પામે અને સિદ્ધ અવસ્થામાં પોતાનો શુદ્ધ આત્મા કેવા સ્વરૂપવાળો છે તેનો પારમાર્થિક બોધ થાય તે પ્રકારે પદાર્થને બતાવીને અમૃત તુલ્ય મોક્ષમાર્ગને સેવવાનો દૃઢ ઉત્સાહ કરાવે તેવી સુંદર આ સજ્ઝાય છે. જેનાથી આત્મા સદા ભાવિત રહે તો દુષ્કર એવો આ સંસાર-સમુદ્ર જીવ સુખપૂર્વક તરી જાય છે.

❋

## નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન :

ભગવાનના શાસનમાં નિશ્ચયનય અને વ્યવહારનય એમ બે નયો છે. તે બે નયોથી યોગમાર્ગની પ્રવૃત્તિવિષયક પૂર્ણ બોધ થાય છે. જેમ દ્રવ્યાર્થિકનયની અને પર્યાયર્થિકનયની દૃષ્ટિથી વસ્તુને જોવામાં આવે તો તે વસ્તુનો પૂર્ણ બોધ થાય છે, તેમ યોગમાર્ગની પ્રવૃત્તિ નિશ્ચયનયની અને વ્યવહારનયની દૃષ્ટિથી યથાર્થ જાણીને તે તે નયોને ઉચિત રીતે યોજન કરીને જે સ્થાનમાં વ્યવહારનય પ્રધાન હોય અને નિશ્ચયનય ગૌણ હોય તે સ્થાનમાં વ્યવહારનયને પ્રધાન કરીને અને નિશ્ચયનયને ગૌણ કરીને પ્રવૃત્તિ કરવાથી ફળની પ્રાપ્તિ થાય છે.

વળી, વ્યવહારનયને પ્રધાન કરીને નિશ્ચયનયનો અપલાપ કરવામાં આવે તો તે વ્યવહારનયની પ્રવૃત્તિ નિષ્ફળ બને છે, અને નિશ્ચયનયના સ્થાને નિશ્ચયનયને પ્રધાન કરીને અને વ્યવહારનયને ગૌણ કરીને પ્રવૃત્તિ કરવાથી

યોગમાર્ગના ફળની પ્રાપ્તિ થાય છે. પરંતુ નિશ્ચયનયને પ્રધાન કર્યા પછી વ્યવહારનયનો અપલાપ કરવાથી તે પ્રવૃત્તિ નિષ્ફળ બને છે. તેનો યથાર્થ બોધ કરાવવા માટે મોક્ષના અર્થી જીવે નિશ્ચયનય અને વ્યવહારનયને કઈ રીતે યોજન કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ. તેનો માર્ગાનુસારી બોધ કરાવવા અર્થે સ્તવનકારશ્રીએ "નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શાંતિનાથ ભગવાન"નું સ્તવન રચેલ છે.

❋

## નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી સીમંધરસ્વામી સ્તવન :

નિશ્ચયનય અને વ્યવહારનયમાંથી એક નયને સ્વીકારનારા કઈ રીતે માર્ગથી દૂર ફેંકાય છે તેનો યથાર્થ બોધ કરાવવા અર્થે સ્તવનકારશ્રીએ "નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી સીમંધરસ્વામી સ્તવન"ની રચના કરી છે, જેનાથી એક નયની એકાંત મતિનો વિપર્યાસ દૂર થાય છે. અને પરસ્પર સાપેક્ષ નિશ્ચયનયથી અને વ્યવહારનયથી પ્રવૃત્તિ કરવાથી ફળની પ્રાપ્તિ થાય છે તેવો સ્થિર નિર્ણય થાય છે. માટે સ્યાદ્વાદના પરમાર્થને જાણવા માટે આ સ્તવન અત્યંત ઉપકારક છે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ જો કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**વિ.સં. ૨૦૬૫, વૈશાખ સુદ-૩** **- પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૧૯-૫-૨૦૧૦, રવિવાર**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસા.,**
**પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | **અમૃતવેલની મોટી સજ્ઝાય :** | **પા. નં.** |
| | * ગાથા ૧ થી ૨૯ | ૧-૨૪ |
| ૨. | **નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન :** | |
| | * ઢાળ-૧ : | ૨૫-૩૧ |
| | * ઢાળ-૨ : | ૩૨-૩૯ |
| | * ઢાળ-૩ : | ૪૦-૫૨ |
| | * ઢાળ-૪ : | ૫૩-૫૯ |
| | * ઢાળ-૫ : | ૬૦-૭૩ |
| | * ઢાળ-૬ : | ૭૪-૮૫ |
| | * કળશ : | ૮૫-૮૬ |
| 3. | **નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી સીમંધરસ્વામી સ્તવન :** | |
| | * ઢાળ-૧ : | ૮૭-૯૯ |
| | * ઢાળ-૨ : | ૧૦૦-૧૧૨ |
| | * ઢાળ-૩ : | ૧૧૩-૧૨૦ |
| | * ઢાળ-૪ : | ૧૨૧-૧૨૫ |
| | * કળશ : | ૧૨૬ |

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

## ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત

# અમૃતવેલની મોટી સજ્ઝાય

**આત્મામાં ગુણવૃદ્ધિનું કારણ બને તેવા અમૃતરસની વેલડીને પ્રગટ કરે તેવા ઉત્તમ ભાવોથી સભર એવો સ્વાધ્યાય, કરાવે તેવી સજ્ઝાય.**

**ગાથા :-**

**ચેતન ! જ્ઞાન અજુઆલીએ, ટાલીએ મોહ-સંતાપ રે;**
**ચિત્ત ડમડોલતું વાલીએ, પાલીએ સહજ ગુણ આપ રે. ચે૦ ૧**

**ગાથાર્થ :-**

**હે ચેતન ! જ્ઞાનને અજવાળીએ=પોતાના શ્રુતજ્ઞાનનો વિસ્તાર કરીએ, મોહના સંતાપને ટાળીએ. ડમડોળતું ચિત્ત વાળીએ. પોતાના સહજ ગુણને પાળીએ. ॥૧॥**

**ભાવાર્થ :-**

'ચેતન' શબ્દ દ્વારા પોતાના આત્માને અનુશાસન આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે હે, ચેતન ! તારામાં અગાધ જ્ઞાનની શક્તિ છે તેને શાસ્ત્રાનુસાર અધ્યયન કરીને અજવાળીએ. જેથી તત્ત્વનો યથાર્થ બોધ થાય અને સંસાર અવસ્થામાં મોહના સંતાપથી પોતે જે વ્યાકુળ થાય છે તેને સમ્યગ્જ્ઞાનના અવલંબનથી ટાળીએ. વળી સંસારના વિષયોમાં જ્યાં ત્યાં ચિત્ત ભટકે છે અને કર્મબંધની

પ્રાપ્તિ કરાવીને આત્માને દુર્ગતિઓમાં નાંખે છે તેવા ચિત્તને પ્રયત્નપૂર્વક વાળીએ અને આત્મભાવમાં સ્થિર થવાનો જીવનો સહજ ગુણ છે તે ગુણને પાળીએ, જેથી ચેતનનું હિત થાય. **॥૧॥**

**અવતરણિકા :-**

**આત્મહિત માટે અન્ય પણ શું કરવું જોઈએ તે બતાવે છે –**

**ગાથા :-**

**ઉપશમ અમૃત-રસ પીજીએ, કીજીએ સાધુ-ગુણ-ગાન રે;**
**અધમ વચણે નવિ ખીજીએ, દીજીએ સજ્જનને માન રે. ચે૦ ૨**

**ગાથાર્થ :-**

**ઉપશમરૂપ અમૃતરસનું પાન કરવું જોઈએ, સાધુનાં ગુણગાન કરવાં જોઈએ, અધમના વચનથી અકળાવું ન જોઈએ, (અને) સજ્જનને માન આપવું જોઈએ. ॥૨॥**

**ભાવાર્થ :-**

વળી, આત્માને સુખી કરવા માટે ઇન્દ્રિયોના વિકારો શમાવીને ઉપશમરસનું પાન કરવું જોઈએ. ઉપશમરસને પ્રગટ કરવા માટે ઉપશમપ્રધાન એવાં સત્ શાસ્ત્રોથી ચિત્તને ભાવિત કરવું જોઈએ, જેથી વિષયોના વિકારોના શમનથી ઉપશમરૂપી અમૃતરસનું પાન થાય. વળી ઉપશમરસપ્રધાન એવા સાધુ પુરુષોના ગુણોનું કીર્તન કરવું જોઈએ અર્થાત્ વિચારવું જોઈએ કે "આ મહાત્માઓ ભગવાનના વચનથી ભાવિત થઈને મોહના ઉપદ્રવ વગરના ઉત્તમ જીવનને જીવીને આત્મહિત સાધે છે" માટે એમનો જન્મ સફળ છે. વળી, અધમ પુરુષો પોતાને કનડગત થાય તેવી પ્રવૃત્તિ કરતા હોય તોપણ તેમનાં વચનથી અકળામણ કરવી ન જોઈએ પરંતુ કર્મકૃત જીવની આ વિષમતા છે તેમ વિચારીને તે અધમપુરુષ પ્રત્યે પણ કરુણા-બુદ્ધિ ધારણ કરવી જોઈએ. વળી, જે જિનવચનાનુસાર આત્મહિત સાધનારા સજ્જન પુરુષો છે તેઓને માન આપવું જોઈએ. જેથી પોતાના આત્મામાં પણ ઉત્તમ પ્રકૃત્તિ પ્રગટ થાય. **॥૨॥**

**અવતરણિકા :-**

**વળી, આત્મહિત માટે શું કરવું જોઈએ તે બતાવે છે –**

**ગાથા :-**

**ક્રોધ-અનુબંધ નવિ રાખીએ, ભાખીએ વયણ મુખે સાચ રે;**
**સમકિત-રત્નરુચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ કાચ રે. ચે૦ ૩**

**ગાથાર્થ :-**

**ક્રોધના અનુબંધને નવિ રાખીએ=કોઈની સાથે અણબનાવ થયો હોય તોપણ તેના પ્રત્યે દ્વેષભાવ રાખવો નહિ, મુખથી સત્ય વચન બોલીએ, સમકિતરત્નની રુચિને જોડીએ=આત્મામાં યોજન કરીએ, કુમતિરૂપી મતિના કાચને=સમકિતથી વિરુદ્ધ સ્વમતિ અનુસાર અતીન્દ્રિય પદાર્થોને યોજન કરવાની કુમતિરૂપી મતિના કાચને છોડીએ. ॥૩॥**

**ભાવાર્થ :-**

આત્માને શુદ્ધભાવો તરફ લઈ જવા અર્થે શું કરવું જોઈએ તે બતાવે છે – કોઈ નિમિત્તને પામીને કોઈ સાથે અણબનાવ થયો હોય તોપણ તે ભાવને ચિત્તમાં રાખીને તેની સાથે ક્રોધનો અનુબંધ રાખવો જોઈએ નહિ, પરંતુ ચિત્તને હંમેશા ક્રોધ-કષાયના કાલુશ્યથી દૂર રાખવા યત્ન કરવો જોઈએ. વળી, આત્માની વક્રતાના પરિહાર અર્થે મુખથી સત્ય વચનો બોલવાં જોઈએ તથા આત્મહિતનું એક કારણ એવું સમકિતરત્ન રુચિપૂર્વક આત્મામાં જોડવું જોઈએ અર્થાત્ સંસારમાં જીવને માટે એકાંતે હિતકારી જિનવચન છે માટે જિનવચનના પરમાર્થ જાણીને તેનાથી આત્માને સદા વાસિત કરવા ઉદ્યમ કરવો જોઈએ. જેથી તત્ત્વની રુચિરૂપ સમ્યક્ત્વ આત્મામાં સદા સ્થિર રહે અને કુમતિરૂપ કાચને છોડવો જોઈએ અર્થાત્ આત્મહિતના વિચારો કે જિનમતના પરમાર્થના વિચારોને છોડીને જે વિચારોનો પ્રહાર ચિત્તમાં ચાલે છે તે કુમતિરૂપ કાચ છે તેનો ત્યાગ કરીને સમકિતરત્નને ગ્રહણ કરવું જોઈએ. **॥૩॥**

ગાથા :-

**શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે;**
**પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગ-મિત્ત રે. ચે૦ ૪**
**જે સમોસરણમાં રાજતા, ભાંજતા ભવિક-સંદેહ રે;**
**ધર્મનાં વચન વરસે સદા, પુષ્કરાવર્ત્ત જિમ મેહ રે. ચે૦ ૫**

ગાથાર્થ :-

**શુદ્ધ પરિણામના કારણ એવા ચારનાં શરણ ચિત્તમાં ધારણ કરવાં જોઈએ, તેમાં પ્રથમ અરિહંતનું શરણ છે જે જગદીશ અને જગતના મિત્ર છે. ।।૪।।**

**જેઓ સમવસરણમાં રાજતા છે=શોભતા છે, ભવિકજીવોના સંદેહને ભાંગી રહ્યા છે, જેમ પુષ્કરાવર્ત મેઘ વરસે તેમ સદા ધર્મનાં વચન વરસાવી રહ્યા છે, એમનું "હું શરણ લઉ છું" એમ ભાવન કરવું જોઈએ એ પ્રમાણે ગાથા ચાર સાથે સંબંધ છે. ।।૫।।**

ભાવાર્થ :-

આત્માના શુદ્ધપરિણામને પ્રગટ કરવાનું કારણ અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ રૂપ ચારનાં શરણો છે જેને ચિત્તમાં ધારણ કરવાં જોઈએ. તેમાં પ્રથમ અરિહંતના શરણનું સ્વરૂપ બતાવતાં કહે છે. જેઓ જગતના ઈશ્વર છે અર્થાત્ **પોતાના ઉપર પોતાનું પૂર્ણ પ્રભુત્વ મેળવ્યું છે તેથી જગતના ઈશ્વર છે.** વળી, અરિહંત ભગવાન જગતના જીવો માટે મિત્ર છે; કેમ કે જગતના જીવોને સન્માર્ગ બતાવીને એકાંતે તેમના હિતને કરનારા છે. વળી જેઓ સમોવસરણમાં બેસીને શોભી રહ્યા છે અને ભવ્યજીવોના સંદેહને દૂર કરી રહ્યા છે અને જેમ પુષ્કરાવર્ત્તમેઘ પૃથ્વી ઉપર વરસીને પૃથ્વીને રસાતળ કરે છે તેમ અરિહંત ભગવંત હંમેશાં ધર્મનાં વચનો વરસાવીને યોગ્ય જીવોને આત્મહિત સાધવાને અનુકૂળ રસાતળવાળા કરે છે. તેવા અરિહંતનું શરણ સ્વીકારવું જોઈએ. **।।૪-૫।।**

**ગાથા :-**

**શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;**
**ભોગવે રાજ શિવ-નગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે. ચે૦ ૬**

**ગાથાર્થ :-**

**જેઓએ સર્વ કર્મને ચકચૂર કર્યાં છે, જે શિવનગરનું રાજ્ય ભોગવી રહ્યા છે, અને જ્ઞાનના આનંદથી ભરપૂર છે તેવા સિદ્ધ ભગવંતનું બીજું શરણ ભજવું જોઈએ. ॥૬॥**

**ભાવાર્થ :-**

સિદ્ધના જીવોએ સર્વ કર્મોનો નાશ કર્યો છે તેથી કર્મ રહિત અવસ્થાવાળા છે અને આત્માની સુખમય અવસ્થારૂપ જે શિવનગર છે, તેનું સામ્રાજ્ય તેઓ ભોગવી રહ્યા છે. વળી, નિરાકુળ જ્ઞાનમય જે આત્માની અવસ્થા છે તે રૂપ જ્ઞાનઆનંદથી ભરપૂર છે તેવા સિદ્ધ સ્વરૂપને બુદ્ધિમાં ઉપસ્થિત કરીને સિદ્ધ ભગવંતનું શરણ ગ્રહણ કરવું જોઈએ. ॥૬॥

**ગાથા :-**

**સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ-પંથ રે;**
**મૂલ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ-નિર્ગ્રંથ રે. ચે૦ ૭**

**ગાથાર્થ :-**

**વળી ત્રીજું સાધુનું શરણ ધારણ કરવું જોઈએ. જેઓ શિવમાર્ગને સાધી રહ્યા છે. વળી જેઓ સાધુના મૂળગુણ અને ઉત્તરગુણથી વરેલા છે અને ભાવ-નિર્ગ્રંથ હોવાથી ભવથી તરેલા છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

મોક્ષમાર્ગ સાધનારા સાધુ કહેવાય છે અને મોક્ષમાર્ગ એ વીતરાગતાને અનુકૂળ વીતરાગના વચનના સ્મરણપૂર્વકની સર્વ ઉચિત પ્રવૃત્તિરૂપ છે અને તેવી ઉચિત પ્રવૃત્તિ કરનારા સાધુઓ છે. આવા સાધુઓ પાંચ મહાવ્રતરૂપ મૂળગુણો અને પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદિરૂપ ઉત્તરગુણોથી વરેલા છે અને

ભાવથી નિર્ગ્રંથ છે=આત્માના શુદ્ધ ભાવો સિવાય ક્યાંય રાગનો પ્રતિબંધ નથી, તેથી ભવથી તરેલા છે, તેવા સાધુનું મારે શરણું સ્વીકારવું જોઈએ. ॥૭॥

**ગાથા :-**

**શરણ ચોથું કરે ધર્મનું, જેહમાં વર દયા-ભાવ રે;**
**જેહ સુખ-હેતુ જિનવર કહ્યો, પાપજલ તરવા નાવ રે. ચે૦ ૮**

**ગાથાર્થ :-**

**વળી, ચોથું શરણ ધર્મનું કરવું જોઈએ જેમાં=જે ધર્મમાં, વરદયાનો ભાવ છે=શ્રેષ્ઠ દયાનો ભાવ છે, અને જે ધર્મ જિનવરે સુખનો હેતુ કહ્યો છે, અને પાપરૂપી સમુદ્રથી તરવા માટે નાવ જેવો છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

ધર્મ એ સ્વ-પરની દયા સ્વરૂપ છે તેથી જે જીવોનું ચિત્ત જગતના જીવો પ્રત્યે દયાવાળું છે અને પોતાના આત્મા પ્રત્યે પણ દયાવાળું છે તે જીવો શક્તિ અનુસાર છકાયના પાલનમાં ઉદ્યમ કરે છે અને મોહની આકુળતાથી પોતાના આત્માનું રક્ષણ કરે છે. તે જીવોનાં ચિત્તમાં દયારૂપ ધર્મ છે અને તે દયા પોતાના માટે સુખનો હેતુ છે એમ ભગવાન કહે છે. વળી, જેઓ સદા દયાળુ પરિણામવાળા છે તેઓની દયા પાપરૂપી સમુદ્રથી તરવા માટે નાવ તુલ્ય છે. ॥૮॥

**ગાથા :-**

**ચારનાં શરણ એ પડિવજે, વલી ભજે ભાવના શુદ્ધ રે;**
**દુરિત સવિ આપણાં નિંદિએ, જિમ હોયે સંવર વૃદ્ધ રે. ચે૦ ૯**

**ગાથાર્થ :-**

**પૂર્વમાં વર્ણન કરાયેલાં એ ચારનાં શરણ જેઓ સ્વીકારે છે. વળી, શુદ્ધ ભાવનાઓથી આત્માને ભાવિત કરે છે અર્થાત્ આ ચારને શરણાગત થઈને તેમના ગુણોથી પોતાના આત્માને ભાવિત કરે, વળી પોતાનાં સર્વ દુરિત=પાપ, તેની તે રીતે નિંદા કરે છે જે રીતે સંવરની વૃદ્ધિ થાય. ॥૯॥**

**ભાવાર્થ :-**

અરિહંતાદિ ચારના સ્વરૂપને અવલંબીને તેઓના સ્વરૂપથી આત્મા ભાવિત થાય તે પ્રકારના શુદ્ધ ઉપયોગથી ચારનાં શરણને સ્વીકારવાં જોઈએ. જેથી આત્મા મોહની અસરથી કંઈક મુક્ત થઈને ગુણોને અભિમુખ બને. ત્યારપછી પોતે સેવેલાં સર્વ પ્રકારનાં પાપોને સૂક્ષ્મ ઉપયોગપૂર્વક સ્મરણ કરીને સર્વ પાપોની તે રીતે દૃઢ પ્રણિધાનપૂર્વક નિંદા કરવી જોઈએ જેથી પોતાનો આત્મા પાપથી વિમુખ બને તે પ્રકારના સંવરભાવની વૃદ્ધિ થાય. **॥૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું છે કે જે રીતે સંવરની વૃદ્ધિ થાય તે રીતે બધાં દુષ્કૃતોની નિંદા કરવી જોઈએ. તેથી હવે દુષ્કૃતોની નિંદા બતાવે છે –**

**ગાથા :-**

**ઈહભવ પરભવ આચર્યાં, પાપ-અધિકરણ મિથ્યાત રે;**
**જે જિનાશાતનાદિક ઘણાં, નિંદિએ તેહ ગુણ-ઘાત રે. ચે૦ ૧૦**

**ગાથાર્થ :-**

**આ ભવ અને પરભવમાં પાપનાં અધિકરણો અને મિથ્યાત્વ જે આચર્યાં અને જે ઘણાં જિનાશાતનાદિક કર્યાં હોય તે ગુણના ઘાતને કરનારા પાપોની નિંદા કરીએ. ॥૧૦॥**

**ભાવાર્થ :-**

પાપવૃત્તિ પ્રત્યે જુગુપ્સા કરવા માટે પોતે આ ભવમાં જે પાપની પ્રવૃત્તિરૂપ પાપનાં અધિકરણો આચર્યાં હોય અને જે મિથ્યાત્વને સેવ્યું હોય તેની નિંદા કરવી જોઈએ અને અનાભોગાદિથી જે જિનની આશાતના, સુસાધુની આશાતના કે જિનાગમની આશાતના થઈ હોય તે સર્વનું સ્મરણ કરીને વિચારવું જોઈએ કે આ સર્વ આશાતના ગુણના ઘાતને કરનારી છે. માટે તેના પ્રત્યે અત્યંત જુગુપ્સા થાય તે રીતે તેની નિંદા કરવી જોઈએ. આ પ્રકારે અત્યંત ઉપયોગપૂર્વક ભાવન કરવામાં આવે તો આત્મામાં પાપથી વિમુખ ભાવના સંસ્કારો આધાન થાય છે. **॥૧૦॥**

**ગાથા :-**

**ગુરુ તણાં વચન તે અવગણી, ગૂંથિયા આપ મત-જાલ રે;**
**બહુ પરે લોકને ભોલવ્યા, નિંદિએ તેહ જંજાલ રે. ચે૦ ૧૧**

**ગાથાર્થ :-**

**ગુરુના વચનની અવગણના કરીને જે પોતાના મતનાં જાળાં ગૂંથ્યાં અને ઘણા પ્રકારે લોકોને ભોળવ્યા તે જંજાળની નિંદા કરવી જોઈએ. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

ધર્મમાં પ્રસ્થિત જીવો સર્વજ્ઞના વચનાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે છે અને સર્વજ્ઞના વચનનો પરમાર્થ ગીતાર્થ ગુરુ પાસેથી પ્રાપ્ત થાય છે. આમ છતાં ચિત્તની વક્રતાને કારણે ગુણવાન એવા ગુરુના વચનને અવગણીને શાસ્ત્રના પદાર્થોને પણ સ્વમતિ અનુસાર જોડ્યા હોય તે પ્રવૃત્તિ જિનમતની આશાતના સ્વરૂપ હોવાથી દીર્ઘ સંસારના પરિભ્રમણનું કારણ છે. અને તેવી પ્રવૃત્તિ આ ભવમાં કે પરભવમાં જાણતાં કે અજાણતાં થયેલી હોય તેના પ્રત્યે અત્યંત દ્વેષ થાય તે રીતે તેની નિંદા કરવાથી તે વક્ર અધ્યવસાય દૂર થાય છે અને તે દ્વારા બંધાયેલાં પાપો નાશ પામે છે. તેથી ઉપયોગપૂર્વક તે ભાવો પ્રત્યે જુગુપ્સા થાય તેવા યત્ન કરવો જોઈએ.

વળી, સાધુપણું લઈને પોતાના પ્રત્યે લોકોને આકર્ષવા બહુ પ્રકારના વિપરીત ઉપદેશ આપ્યા હોય અને લોકોને ભોળવ્યા હોય તે સર્વ મોહના ભાવોના જંજાળની નિંદા કરીએ. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**ગાથા દસમાં આ ભવની અને પરભવની પાપપ્રવૃત્તિની સામાન્યથી નિંદા કરી અને તેમાં પણ જિનાશાતનાદિની વિશેષથી નિંદા કરી. ત્યારપછી ધર્મના ક્ષેત્રમાં આવ્યા પછી પણ સ્વમતિ અનુસાર પ્રવૃત્તિ કરવાથી દીર્ઘ**

સંસારના કારણીભૂત પાપોની નિંદા ગાથા અગ્યારમાં કરી. હવે ત્રણ ગાથાથી અઢાર પાપસ્થાનકોની નિંદા કરે છે –

**ગાથા :–**

**જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;**
**જેહ પરધન હરી હરખિયા, કીધલો કામ–ઉનમાદ રે. ચે૦ ૧૨**

**ગાથાર્થ :–**

**જે આકરી હિંસા કરી હોય, જેહ મૃષાવાદ બોલ્યા હોય, જે પરધનને હરીને હરખ્યા હોય અને કામનો ઉન્માદ કર્યો હોય તેની નિંદા કરીએ. ॥૧૨॥**

**ભાવાર્થ :–**

જીવને બાહ્ય પદાર્થોના આકર્ષણને કારણે આરંભ-સમારંભની મનોવૃત્તિ થાય છે અને અતિમોહને કારણે મહાઆરંભાદિની પ્રવૃત્તિ થાય છે જે આકરી હિંસા છે. તેવી આકરી હિંસાની નિંદા કરવાથી આરંભ-સમારંભથી વિમુખ ભાવ થાય છે. વળી મોહને વશ થઈને જે મૃષાવાદ બોલ્યા હોય, લોભને વશ થઈને બીજાનું ધન હરણ કર્યું હોય અને કામને પરવશ થઈને જે-તે પ્રવૃત્તિ કરી હોય તે સર્વની હું નિંદા કરું છું, એ પ્રકારે સૂક્ષ્મ ઉપયોગપૂર્વક ભાવન કરવું જોઈએ. જેથી ચિત્ત તે ભાવોથી વિમુખ થાય છે. આ રીતે પ્રથમનાં ચાર મહાવ્રતો વિષયક કે પ્રથમનાં ચાર અણુવ્રતો વિષયક વિપરીત પ્રવૃત્તિ કરી હોય તેની નિંદા કરીને વ્રતના પરિણામને સ્થિર કરવા માટે ઉદ્યમ કરવો જોઈએ. ॥૧૨॥

**ગાથા :–**

**જેહ ધન–ધાન્ય મૂર્ચ્છા ધરી, સેવિયા ચાર કષાય રે;**
**રાગને દ્વેષને વશ હુઆ, જે કીયા કલહ–ઉપાય રે. ચે૦ ૧૩**

**ગાથાર્થ :–**

**ધન-ધાન્યની જે મૂર્ચ્છા ધરી, ચાર કષાયોને સેવ્યા, વળી રાગ-**

**દ્વેષને વશ થયા અને કલહને કરાવે તેવાં કૃત્યો કર્યાં તેની નિંદા કરવી જોઈએ એમ ગાથા પંદર સાથે સંબંધ છે. ॥૧૩॥**

**ભાવાર્થ :–**

પૂર્વગાથામાં ચાર મહાવ્રતો કે અણુવ્રતો વિષયક વિપરીત સેવન કર્યું હોય તેની નિંદા કરી. હવે પાંચમા મહાવ્રતમાં કે પાંચમા અણુવ્રતમાં જે વિપરીત સેવનરૂપ ધન-ધાન્યની મૂર્ચ્છા કરી તેની નિંદા કરવી જોઈએ. તેથી એ ફલિત થાય કે જે શ્રાવક શક્તિ અનુસાર ધન-ધાન્યનો સંકોચ કરીને બાહ્ય પદાર્થોની મૂર્ચ્છા ઉતારવાનો પ્રયત્ન કરે છે અને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે તેની પ્રવૃત્તિ પ્રશંસનીય છે તેના બદલે ધન-ધાન્યની મૂર્ચ્છા ધરી હોય અને સર્વવિરતિને અનુકૂળ શક્તિ-સંચય કરવા યત્ન ન કર્યા હોય, તેની નિંદા કરવી જોઈએ. વળી યોગમાર્ગને અનુકૂળ પ્રશસ્ત ભાવોને છોડીને, બાહ્ય પદાર્થોને અવલંબીને ચાર કષાયો સેવ્યા હોય અને રાગદ્વેષને વશ થયા હોય તેની નિંદા કરવી જોઈએ. વળી, ઉપશમ ભાવને છોડીને સંસારના ક્ષેત્રમાં કે ધર્મના ક્ષેત્રમાં જે કલહનાં કૃત્યો કર્યાં હોય તેની નિંદા કરવી જોઈએ. **॥૧૩॥**

**ગાથા :–**

**જૂઠ જે આલ પરને દિયાં, જે કર્યાં પિશુનતા પાપ રે;**
**રતિ અરતિ નિંદ માયા મૃષા, વલિય મિથ્યાત્વ-સંતાપ રે. ચે૦ ૧૪**

**ગાથાર્થ :–**

**પરને જે જૂઠ આળ આપ્યાં હોય=કલંક આપ્યાં હોય, વળી જે પિશુનતા પાપ=બીજાની ચાડી ખાવારૂપ પાપ, કર્યું હોય. વળી, ઈષ્ટ પદાર્થમાં રતિ, અનિષ્ટમાં અરતિ કરી હોય, વળી બીજાની નિંદા કરી હોય, કે માયામૃષાવાદ કર્યો હોય, વળી મિથ્યાત્વનો સંતાપ કર્યો હોય તે સર્વની નિંદા કરવી જોઈએ. ॥૧૪॥**

**ભાવાર્થ :–**

સંસારના ક્ષેત્રમાં અનાદિના મોહને કારણે પોતાનું આધિક્ય બતાવવા માટે

બીજા ઉપર ખોટાં કલંકો લગાવ્યાં હોય તેવાં કોઈ પાપો પોતે સેવ્યાં હોય તેની હું નિંદા કરું છું. વળી બીજાનો કોઈ સાચો દોષ કે ખોટો દોષ પ્રકાશન કરીને જે પિશુનતા કરી હોય તેની નિંદા કરું છું. વળી, ઇષ્ટ પદાર્થો પ્રાપ્ત કરીને રતિ કરીને અને અનિષ્ટ પદાર્થો પ્રાપ્ત કરીને અરતિ કરીને જે મારા સ્વભાવની વિકૃતિ કરી હોય તેની હું નિંદા કરું છું. આ પ્રકારે અત્યંત ઉપયોગપૂર્વક બોલવાથી નિમિત્તોને પામીને રતિ-અરતિના પરિણામો કરવાની જીવની સહજ પ્રકૃત્તિ છે તે દૂર થાય છે અને આત્માના ગુણોના વિકાસને અનુકૂળ એવાં ઉચિત કૃત્યોમાં રતિ કરવાનો પરિણામ થાય છે અને ઉચિત કૃત્યોમાં કરાયેલા પ્રમાદમાં અરતિ કરવાનો પરિણામ થાય છે. વળી, પરના યથાર્થ દોષો કે નિરર્થક કલ્પિત દોષોનો વિચાર કરીને તેની નિંદા પોતે કરી હોય તે નિંદા પ્રત્યે જુગુપ્સા કરવા માટે તેની નિંદા કરું છું. જેથી પોતાના દોષો પ્રત્યેનો નિંદાનો ભાવ પ્રગટે અને પરની નિંદાનો મલિન ભાવ નાશ પામે. વળી લોભાદિને વશ થઈને માયા-મૃષાવાદ સેવ્યા હોય તેની નિંદા કરું છું. વળી ભગવાનના વચનમાં સ્થિર રુચિ રાખીને શક્તિ અનુસાર જિનવચનને જાણવા માટે અને જીવનમાં ઉતારવા માટે યત્ન કર્યો ન હોય તે રૂપ મિથ્યાત્વના સંતાપની નિંદા કરું છું. આ પ્રકારની નિંદા કરવાથી જિનવચનને જાણવા માટેનો અને જાણીને જીવનમાં ઉતારવા માટેનો ઉદ્યમ ઉલ્લસિત થાય છે. જેથી સર્વ હિતની પરંપરા પ્રગટે છે. **॥૧૪॥**

**ગાથા :-**

**પાપ જે એહવાં સેવીયાં, તેહ નિંદિએ ત્રિહું કાલ રે;**
**સુકૃત અનુમોદના કીજિએ, જિમ હોયે કર્મ વિસરાલ રે. ચે૦ ૧૫**

**ગાથાર્થ :-**

**આવાં જે પાપ સેવ્યાં=ગાથા દસથી ચૌદ સુધીમાં બતાવ્યાં એવાં પાપ જે મેં સેવ્યાં હોય, તે ત્રિહું કાળ નિંદીએ=તેની ત્રણે કાળ હું નિંદા કરું છું=સવારમાં, મધ્યાહ્ન કાળમાં અને સંધ્યા કાળે હું નિંદા કરું છું. વળી સુકૃતની અનુમોદના કરવી જોઈએ, જેમ કર્મ વિસરાળ થાય= સુકૃતનાં અવરોધક કર્મો નાશ પામે. ॥૧૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કર્યાં એવાં પાપો આ ભવમાં કે પરભવમાં પોતે સેવ્યાં હોય તેનાથી આત્મા ઉપર પાપના સંસ્કારો આધાન થયેલા હોય તે સંસ્કારોનો નાશ કરવા ત્રણે કાલ સવાર, બપોર અને સાંજે તેની નિંદા કરવામાં આવે તો દિવસ દરમ્યાન સતત તે પાપ પ્રત્યેનો જુગુપ્સા ભાવ રહે છે અને આ રીતે પ્રતિદિન પાપની જુગુપ્સા કરવાથી પાપથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરવી સુકર બને તેવી શક્તિનું આધાન થાય છે. તે પાપની અત્યંત નિંદા કર્યા પછી આત્મામાં સુકૃતના સેવનનો પરિણામ પ્રગટ કરવા અર્થે સુકૃતની અનુમોદના કરવી જોઈએ. જેથી સુકૃત-સેવનનાં પ્રતિબંધક કર્મો નાશ પામે અને પોતાનો આત્મા સુકૃત સેવીને સંસાર-સાગરથી તરે. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**તીર્થંકરના તીર્થંકરભાવની અનુમોદનાનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**વિશ્વ ઉપકાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે;**
**તેહ ગુણ તાસ અનુમોદીએ, પુણ્ય-અનુબંધ શુભયોગ રે. ચે૦ ૧૬**

**ગાથાર્થ :-**

**સાર એવા જિનનામના=શ્રેષ્ઠ એવા તીર્થંકરનામકર્મના, સંયોગથી જિન=તીર્થંકર, જે વિશ્વનો ઉપકાર કરે છે=જગતના જીવોનો ઉપકાર કરે છે, તેમનો તે ગુણ અનુમોદીએ જેના કારણે પુણ્યના અનુબંધનો શુભયોગ થાય. ॥૧૬॥**

**ભાવાર્થ :-**

શ્રેષ્ઠ એવા જિનનામકર્મના ઉદયને કારણે તીર્થંકરો સન્માર્ગનું સ્થાપન કરીને જગતના જીવો ઉપર મહાઉપકાર કરી રહ્યા છે અને તેમના તે ગુણનું સ્મરણ કરીને તે સુકૃતની અનુમોદના કરવાથી તીર્થંકરના જગત-ઉપકારકતાના ગુણ પ્રત્યે આત્માને અત્યંત પક્ષપાત થાય છે. જેના કારણે પુણ્યાનુબંધીપુણ્ય

બંધાય છે અને તે પુણ્યાનુબંધીપુણ્યના શુભયોગથી પોતાને કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. માટે દૃઢ પ્રણિધાનપૂર્વક જિનના સ્વરૂપને ઉપસ્થિત કરીને તીર્થંકરનું સ્વરૂપ ચિત્તમાં અત્યંત ઉપસ્થિત થાય તે રીતે અનુમોદના કરવી જોઈએ. **॥૧૬॥**

**અવતરણિકા :-**

**સિદ્ધભગવંતના સિદ્ધભાવની અને આચાર્યના આચાર્યભાવની અનુમોદનાનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઊપની જેહ રે;**
**જેહ આચાર આચાર્યનો, ચરણવન સિંચવા મેહ રે. ચે૦ ૧૭**

**ગાથાર્થ :-**

**કર્મના ક્ષય થકી જે સિદ્ધભગવંતની સિદ્ધતા ઉત્પન્ન થઈ અને આચાર્યનો ચરણરૂપી વનને સિંચવા માટે મેહ જેવો જે આચાર છે તેમનો તે ગુણ અનુમોદીએ. જેનાથી પુણ્યના અનુબંધનો શુભયોગ થાય એમ ગાથા સોળના ઉત્તરાર્ધ સાથે સંબંધ છે. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

સિદ્ધના જીવોએ યોગમાર્ગને સેવીને કર્મબંધના કારણીભૂત મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગનો નાશ કરીને સર્વ કર્મનો ક્ષય કર્યો છે. તેથી કેવળજ્ઞાન, કેવળદર્શનમય અને સર્વ કર્મરહિત એવી આત્માની શુદ્ધ અવસ્થારૂપ સિદ્ધતા ઉત્પન્ન થઈ છે અને તેમનો તે ગુણ યાદ કરીને અનુમોદના કરવામાં આવે તો પુણાયનુબંધીપુણ્યનો શુભયોગ થાય છે. જેનાથી પોતાને પણ સર્વ કર્મના ક્ષયના કારણભૂત એવા યોગમાર્ગની પ્રાપ્તિની પરંપરા થાય છે. વળી, યોગ્ય જીવોને ઉત્તમ આચારો સેવવામાં આચાર્ય ભગવંત પ્રબળ કારણ બને છે. તેથી તે મહાત્મા ચારિત્રરૂપી વનને સિંચન કરવામાં મેઘ જેવા ઉત્તમ આચારો સ્વયં સેવે છે અને બીજાને સેવવામાં પ્રબળ નિમિત્ત કારણ બને છે. આ પ્રકારે આચાર્યના તે ગુણની અનુમોદના કરવાથી તે ઉત્તમ ગુણના પક્ષપાતથી

પુણ્યાનુબંધીપુણ્યનો શુભયોગ પ્રાપ્ત થાય છે. માટે દૃઢ પ્રણિધાનપૂર્વક સિદ્ધના અને આચાર્યના ગુણોનું સ્મરણ કરીને તેની અત્યંત અનુમોદના કરવી જોઈએ. ॥૧૭॥

**અવતરણિકા :-**

**ઉપાધ્યાયના ઉપાધ્યાયભાવની અને સાધુના સાધુભાવની અનુમોદનાનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**જેહ ઉવઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે;**
**સાધુની જેહ વલી સાધુતા, મૂલ ઉત્તર ગુણ-ધામ રે. ચે૦ ૧૮**

**ગાથાર્થ :-**

**સૂત્રના સ્વાધ્યાયના પરિણામરૂપ સુંદર ગુણ ઉપાધ્યાયનો છે. વળી, મૂળગુણ ઉત્તરગુણના સ્થાનરૂપ સાધુની જે સાધુતા છે તેમનો તે ગુણ અનુમોદીએ જેથી પુણ્યના અનુબંધનો શુભયોગ થાય એમ ગાથા સોળ સાથે સંબંધ છે. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

ઉપાધ્યાય ભગવંતો શાસ્ત્રોના પારગામી હોય છે અને સૂત્રોનું પરાવર્તન કરીને આત્માને ભાવિત કરે છે અને યોગ્ય જીવોને સૂત્રનું પ્રદાન કરીને સંયમયોગમાં પ્રવર્તાવવા માટે પ્રબળ નિમિત્ત કારણ બને છે. તેમના તે સુંદર ગુણની અનુમોદના કરીએ. જેથી તે ગુણ પ્રત્યેનો પક્ષપાત વૃદ્ધિ પામે જેનાથી પુણ્યાનુબંધીપુણ્યનો શુભયોગ થાય. વળી સાધુ ભગવંતો પાંચ મહાવ્રતરૂપ મૂળગુણ અને પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદિરૂપ ઉત્તરગુણને ધારણ કરનારા છે અને તે મૂળગુણને અને ઉત્તરગુણને સુરક્ષિત રાખવા અર્થે ભગવાનનું વચન સ્મરણ કરીને સર્વ ઉચિત આચારો સતત સેવે છે તે તેઓની સાધુતા છે અર્થાત્ ઉત્તમ આચારોના સેવનરૂપ સુંદરતા છે. તે ગુણની અનુમોદના કરીએ જેથી તે સાધુતા પ્રત્યેના પક્ષપાતથી પુણ્યાનુબંધીપુણ્યના ઉદય દ્વારા પોતાને પણ તેવી સાધુતા શીઘ્ર પ્રાપ્ત થાય. માટે વારંવાર ઉપાધ્યાયના અને સુસાધુના ગુણોનું

સ્મરણ કરીને તેવા ગુણો પ્રત્યે અત્યંત પક્ષપાત થાય તે રીતે અનુમોદના કરવી જોઈએ. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**શ્રાવકના શ્રાવક ભાવની અને સમ્યગ્દષ્ટિના સમ્યક્ત્વની અનુમોદનાનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**જેહ વિરતિ દેશ શ્રાવક તણી, જે સમકિત સદાચાર રે;**
**સમકિતદૃષ્ટિ સુરનર તણો, તેહ અનુમોદિએ સાર રે. ચે૦ ૧૯**

**ગાથાર્થ :-**

**શ્રાવકની જે દેશવિરતિ છે અને સમ્યગ્દષ્ટિ એવા સુર અને નર તણો જે સમકિતનો સદાચાર છે તેહની અનુમોદના સાર છે=તેની અનુમોદના સુંદર છે. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

સુસાધુ થવાના અત્યંત અર્થી એવા શ્રાવકો સુસાધુ જેવા મહાવીર્યના સંચય અર્થે દેશથી પાપનો વિરામ કરીને સદા સર્વવિરતિના ઉત્તમ આચારોનું શ્રવણ કરે છે અને તેનાથી પોતાના આત્માને ભાવિત કરે છે અને શક્તિ અનુસાર દેશવિરતિનું પાલન કરીને ઉત્તરોતર ચારિત્ર ગુણની વૃદ્ધિ કરે છે. શ્રાવકમાં વર્તતા તે દેશવિરતિ ગુણની અનુમોદના કરવી જોઈએ. જેથી ગુણવાન શ્રાવકમાં વર્તતા ઉત્તમ ગુણોનો પક્ષપાત થાય. વળી, સમ્યગ્દષ્ટિ એવા દેવો અને મનુષ્યો જે સમકિતના સદાચારોને સેવે છે અર્થાત્ શક્તિ અનુસાર યોગમાર્ગને સ્પર્શનારાં સત્શાસ્ત્રો ભણે છે, લોકોત્તમ પુરુષ એવા ભગવાનની ભક્તિ કરે છે અને સુસાધુના પરિચયમાં રહીને અને તેમની ભક્તિ કરીને સુસાધુપણાની શક્તિનો સંચય કરે છે. તેઓના સમ્યક્ત્વના આચારની અનુમોદના કરીએ, જેથી પોતાનામાં સમ્યક્ત્વ ન હોય તો પ્રગટ થાય અને સમ્યક્ત્વ પ્રગટ થયેલું હોય તો સ્થિરભાવને પામે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**અન્ય દર્શનમાં રહેલા અપુનર્બંધક જીવોમાં પણ જે મોક્ષને અનુકૂળ ગુણ છે તેની અનુમોદના કરે છે –**

**ગાથા :-**

**અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિન-વચન અનુસાર રે;**
**સર્વ તે ચિત્ત અનુમોદિએ, સમકિત-બીજ નિરધાર રે. ચે૦ ૨૦**

**ગાથાર્થ :-**

**અન્યમાં પણ જે સમકિત બીજનો નિરધાર=સમકિતનું નક્કી કારણ, એવો જિનવચનાનુસાર દયાદિ ગુણ છે તે સર્વ ચિત્તથી અનુમોદીએ. ||૨૦||**

**ભાવાર્થ :-**

અન્ય દર્શનમાં રહેલા અને જૈનદર્શનમાં પણ રહેલા એવા અપુનર્બંધક જે જીવો છે, તેઓ ભદ્રક પ્રકૃતિથી દયાદિ ઉચિત ગુણોને ધારણ કરે છે, જે ગુણો સમકિતની પ્રાપ્તિનું નક્કી કારણ છે અને તે સર્વ ગુણો જિનવચનાનુસાર છે તે સર્વ ગુણોની ચિત્તથી અનુમોદના કરવી જોઈએ. જેથી મોક્ષમાર્ગને અનુકૂળ એવા અલ્પ પણ ગુણમાં પક્ષપાત પ્રગટે.

અહીં વિશેષ એ છે કે અન્ય દર્શનમાં પણ જિનવચનના ઉપદેશમાંથી તે-તે નયની દેશના પ્રવર્તે છે અને તે તે નયને અવલંબીને યમ-નિયમાદિની આચરણાઓનો અન્ય દર્શનવાળા પણ ઉપદેશ આપે છે. અને જે ભદ્રક પ્રકૃતિવાળા જીવો છે અને અન્ય દર્શનને પ્રાપ્ત કરીને તે દર્શનમાં રહેલા યમ-નિયમાદિની આચરણાઓ પાળે છે. જેનાથી તેઓમાં કલ્યાણનું કારણ બને એવા યોગમાર્ગના સેવનરૂપ દયાદિ ગુણો પ્રગટે છે. તે સર્વ યમ-નિયમની સ્થૂલ આચરણા જિનવચનાનુસાર છે અને તેને સેવીને તે જીવો ક્રમે કરીને નક્કી સમ્યગ્દર્શન પામે છે. જેમ ભદ્રક પ્રકૃતિવાળા તામલીતાપસે તાપસ ધર્મ સેવીને ઇન્દ્રપણાની પ્રાપ્તિ કરી ત્યારે સમ્યક્ત્વ ગુણ પ્રગટ થયો. તેથી તેવા જિનવચનાનુસાર ગુણોની ચિત્તથી અનુમોદના કરવી જોઈએ. ગાથામાં 'અન્યમાં પણ' કહ્યું ત્યાં 'પણ' શબ્દથી જૈનદર્શનમાં રહેલા અપુનર્બંધકના દયાદિ ગુણોનું ગ્રહણ છે. **||૨૦||**

**અવતરણિકા :-**

**વળી, અપુનર્બંધક જીવોમાં અન્ય જે ગુણો છે તેને ઉપસ્થિત કરીને અનુમોદના કરે છે –**

**ગાથા :-**

**પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ-રાગ રે;**
**ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે. ચે૦ ૨૧**

**ગાથાર્થ :-**

**તીવ્ર ભાવથી પાપ નવિ કરે, અને જેહને ભવનો રાગ નથી=ભવથી અતીત અવસ્થા પ્રત્યે પક્ષપાત વર્તે છે તેથી ભવનો રાગ નથી અને જે સદા ઉચિત સ્થિતિને સેવે છે=પ્રથમ ભૂમિકાના ઉચિત આચારોને સેવે છે, તેની અનુમોદના કરવી જોઈએ. ॥૨૧॥**

**ભાવાર્થ :-**

કોઈ પણ દર્શનમાં રહેલા અપુનર્બંધક જીવોને સંસારના ભોગોમાં તીવ્ર રાગ હોતો નથી. માટે જ તેઓ મોક્ષને અનુકૂળ કંઈક ઉચિંત પ્રવૃત્તિ કરનારા બને છે. આવા ભદ્રક પ્રકૃતિવાળા અપુનર્બંધક જીવોને સંસારના આરંભ-સમારંભમાં પણ પાપનો તીવ્ર ભાવ થતો નથી પરંતુ તે પાપને “આ સારી પ્રવૃત્તિ નથી” તે સ્વરૂપે જોનારા થયા છે અને સંસારથી પર અવસ્થારૂપ મોક્ષનું સ્વરૂપ સાંભળવા મળે તો તે સાંભળીને તેમને પ્રીતિ થાય છે તેવા જીવો સંસારમાં પણ પોતાની ભૂમિકા અનુસાર ઉચિત સ્થિતિને સેવનારા હોય છે. તેમની તે સર્વ ઉચિત પ્રવૃત્તિની અનુમોદના કરવી જોઈએ. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**સુકૃતની અનુમોદના કઈ રીતે કરવી જોઈએ તે અત્યાર સુધી બતાવ્યું. હવે આત્માને કલ્યાણ માર્ગે પ્રવર્તાવવા માટે અન્ય શું કરવું જોઈએ તે બતાવે છે –**

**ગાથા :-**

**થોડલો પણ ગુણ પરતણો, સાંભલી હર્ષ મન આણ રે;**
**દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજ આતમા જાણ રે. ચે૦ ૨૨**

**ગાથાર્થ :-**

**બીજાનો થોડો પણ મોક્ષમાર્ગને અનુકૂળ ગુણ દેખાય તો સાંભળીને મનમાં હર્ષને આણ=મનમાં તું હર્ષને લાવ, નિજ દોષ લવ પણ દેખતાં=પોતાનો અલ્પ પણ દોષ જોતાં, પોતાનો આત્મા નિર્ગુણ છે તેમ તું જાણ. ॥૨૨॥**

**ભાવાર્થ :-**

પોતાના આત્મામાં ગુણો પ્રત્યેનો પક્ષપાત નિષ્પન્ન કરવા અર્થે અને પોતાના આત્મામાં વર્તતા દોષો પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે માર્ગાનુસારી વિચારણા કઈ રીતે કરવી જોઈએ તે બતાવે છે.

કોઈપણ જીવ કર્મને વશ ઘણા દોષોવાળો હોય છતાં મોક્ષમાર્ગનું કારણ બને તેવો અલ્પ પણ ગુણ તેનામાં દેખાય તો તે ગુણને જોઈને મનમાં હર્ષ પામવું જોઈએ અને વિચારવું જોઈએ કે 'આ મહાત્માને આ ગુણની પ્રાપ્તિ થઈ છે તેથી તે ધન્ય છે'. આ પ્રકારની દૃષ્ટિ કેળવવાથી પરમાં રહેલી દોષવાળી અવસ્થામાં પણ માર્ગાનુસારી ગુણને જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટે છે.

વળી, જીવનો સ્વભાવ છે કે પોતાનામાં ઘણા દોષો હોય તોપણ તે દેખાય નહિ, પરંતુ પોતે શું ઉચિત ધર્માનુષ્ઠાન સેવે છે કે ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તે પોતાને દેખાય અને તે પ્રવૃત્તિને કારણે પોતે ગુણસંપન્ન છે તેમ માને તેથી પોતાનામાં રહેલા દોષો પોતાના વિનાશનું કારણ બને છે, તે પોતાને દેખાતું નથી. આથી જ ધર્માનુષ્ઠાન સેવીને પણ લોકો તરફથી મળતાં માન-સન્માનાદિના હર્ષને પ્રાપ્ત કરીને પોતાનું તે ધર્માનુષ્ઠાન નિષ્ફળ પ્રાયઃ કરે છે તે પણ તેને દેખાતુ નથી. આ પ્રકારની વિપરીત બુદ્ધિના નાશના અર્થે પોતાનામાં નાનો પણ દોષ દેખાય ત્યારે વિચારવું જોઈએ કે 'ધર્મના પરમાર્થને જાણવા છતાં આ દોષ મારામાંથી જતો નથી એ બતાવે છે કે મારો આત્મા નિર્ગુણ છે'. આ

પ્રકારે માર્ગાનુસારી અવલોકન કરવાથી આત્મામાં વર્તતા દોષો શિથિલ બને છે અને સદાનુષ્ઠાનનું સેવન ગુણવૃદ્ધિનું કારણ બને છે. અન્યથા તુચ્છ સ્વભાવને કારણે સુંદર પણ અનુષ્ઠાન અલ્પ ફળવાળું બને છે. માટે પોતાનામાં વર્તતા નાના પણ દોષને અત્યંત મહત્ત્વ આપીને તેની નિંદા કરવી જોઈએ. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**અત્યાર સુધી દોષોથી દૂર થવા અને ગુણોને અભિમુખ ભાવ કરવા આત્માએ શું કરવું જોઈએ તે બતાવ્યું. હવે તે કર્યા પછી શુદ્ધનયથી ભાવન કરવું જોઈએ. જેથી આત્મા શીઘ્ર સંસારથી પાર પામે તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**ઉચિત વ્યવહાર અવલંબને, ઈમ કરી સ્થિર પરિણામ રે;**
**ભાવિયે શુદ્ધ નય ભાવના, પાવનાશાય તણું ઠામ રે. ચે૦ ૨૩**

**ગાથાર્થ :-**

**ઈમ=ગાથા એકથી અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, ઉચિત વ્યવહારના અવલંબનથી સ્થિર પરિણામ કરીને=યોગમાર્ગને અનુકૂળ દૃઢ ઉદ્યમ થાય તેવો સ્થિર પરિણામ કરીને, શુદ્ધનયની ભાવના ભાવવી જોઈએ. જે શુદ્ધનયની ભાવના પાવન આશય તણું સ્થાન છે=પવિત્ર આશયનું સ્થાન છે. ॥૨૩॥**

**ભાવાર્થ :-**

ગાથા એકથી અત્યાર સુધી આત્માને તત્ત્વથી કઈ રીતે ભાવિત કરવો જોઈએ, દોષો પ્રત્યે કઈ રીતે જુગુપ્સા કરવી જોઈએ, ગુણોનો પક્ષપાત કઈ રીતે કેળવવો જોઈએ ઇત્યાદિ બતાવ્યું. એ રીતે ઉચિત વ્યવહારનું અવલંબન લઈને પોતાના આત્મામાં સ્થિર પરિણામ કરવો જોઈએ. જેથી પૂર્વમાં વર્ણન કરાયેલા ભાવોથી પોતાનો આત્મા માર્ગાનુસારી પરિણામવાળો બને અને ત્યારપછી પોતાના પવિત્ર આશયનું સ્થાન શુદ્ધનયની ભાવના ભાવવી જોઈએ જેથી પોતાનો આત્મા, આત્માની શુદ્ધ અવસ્થાનો અત્યંત પક્ષપાતી બને. **॥૨૩॥**

**અવતરણિકા :-**

હવે, શુદ્ધનયની ભાવનાનું સ્વરૂપ બતાવે છે –

**ગાથા :-**

**દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;**
**અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સરૂપ રે. ચે૦ ૨૪**

**ગાથાર્થ :-**

**દેહ પુદ્ગલ થકી, મન પુદ્ગલ થકી, વચન પુદ્ગલ થકી અને કર્મથી ભિન્ન એવું તારુ રૂપ છે. વળી અક્ષય=ક્ષય ન પામે તેવું, અકલંક= કોઈ જાતના કલંક રહિત, જીવનું જ્ઞાનમય, આનંદમય સ્વરૂપ છે. ||૨૪||**

**ભાવાર્થ :-**

સંસારમાં દેહ, મન અને વચનના પુદ્ગલોથી અને તે-તે કૃત્યો કરવા રૂપ કર્મથી પોતાના આત્માની પ્રતીતિ થાય છે. પરંતુ શુદ્ધનયની દૃષ્ટિ શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને બતાવનાર છે, તે દૃષ્ટિથી વિચારીએ તો આત્માની સાથે એક ક્ષેત્રમાં અણુતણુની જેમ વણાયેલા દેહાદિ પુદ્ગલથી આત્મા ભિન્ન છે; કેમ કે પુદ્ગલદ્રવ્ય અને આત્મદ્રવ્ય બે જુદાં દ્રવ્યો છે. આમ છતાં પુદ્ગલદ્રવ્ય અને આત્મદ્રવ્ય પરસ્પર સંયોગ પામીને પણ પુદ્ગલદ્રવ્ય આત્મારૂપે બનતું નથી અને આત્મદ્રવ્ય પુદ્ગલ રૂપે બનતું નથી, પરંતુ બન્ને દ્રવ્યો પોતપોતાના સ્વરૂપે એક ક્ષેત્રમાં રહેલાં છે. આ પ્રકારે બુદ્ધિ રૂપી ચક્ષુ વડે જોવાથી દેહના, મનના કે વચનના પુદ્ગલથી અને તે-તે પુદ્ગલને અવલંબીને કરાતી ક્રિયાથી ભિન્ન એવું પોતાનું સ્વરૂપ છે એ પ્રકારે ઉપસ્થિતિ થાય છે. આવી ઉપસ્થિતિ થયા પછી, તેનું પુનઃ પુનઃ ભાવન કરવાથી શુદ્ધ આત્માને જોવાને અનુકૂળ પ્રજ્ઞાના અંશો પ્રગટે છે જે ઉત્તરોત્તર વૃદ્ધિને પામીને વીતરાગભાવનું કારણ બનશે.

વળી, તે આત્મા ક્યારેય ક્ષય પામતો નથી. દેહને કારણે જ પોતે વૃદ્ધ થાય છે અને પોતે મૃત્યુ પામે છે ઇત્યાદિ પ્રતીતિ છે. આત્મા તો અસંખ્યાત પ્રદેશરૂપ અખંડદ્રવ્ય છે અને તેનો એક પણ પ્રદેશ આત્મામાંથી ક્ષય પામતો નથી.

વળી આત્મા કર્મરૂપી કાદવથી સંસારમાં કલંકિત દેખાય છે તો પણ શુદ્ધનયની દૃષ્ટિથી જીવનું સ્વરૂપ અકલંક છે.

વળી સંસારવર્તી જીવો પુદ્ગલમાંથી આનંદ લેવાના સ્વરૂપવાળા દેખાય છે તોપણ શુદ્ધનયની દૃષ્ટિથી આત્મા મોહની આકુળતા વગરના જ્ઞાનના આનંદ સ્વરૂપ છે.

આ પ્રકારે શુદ્ધનયનું ભાવન કરવાથી પોતાના પારમાર્થિક શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય છે જેથી પોતાનો પવિત્ર આશય પ્રગટે છે અર્થાત્ તેવા શુદ્ધ આત્માને પ્રગટ કરવાનો ઉત્તમ ભાવ પ્રગટે છે. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**વળી શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધઆત્માનું અંતરંગ પારમાર્થિક સ્વરૂપ કેવું છે તે સ્પષ્ટ કરતાં કહે છે –**

**ગાથા :-**

**કર્મથી કલ્પના ઉપજે, પવનથી જેમ જલધિ-વેલ રે;**
**રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે. ચે૦ ૨૫**

**ગાથાર્થ :-**

**કર્મથી=મોહનીય કર્મના ઉદયથી, કલ્પના ઉત્પન્ન થાય છે=આ ઈષ્ટ છે, આ અનિષ્ટ છે ઈત્યાદિ કલ્પનાઓ ઉત્પન્ન થાય છે, જેમ પવનથી સમુદ્રમાં વેલ ઉપન્ન થાય છે=ભરતીની વેળા ઉત્પન્ન થાય છે. દૃષ્ટિના=જ્ઞાનના, સ્થિર મેલને જોતાં=સ્થિર પરિણામને જોતાં, આપણું સહજ રૂપ પ્રગટે. ॥૨૫॥**

**ભાવાર્થ :-**

શુદ્ધનયથી આત્મા કેવળજ્ઞાન-કેવળદર્શન સ્વરૂપ છે અને તે કેવળજ્ઞાનમાં વર્તતું જ્ઞાન સ્થિર સમુદ્ર જેવું છે, પરંતુ સમુદ્રમાં ઊઠતા તરંગો કે મોજાં જેવું નથી. આમ છતાં કર્મથી આવૃત થયેલું એવું કેવળજ્ઞાન સંસારી જીવોમાં મતિજ્ઞાનરૂપે કંઈક વિદ્યમાન છે અને તે મતિજ્ઞાનમાં મોહનીય કર્મના ઉદયથી બાહ્ય પદાર્થોને

અવલંબીને "આ મને ઇષ્ટ છે, આ મને અનિષ્ટ છે તો વળી આ અન્ય મને અનુપયોગી છે" એ પ્રમાણેની ત્રણ પ્રકારના પરિણામોની કલ્પના ઉત્પન્ન થાય છે. જે કલ્પનાઓને કારણે સંસારી જીવોની સંસારની સર્વ પ્રવૃત્તિ-નિવૃત્તિ થાય છે. વળી જેમ સ્થિર સમુદ્રમાં પણ પવનથી મોજાંઓ કે તરંગો ઊઠે છે, તેમ સંસાર અવસ્થામાં મોહનીય કર્મકૃત પવનથી કલ્પના સ્વરૂપ તરંગવાળો જ્ઞાનનો પરિણામ દેખાય છે અને કર્મરહિત એવો આપણો આત્મા સ્થિર જ્ઞાનના પરિણામવાળો છે તેમ દેખાય છે. આ પ્રકારે સૂક્ષ્મ ઉપયોગપૂર્વક શુદ્ધ આત્માનું સ્વરૂપ જોવામાં આવે અને પુનઃ પુનઃ આત્માના તે સ્વરૂપનું ભાવન કરવામાં આવે તો સંસાર અવસ્થામાં પ્રવર્તતા મોહના તરંગો ક્રમસર ક્ષીણ ક્ષીણતર થાય છે અને તેમાં તન્મય ભાવ પ્રગટે તો આત્માના અસ્થિર પરિણામની ક્રમસર વિશ્રાંતિ થાય છે. અર્થાત્ કર્મથી થયેલી કલ્પનાને કારણે ઉત્પન્ન થયેલ અસ્થિર પરિણામો ક્રમસર નાશ પામે છે અને આપણું સહજ રૂપ પ્રગટ થાય છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**આત્મામાં અમૃતના જેવી વેલનો વિસ્તાર કરવા અર્થે પ્રથમ ઉચિત વ્યવહાર શું કરવો જોઈએ તે ગાથા ત્રેવીસ સુધી બતાવીને પછી શુદ્ધનયની ભાવના કરવી જોઈએ તે ગાથા પચીસ સુધી બતાવ્યું. હવે આ બધું જાણીને શું કરવું જોઈએ તે કથન નિગમનરૂપે કહે છે –**

**ગાથા :-**

**ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહ વડચોર રે;**
**જ્ઞાનરુચિ વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે. ચે૦ ૨૬**
**રાગ વિષ દોષ ઊતારતાં, જારતાં દ્વેષ રસ શેષ રે;**
**પૂર્વ મુનિ વચન સંભારતાં, વારતાં કર્મ નિઃશેષ રે. ચે૦ ૨૭**
**દેખિયે માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે;**
**તેહ અણછોડતાં ચાલિયે, પામિએ જિમ પરમ-ધામ રે. ચે૦ ૨૮**

**ગાથાર્થ :-**

**ધર્મની ધારણા ધારતાં=અત્યાર સુધી જે ધર્મની ઉચિત પ્રવૃત્તિ બતાવી**

**તેની ચિત્તમાં ધારણા કરતાં, મોહરૂપી વડચોર=મોટા ચોરને, મારતાં જ્ઞાનરુચિરૂપ વેલને વિસ્તારતાં અને કર્મનું જોર વારતાં. ॥૨૬॥**

**આત્મામાં વર્તતા રાગરૂપ વિષદોષને ઉતારતાં, દ્વેષ રસને શેષરૂપે ઝારતાં=નામશેષરૂપે કરતાં, પૂર્વ મુનિના વચનને સંભારતાં, સર્વ કર્મને વારતાં. ॥૨૭॥**

**શિવનગરનો માર્ગ દેખીએ જે ઉદાસીન પરિણામરૂપ છે, તેહ અણછોડતાં ચાલીએ=ઉદાસીન પરિણામને છોડ્યા વગર શિવમાર્ગમાં ચાલીએ, જેમ પરમધામને પામીએ=શ્રેષ્ઠ સ્થાનરૂપ મોક્ષને પામીએ. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

આત્મામાં ધર્મ નિષ્પન્ન કરવા માટે (પૂર્વની ગાથાઓમાં) વિસ્તારથી વર્ણન કર્યું. તે ધર્મની ધારણા આત્મામાં કરવી જોઈએ. જેથી આત્મા તે ધર્મના ભાવોથી સદા ભાવિત રહે અને તેના બળથી આત્માના મોહરૂપી મોટા ચોરને મારવો જોઈએ. જેથી આત્માની સંપત્તિનું રક્ષણ થાય.

આશય એ છે કે જેમ સંસારમાં ભૌતિક સંપત્તિની ચોરી કરનાર ચોર છે તેમ આત્માની પરમસુખમય એવી ગુણસંપત્તિની ચોરી કરનાર ચોર મોહનો પરિણામ છે. જેથી ગુણસંપત્તિં વગરનો દરિદ્ર જીવ ચાર ગતિની વિડંબનાને પામે છે તે અનર્થથી બચવા માટે પોતાની સંપત્તિનું રક્ષણ કરવું જોઈએ અને તે સંપત્તિના લૂટનારા એવા મોટા મોહરૂપી ચોરને મારવો જોઈએ જેથી પોતે સુરક્ષિત રહે.

વળી, ભગવાનના વચનાનુસાર તત્ત્વનો બોધ કરવાની જે આત્મામાં રુચિ પ્રગટી છે તે રુચિરૂપી વેલનો વિસ્તાર કરવો જોઈએ અર્થાત્ પ્રતિદિન નવું-નવું શ્રુત ભણીને આત્માને શ્રુતથી ભાવિત કરવું જોઈએ અને આત્મા ઉપર જે કર્મનું જોર વર્તે છે તેનું વારણ કરવું જોઈએ. જેથી કર્મની વિડંબનાથી આપણો આત્મા રક્ષિત થાય.

વળી આત્મામાં રાગરૂપ વિષ વ્યાપ્ત થયેલું છે તે દોષને ઘટાડવો જોઈએ અને આત્મામાં જે દ્વેષનો રસ વર્તી રહ્યો છે તેનો નાશ કરવો જોઈએ. આ રાગ-દ્વેષના નાશ માટે પૂર્વ મુનિઓનાં વચનો સંભારવાં જોઈએ અને તેના

બળથી સંપૂર્ણ કર્મને વારવાં જોઈએ અર્થાત્ કર્મની અસરથી મુક્ત રહેવા ઉદ્યમ કરવો જોઈએ. વળી મોક્ષનગરનો માર્ગ ઉદાસીન પરિણામરૂપ છે અર્થાત્ **જગતના ભાવો પ્રત્યે ઉદાસીન અને આત્માના શુદ્ધ ભાવને અભિમુખ થયેલું ચિત્ત મોક્ષનો માર્ગ છે**, તે મોક્ષમાર્ગને છોડ્યા વગર ચાલવું જોઈએ જેથી શ્રેષ્ઠ ધામરૂપ મોક્ષને પામીએ. **॥૨૬-૨૭-૨૮॥**

**ગાથા :-**

**શ્રી નયવિજય ગુરુ શિષ્યની, શીખડી અમૃત-વેલ રે;**
**એહ જે ચતુર નર આદરે, તે લહે સુજસ રંગ રેલ રે. ચે૦ ૨૯**

**ગાથાર્થ :-**

**શ્રી નયવિજય ગુરુના શિષ્યની અમૃતવેલ સજ્ઝાય શીખડી છે, જે ચતુર નર એહને આદરે, તે ચતુર નર સુયશના રંગ રેલને પામે. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

"અમૃતવેલ સજ્ઝાય" કરનાર શ્રી યશોવિજયજી મહારાજા શ્રી નયવિજયજી ગુરુના શિષ્ય હતા અને તેઓએ અમૃતની વેલ જેવી આ શીખડી આપી છે=હિતશિક્ષા આપી છે. જે બુદ્ધિમાન પુરુષ એ શિક્ષાને જીવનમાં ઉતારશે તે બુદ્ધિમાન પુરુષ સુંદર યશના રંગરેલને પામશે અર્થાત્ તે અમૃતવેલના ભાવનથી બંધાયેલા પુણ્યાનુબંધીપુણ્યના બળથી સદ્ગતિઓની પરંપરા દ્વારા પરમ ધામરૂપ મોક્ષની પ્રાપ્તિરૂપ સુંદર યશના રંગની પરંપરાને પામશે.

અહીં 'સુજશ' શબ્દથી ગ્રંથકારશ્રીએ પોતાનું નામ પણ સૂચિત કરેલ છે. **॥૨૯॥**

**અમૃતવેલની (હિતશિક્ષાની) મોટી સજ્ઝાય સમાપ્ત.**

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।।

# નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિ જિનસ્તવન

## ઢાળ-૧

(રાગ : નદી યમુના કે તીર, ઊડે દોય પંખીયાં - એ દેશી.)

ગાથા :-

શાંતિ જિણેસર કેસર, અર્ચિત જગધણી રે, અર્ચિત૦
સેવા કીજે સાહિબ, નિત નિત તુમ તણી રે; નિત૦
તુજ વિણ દૂજો દેવ, ન કોઈ દયાલુઓ રે, ન કોઈ૦
મન-મોહન ભવિ-બોહન, તૂંહી મયાલુઓ રે. તૂંહી૦ ૧

ગાથાર્થ :-

કેસરથી અર્ચિત એવા શાંતિ જિણેસર, જગતના ધણી સાહિબ એવા તુમ ધણીની નિતનિત સેવા કીજે. તમારા વગર બીજો કોઈ દયાળુદેવ નથી. મનને મોહન કરનાર, ભવિજીવોમાં બીજનું બોહન કરનાર માયાળુ તમે છો. ।।૧।।

**ભાવાર્થ :-**

ભગવાનની પ્રતિમાને સન્મુખ ઉપસ્થિત કરીને ઉપાધ્યાયજી મહારાજ સાહેબ કહે છે કે કેસરથી અર્ચિત એવા શાંતિ જિનેશ્વર તમે જગતના ધણી છો; કેમ કે ભગવાનની સેવા કરવાથી જગતના જીવો સુરક્ષિત થાય છે. ચારગતિની વિડંબણાથી અંતે મુક્ત થાય છે. આથી જગતમાં દુર્ગતિઓથી રક્ષણ કરનાર, સુગતિમાં સ્થાપન કરનાર અને મોક્ષમાં પહોંચાડનાર એવા તમે જગતના સ્વામી છો અને હંમેશાં તમારી સેવા અમે કરીએ. કેમ? એથી કહે છે તમારા વિના બીજો કોઈ દયાળુદેવ નથી; કેમ કે ભગવાનની ભક્તિ સિવાય કોઈની ભક્તિથી કલ્યાણની પ્રાપ્તિ નથી. માટે ભગવાન જ દયાળુદેવ છે.

વળી, ભગવાન અતિ પુણ્યપ્રકર્ષવાળા, અતિગુણસંપન્ન હોવાથી મનને મોહન કરે એવા છે. વળી ભવિજીવોમાં યોગબીજોનું બોહન કરનાર=વપન કરનાર છે; કેમ કે ભગવાનના રાગથી આત્મામાં યોગબીજો પડે છે. વળી, ભગવાન માયાળુ સ્વભાવવાળા છે; કેમ કે સન્માર્ગ બતાવીને સર્વજીવોને હિતમાં પ્રવર્તાવે છે. **||૧||**

**ગાથા :-**

**દુરિત-અપાસન શાસન, તૂં જગ પાવનો રે, તૂં જગ૦**
**સુકૃત-ઉલ્લાસન, કર્મ-નિકાસન ભાવનો રે; નિકાસન૦**
**સિંહાસન પદ્માસન, બેઠો જે ઠવે રે, બેઠો૦**
**જગ ભાસન પર શાસન, વાસન ખેપવે રે. વાસન૦ ૨**

**ગાથાર્થ :-**

**દુરિતનો નાશ કરનાર શાસન છે જેમનું એવા તમે જગતને પવિત્ર કરનાર છો. તમે જગતના જીવોના સુકૃતને ઉલ્લાસ કરનારા છો. કર્મોના નિકાસન માટે=કર્મોના નાશ માટે ભાવવા યોગ્ય છો.**

**જગભાસન=ઉપદેશ દ્વારા જગતને યથાર્થ બોધ કરાવનારા છો. પ્રકૃષ્ટશાસન કરનારા છો. વાસન ખેપવે રે=જીવોની મોહની વાસનાને દૂર કરનારા છો. ||૨||**

**ભાવાર્થ :-**

શાંતિનાથ ભગવાન કેવા છે તે બતાવતાં કહે છે. દુરિત એવા પાપને દૂર કરનાર એવું ભગવાનનું શાસન છે; કેમ કે ભગવાનની ભક્તિથી આત્મામાં અવીતરાગભાવથી થતાં પાપોની પરિણતિ નાશ પામે છે અને વીતરાગને અનુરૂપ ઉત્તમચિત્ત નિષ્પન્ન થાય છે. તેથી ભગવાન ભકિત કરનારનાં પાપોને નાશ કરનારા છે. વળી, ભગવાન જગતના જીવોને પવિત્ર કરનારા છે; કેમ કે વીતરાગ અને તેની મૂર્તિ જગતના જીવોને પવિત્ર કરીને હિતનું કારણ બને છે.

વળી, ભગવાન યોગ્યજીવોમાં સુકૃતનું ઉલ્લાસન કરનારા છે; કેમ કે ભવિજીવોને "ભગવાનનું દર્શન થવાથી નિષ્પન્ન થતો વીતરાગભાવ જ જીવને માટે સર્વ કલ્યાણનું કારણ છે" એવી બુદ્ધિ થવાથી વીતરાગભાવને નિષ્પન્ન કરવા અનુકૂળ સુકૃત કરવાનો ઉલ્લાસ પ્રગટે છે.

વળી, ભગવાન આત્મામાંથી કર્મને કાઢવા માટે ભાવન કરવા યોગ્ય છે; કેમ કે જેમ જેમ આત્મા વીતરાગના સ્વરૂપનું ભાવન કરે તેમ તેમ વીતરાગભાવને અભિમુખ આત્માનું વીર્ય ઉલ્લસિત થાય છે. જેમ જેમ વીતરાગભાવને અભિમુખ આત્માનું વીર્ય ઉલ્લસિત થાય છે તેમ તેમ આત્મામાં લાગેલાં કર્મોનું નિકાસન થાય છે=કર્મો દૂર થાય છે.

વળી, ભગવાન સિંહાસન ઉપર પદ્માસને બેસેલા, જગતના સ્વરૂપને યથાર્થ પ્રકાશન કરનારા અને પ્રકૃષ્ટશાસન આપનારા એવા ભગવાન જગતના જીવોમાં રહેલી મોહની વાસનાને દૂર કરે છે.

આશય એ છે કે ભગવાન સિંહાસન ઉપર બેસીને જગતને દેશના આપે છે. તે દેશનામાં જગતનું યથાર્થ સ્વરૂપ બતાવે છે. આત્માને પ્રકૃષ્ટશાસન આપીને કર્મની કદર્થનાથી તેમનું રક્ષણ કરે છે અને આત્મામાં રહેલી મોહની વાસનાને ઉપદેશ દ્વારા દૂર કરે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વની ગાથામાં કહ્યું કે સિંહાસન ઉપર બેસેલા ભગવાન જગતને યથાર્થ પ્રકાશન કરે છે, પ્રકૃષ્ટશાસન કરે છે અને જગતના જીવોની મોહની વાસનાને દૂર કરે છે. તેથી ભગવાનની વાણી કેવી છે, તે બતાવતાં કહે છે –**

ગાથા :-

**વાણી ગંગ તરંગ, સુરંગ તે ઉચ્છલે રે, સુરંગ૦**
**નય-ગમ-ભંગ-પ્રમાણ, પ્રવાહ ઘણા ભલે રે; પ્રવાહ૦**
**નિશ્ચય નય વ્યવહાર, તિહાં ભમરી ભમે રે, તિહાં૦**
**બુદ્ધિ નાવ જસ ચાલે, તેહને સહુ નમે રે. તેહને૦ ૩**

ગાથાર્થ :-

**ગંગાના તરંગોમાં સુરંગ જેવી વાણી ઊછળે છે. તે વાણી કેવી છે તે બતાવે છે. જે વાણીમાં નયો=અનેક પ્રકારના નયો. ગમો=પદાર્થને જાણવાના માર્ગો. ભંગો=અનેક પ્રકારના ભાંગાઓ અને પ્રમાણવચનરૂપ ઘણા પ્રવાહો ભળે છે. વળી તે વાણીમાં નિશ્ચયનયની અને વ્યવહારનયની ભમરીઓ ભમે છે અને તે ભમરીવાળા નદીના પ્રવાહમાં જેમની બુદ્ધિરૂપી નાવ ચાલે છે તેને સહુ નમે છે. ।।૩।।**

ભાવાર્થ :-

ભગવાનની વાણી કેવી રમ્ય છે તે બતાવતાં કહે છે જેમ ગંગાનદીમાં નયનરમ્ય એવા તરંગો ઊછળતા હોય જેને જોઈને લોકોને આનંદ થાય છે, તેમ ભગવાનની વાણીમાં અનેક પ્રકારનાં સુંદર તત્ત્વો ઊછળી રહ્યાં છે. વળી, જેમ ગંગાપ્રવાહમાં અન્ય પણ ઘણા પ્રવાહો ભળતા હોય તે સ્થાનમાં તે ગંગાનદી જોનારને અતિઆકર્ષક લાગે છે. તેમ ભગવાનની વાણીમાં અનેક નયોની દૃષ્ટિરૂપી પ્રવાહો, પદાર્થને જાણવાના માર્ગોરૂપી ગમો, અનેક ભાંગાઓ અને પ્રત્યક્ષાદિ પ્રમાણોનું સ્વરૂપ ઇત્યાદિરૂપ ઘણા પ્રવાહો ભળતા હોય છે, જેથી તે ભગવાનની વાણી અધિક સુંદર દેખાય છે.

વળી, ગંગાનદીમાં જેમ કોઈ સ્થાને અનેક પ્રવાહો મળતા હોય તેમ કોઈ સ્થાને પાણીનો પ્રવાહ ભમરી રૂપે ભમતો હોય તે જોઈને લોકોને આકર્ષણ થાય છે. અને તેવી ભમરીઓમાં કોઈ કુશળ પુરુષ નાવ ચલાવી શકે તો લોકો તેને શાબાશી આપે છે અને કહે છે કે ખરેખર આ પુરુષ આવી ભમરીઓમાં પણ સ્વઇચ્છાનુસાર નાવ ચલાવી શકે છે. તેમ ભગવાનની વાણીરૂપી પ્રવાહમાં નિશ્ચયનયની અને વ્યવહારનયની ભમરીઓ ભમે છે અને જેઓ બુદ્ધિમાન છે તેઓ નિશ્ચયનયનાં અને વ્યવહારનયનાં સ્થાનોને ઉચિત જોડી શકે છે. તેથી તે

ભમરીઓમાં જેમની બુદ્ધિરૂપી નાવ યથાર્થ ચાલે છે, તેને સહુ લોકો નમે છે; કેમ કે તે મહાત્મા ભગવાનની વાણીમાં બતાવાયેલા નિશ્ચયનયના અને વ્યવહારનયના પદાર્થોને ઉચિત સ્થાનમાં જોડીને ભગવાનના માર્ગનું યથાર્થ પ્રકાશન કરે છે. તેથી તેવા મહાત્માને સહુ નમે છે. અને જેઓમાં માર્ગાનુસારી બુદ્ધિ નથી તેઓ નિશ્ચયનયના અને વ્યવહારનયના નિરૂપણમાં અટવાઈને પદાર્થોને યથાતથા જોડે છે. તેથી તેવા મંદબુદ્ધિવાળા જીવો ભગવાનની વાણીમાં રહેલી નિશ્ચયનયની અને વ્યવહારનયની ભમરીમાં અટવાઈને કાં એકાંત નિશ્ચયનયનો આશ્રય કરે છે અને કાં એકાંત વ્યવહારનયનો આશ્રય કરે છે અથવા અસ્થાને નયનું યોજન કરે છે. તેવા જીવોની બુદ્ધિરૂપી નાવ તે નિશ્ચયનયની અને વ્યવહારનયની ભમરીમાં અટવાઈ જાય છે. તેવા જીવો બુદ્ધિમાનો માટે ઉપહાસનું પાત્ર બને છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે ભગવાનની વાણીમાં નિશ્ચયનયની અને વ્યવહારનયની ભમરીઓ ભમે છે અને ત્યાં જેમની બુદ્ધિરૂપી નાવ ચાલે છે, તેમને બધા નમે છે. તેથી હવે નિશ્ચયનયનું અને વ્યવહારનયનું નિરૂપણ ભગવાનના શાસનમાં કઈ રીતે છે તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**નિશ્ચય ને વ્યવહાર, તણી ચર્ચા ઘણી રે, તણી૦**
**જાણે પણ જન તાણે, દિલરુચિ આપણી રે; દિલ૦**
**સ્યાદ્‌વાદ ઘરમાંહિં, ઘડ્યા દોય ઘોડલા રે, ઘડ્યા૦**
**દેખે પક્ષ ઉવેખે, તે જગ થોડલા રે. તે જગ૦ ૪**

**ગાથાર્થ :-**

**નિશ્ચયનયની અને વ્યવહારનયની ચર્ચા ઘણી છે=ભગવાનના વચનમાં નિશ્ચયનયની અને વ્યવહારનયની ઘણી વિચારણા છે. જાણે પણ જન તાણે=ભગવાનના વચનનો અભ્યાસ કરનારામાંથી કેટલાક લોકો તે વચનને જાણે પરંતુ તે વચનોને તાણે. ક્યાં તાણે તે સ્પષ્ટ કરે છે. આપણી રુચિ જ્યાં છે ત્યાં તાણે. સ્યાદ્વાદ ઘરમાંહે બે ઘોડલાઓ**

**ઘડ્યા છે=ભગવાનના શાસનમાં સ્યાદ્વાદરૂપી ઘરમાં નિશ્ચયનયરૂપ અને વ્યવહારનયરૂપ બે ઘોડાઓ છે. તેને જેઓ જુએ છે તેઓ પક્ષને ઉવેખે છે=પોતાની રુચિ પ્રમાણે વ્યવહારનયના કે નિશ્ચયનયના પક્ષને તાણનારા પુરુષોના પક્ષને ઉવેખે છે તેવા જીવો જગમાં થોડા છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

ભગવાનના શાસનમાં નિશ્ચયનયની અને વ્યવહારનયની ચર્ચા ઘણી છે; કેમ કે નિશ્ચયનય મોક્ષ પ્રત્યે અંતરંગકારણ એવા મોક્ષને અનુકૂળ પરિણામને સ્વીકારે છે અને વ્યવહારનય તે પરિણામનું કારણ બને તેવી ઉચિત ક્રિયાને મોક્ષનું કારણ કહે છે. અને તે બંને પરસ્પર કઈ રીતે સ્વસ્થાનમાં હિતનું કારણ બને છે તે બતાવવા અર્થે તે બંને નયોની પરસ્પર ચર્ચા શાસ્ત્રમાં ઘણી કરી છે. જેથી યોગ્યજીવોને વ્યવહારનયનો અને નિશ્ચયનયનો યથાર્થ બોધ થાય. આમ છતાં તે શાસ્ત્રવચનોને જાણીને ઘણા જીવો સ્વરુચિ અનુસાર તે શાસ્ત્રવચનોને તાણવા યત્ન કરે છે તેથી તે શાસ્ત્રને જાણે તો પણ જે જીવોને નિશ્ચયનય પ્રત્યેની રુચિ છે, તેઓ નિશ્ચયનયના પક્ષને તાણે છે અને વ્યવહારનયનો અપલાપ કરે છે અને જે જીવોમાં વ્યવહારનયનો પક્ષપાત છે તેઓ વ્યવહારનયને તાણે છે અને નિશ્ચયનયનો અપલાપ કરે છે. અને તેવા જીવો શાસ્ત્રમાં બતાવેલા વ્યવહારનયની અને નિશ્ચયનયની ચર્ચામાંથી તત્ત્વને પામતા નથી. પરંતુ તે નિશ્ચયનયની અને વ્યવહારનયની ભમરીમાં તેઓની બુદ્ધિ અટવાઈ જાય છે.

વળી, ભગવાનનું શાસન સ્યાદ્વાદને બતાવનાર છે. તે સ્યાદ્વાદ ઘરમાંહે નિશ્ચયનયરૂપ અને વ્યવહારનયરૂપ બે ઘોડાઓ છે. વળી, જેઓ માર્ગાનુસારી પ્રજ્ઞાવાળા છે તેઓ સ્યાદ્વાદના ઘરમાં રહેલા બંને ઘોડાને યથાર્થ જોનારા છે. તેથી તેઓ નિશ્ચયને અને વ્યવહારને પોતાની રુચિ અનુસારે તાણનારા જીવોની ઉપેક્ષા કરે છે. તેવા જીવો જગતમાં થોડા છે અર્થાત્ માર્ગાનુસારી બુદ્ધિથી ભગવાનના શાસનમાં રહેલા નિશ્ચયરૂપ અને વ્યવહારરૂપ ઘોડાઓ કઈ રીતે યોગમાર્ગને વહન કરનારા છે તેના પરમાર્થને જોનારા અને કદાગ્રહી જીવોની ઉપેક્ષા કરનારા જગતમાં થોડા જીવો છે. **॥૪॥**

**અવતરણિકા :-**

પૂર્વમાં કહ્યું કે સ્યાદ્વાદરૂપી ઘરમાં જ નિશ્ચયનય અને વ્યવહારનયરૂપી બે ઘોડાઓ ઘડાયા છે. તેથી હવે તે બે નયો પરસ્પર કઈ રીતે ચર્ચા કરે છે તે બતાવે છે –

**ગાથા :-**

**માંહોમાંહિં તે બિહુ જેમ, નય ચરચા કરે રે, નય૦**
**ભરતક્ષેત્રના ભાવિક, શ્રાવક મન ધરે રે; શ્રાવક૦**
**તિમ હું કાંઈક ઢાલ, રસાલ દાખવું રે; રસાલ૦**
**પણ તુજ વચન પ્રમાણ, તિહાં મુજ ભાખવું રે. તિહાં૦ ૫**

**ગાથાર્થ :-**

**માંહોમાંહિં તે બિહુ નય જેમ ચર્ચા કરે રે=પરસ્પર તે બે નય=નિશ્ચયનય અને વ્યવહારનય જેમ ચર્ચા કરે છે=સ્વસ્વનયની દૃષ્ટિના મર્મને બતાવવા માટે પરસ્પર ચર્ચા કરે છે. ભરતક્ષેત્રના ભાવિક શ્રાવક મન ધરે રે=તે બે નયની ચર્ચાને મનમાં ધારણ કરે છે તેમ=જેમ બે નયો પરસ્પર ચર્ચા કરે છે તેમ, હું કાંઈક રસાલઢાલ દાખવું રે=બે નયોની ચર્ચાની રસવાળી એવી ઢાળ બતાવું છું. પણ તુજ વચન પ્રમાણ તિહાં મુજ ભાખવું રે=ગ્રંથકારશ્રી કહે છે કે ભગવાનના વચન પ્રમાણે મારે કહેવું છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

સ્યાદ્વાદશાસ્ત્રમાં નિશ્ચયનયની અને વ્યવહારનયની પરસ્પરની ચર્ચા બતાવાયેલ છે. જે ચર્ચાના બળથી યોગ્ય જીવોને નિશ્ચયનયના અને વ્યવહારનયના પરમાર્થનો બોધ થાય છે અને ભરતક્ષેત્રના ભાવિક શ્રાવકો તે નિશ્ચયનયની અને વ્યવહારનયની ચર્ચા મનમાં ધારણ કરે છે. અને જે પ્રમાણે નિશ્ચયનયની અને વ્યવહારનયની ચર્ચા શાસ્ત્રમાં બતાવી છે તે પ્રમાણે તે બંને નયોની ચર્ચાના રસથી યુક્ત એવી રસાલ ઢાળ આગળમાં હું બતાવું છું એમ ગ્રંથકારશ્રી કહે છે.

આમ છતાં પોતાના તે કથનમાં ભગવાનનું વચન પ્રમાણરૂપે ગ્રંથકારશ્રીને માન્ય છે અર્થાત્ પોતે કહે છે તે પ્રકારે પ્રમાણ નથી, પરંતુ ભગવાનનું વચન જે રીતે વિદ્યમાન છે તે રીતે જ મારે કહેવું છે તેમ ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા કરે છે. **।।૫।।**

## ઢાળ-૨

(રાગ : અહો મતવાલે સાજના - એ દેશી.)

**ગાથા :-**

**નિશ્ચય નયવાદી કહે, એક ભાવ પ્રમાણ છે સાચો રે;**
**વાર અનંતી જે લહી, તે કિરિયામાં મત રાચો રે;**
**ચતુર સનેહી સાંભલો. એ આંકણી. ૧**

**ગાથાર્થ :-**

**નિશ્ચય નયવાદી કહે એક ભાવ સાચો પ્રમાણ છે=નિશ્ચયનયવાદી કહે એકલો ભાવ સાચો પ્રમાણ છે. જે અનંતી વાર લહી=જે ક્રિયા અનંતીવાર લહી=પ્રાપ્ત કરી. તે કિરિયામાં મત રાચો રે=તે ક્રિયામાં રાચો નહીં. ચતુર સનેહી સાંભળો=બુદ્ધિમાન સનેહી સાંભળો. ॥૧॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી પ્રથમ નિશ્ચયનયનો મત બતાવે છે. નિશ્ચયનય કહે છે કે મોક્ષની પ્રાપ્તિમાં એક ભાવ સાચો પ્રમાણ છે=મોક્ષને અનુકૂળ એવો ભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વીતરાગતાનું કારણ છે. પરંતુ કાયિકક્રિયાઓ મોક્ષનું કારણ નથી. કેમ કારણ નથી તે સ્પષ્ટ કરતાં કહે છે, જે ચારિત્રની ક્રિયાઓ અનંતીવાર પ્રાપ્ત કરી છે, તે ક્રિયાઓથી મોક્ષ થયો નહીં. તેથી તેવી ક્રિયામાં રાચો નહીં=આ ક્રિયાઓ કરીને મોક્ષ પામીશ એવો ભ્રમ ધારણ કરો નહીં. તે પ્રકારે બુદ્ધિમાન એવા સ્નેહીને ગ્રંથકારશ્રી કહે છે તમે નિશ્ચયનયની અને વ્યવહારનયની ચર્ચાને સાંભળો. ॥૧॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં નિશ્ચયનયવાદીએ કહ્યું કે મોક્ષપ્રાપ્તિ પ્રત્યે એકલો ભાવ પ્રમાણ છે, ક્રિયા નહીં. તે કથનને યુક્તિથી દૃઢ કરવા કહે છે –**

**ગાથા :-**

**ભરત ભૂપ ભાવે તર્યો, વલી પરિણામે મરુદેવા રે;**
**ગ્રૈવેયક ઉપર નહી ફલે, દ્રવ્ય ક્રિયાની સેવા રે. ચતુર૦ ૨**

**ગાથાર્થ :-**

**ભરત ભૂપ ભાવે તર્યો=ભરત ભૂપ ભાવથી તર્યા=ચિત્તની નિર્લેપ પરિણતિથી તર્યા=વળી, મરુદેવા પરિણામથી તર્યા=અસંગ ભાવના પરિણામથી તર્યા. વળી, દ્રવ્યક્રિયાની સેવા=દ્રવ્યક્રિયાની આચરણા ગ્રૈવેયક ઉપર ફલે નહીં=દ્રવ્યક્રિયાની આચરણા ગ્રૈવેયક ઉપર ફળતી નથી. ॥૨॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનયવાદી કહે છે કે ભરતમહારાજાએ સંયમની કોઈ ક્રિયા કરી નહીં છતાં અંતરંગ નિર્લેપ પરિણતિમાં ઉદ્યમ કરીને કેવલજ્ઞાનને પામ્યા. તેથી મોક્ષપ્રાપ્તિમાં ઉપાય અંતરંગ નિર્લેપ પરિણતિરૂપ ભાવ છે. વળી, મરુદેવામાતા પણ અંતરંગ નિર્લેપ પરિણતિથી તર્યાં છે. કોઈ સંયમની ક્રિયા આ ભવમાં કે પૂર્વભવમાં પણ કરી નથી. તેથી નક્કી થાય છે કે મોક્ષ પ્રત્યે કારણ અંતરંગ નિર્મલ પરિણતિરૂપ ભાવ જ છે, ક્રિયાઓ નહીં. વળી, પ્રાયઃ સર્વજીવો સંયમની દ્રવ્ય ક્રિયાઓ કરી અને તે ક્રિયાને અનુકૂળ શુભ લેશ્યાના પરિણામના બળથી ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયક સુધી જાય છે. તેથી ઉપર જતા નથી; કેમ કે તે ક્રિયાના બળથી વીતરાગતાને અનુકૂળ લેશ પણ ભાવ કરતા નથી. આથી દ્રવ્યક્રિયાની આચરણા ગ્રૈવેયકથી અધિક ફળ આપવા સમર્થ નથી. માટે મોક્ષના અર્થી જીવોએ ક્રિયામાં રાચવું જોઈએ નહીં, પરંતુ ભાવમાં જ ઉદ્યમ કરવો જોઈએ. મોક્ષને અનુકૂળ એવા વીતરાગભાવને જ પ્રગટ કરવા યત્ન કરવો જોઈએ. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં નિશ્ચયનયવાદીએ મોક્ષના ઉપાયરૂપે એક ભાવ પ્રમાણ છે તેમ સ્થાપન કર્યું તેને વ્યવહારનયવાદી કહે છે –**

**ગાથા :-**

**નય વ્યવહાર કહે તુમે, કિમ ભાવ ક્રિયા વિણ લહસો રે;**
**રતન શોધ શતપુટ પરિ, ક્રિયા તે સાચી કહશ્યો રે. ચતુર૦૩**

**ગાથાર્થ :-**

**વ્યવહારનય કહે=વ્યવહારનય કહે છે. તુમે ક્રિયા વિણ ભાવ કિમ લહસો રે=તમે ક્રિયા વગર કેવી રીતે ભાવ લહેશો ? અર્થાત્ ક્રિયાના સેવન વગર ભાવ પ્રાપ્ત થશે નહીં. રતન શોધ શતપુટ પરિ તે ક્રિયા= રત્નના શોધક શતપુટની ક્રિયાની જેમ તે ક્રિયા=સંયમની ક્રિયા સાચી કહસ્યો રે=સાચી કહેશો. ॥૩॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનયવાદીઓ મોક્ષના ઉપાયરૂપે એક ભાવ કારણ છે, ક્રિયા નહીં તેમ માને છે એ પ્રમાણે પૂર્વમાં સ્થાપન કર્યું. તેને વ્યવહારનય કહે છે, ક્રિયા વગર મોક્ષને અનુકૂળ એવો નિર્લેપભાવ તમે કઈ રીતે પ્રાપ્ત કરશો ? અર્થાત્ ક્રિયાથી જ નિશ્ચયનયને અભિમત ભાવ નિષ્પન્ન થઈ શકશે. જેમ સંસારમાં તે તે પ્રકારની ભોગાદિની ક્રિયાથી તે તે પ્રકારના ભાવો થાય છે. તેમ સંયમની તે તે પ્રકારની ઉચિત ક્રિયાથી તે તે પ્રકારની નિર્લેપ પરિણતિરૂપ ભાવો પ્રાપ્ત થશે. વળી પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે વ્યવહારનય કહે છે. જેમ મલિન એવું રત્ન તેને શોધન કરનારી શતપુટની ક્રિયા છે=તેના ઉપર કૂટો કરીને શોધનની ક્રિયા કરવામાં આવે છે. તેથી તે રત્નમાં શુદ્ધિનો ભાવ પ્રગટે છે. તેમ કર્મથી મલિન એવા આત્માને તે તે સંયમની ક્રિયા કર્મમલને દૂર કરીને શુભભાવને પ્રગટ કરશે. માટે મોક્ષના ઉપાયરૂપે ક્રિયા જ સાચી છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**નિશ્ચયનયને વ્યવહારનયે કહ્યું કે ભાવની પ્રાપ્તિમાં વ્યવહારનયની ક્રિયા કારણ છે. માટે તેમાં યત્ન કરવો જોઈએ. તો પછી ભરત મહારાજા અને મરુદેવામાતાએ ક્રિયા વગર ભાવો કઈ રીતે પ્રાપ્ત કર્યા ? તેનું સમાધાન કરવા વ્યવહારનય કહે છે –**

**ગાથા :-**

**એક સહેજે એક યત્નથી, જિમ ફલ કેરો પરિપાકો રે;**
**તિમ કિરિયા પરિણામનો, જગ ભિન્ન ભિન્ન છે વાકો રે.**

**ચતુર૦ ૪**

ગાથાર્થ :-

**જિમ એક સહેજે ફલ કેરો પરિપાકો રે=જેમ એક સહેજે ફલ પાકે છે. એક યત્નથી=જેમ એક યત્નથી ફલનો પરિપાક થાય છે તિમ કિરિયા પરિણામનો જગ છે ભિન્ન ભિન્ન વાકો રે=તેમ ક્રિયાનો અને પરિણામનો જગતમાં ભિન્ન ભિન્ન પ્રકાર છે=કેટલાક પરિણામ ક્રિયાથી થાય છે અને કેટલાક પરિણામ ક્રિયા વગર થાય છે એ પ્રકારનો ભેદ છે. ॥૪॥**

ભાવાર્થ :-

જગતમાં કેરી આદિ ફળો કેટલાંક સહેજે પાકે છે. કોઈ પકવવા માટે પ્રયત્ન કરવો પડતો નથી. તેથી પકવવાની ક્રિયા વગર સહજ કેરીનો પાક થાય છે. વળી, પ્રયત્નથી પણ કેરી આદિનો પાક થાય છે. આથી કેરી આદિના ફળને ઘાસ આદિમાં રાખવા દ્વારા પકાવવાની ક્રિયા કરાય છે. તેમ ક્રિયાનો અને પરિણામનો ભિન્નભિન્ન પ્રકાર છે અર્થાત્ ઘણા જીવો સંયમની ઉચિત ક્રિયા કરીને પોતાની નિર્લેપ પરિણતિનો પાક પ્રાપ્ત કરે છે. વળી, ભરતમહારાજા અને મરુદેવામાતા જેવા કેટલાક જીવો કોઈ ક્રિયા કર્યા વગર સહજ રીતે નિર્લેપ પરિણામને પ્રાપ્ત કરે છે.

આથી જ શાસ્ત્રમાં નિસર્ગથી અને અધિગમથી રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે તેમ કહેલ છે. તેથી જેઓને નિસર્ગથી રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે તેઓને ક્રિયાની આવશ્યકતા નથી. તો પણ મોટાભાગના જીવો સંયમની તે તે ઉચિત ક્રિયાઓ દ્વારા તે તે ગુણને અનુરૂપ સમ્યક્ક્રિયાનો વ્યાયામ કરે છે અને તેનાથી રત્નત્રયીની પરિણતિ પ્રગટે છે. માટે નિસર્ગથી કોઈક જીવોને નિર્લેપ પરિણતિ પ્રગટ થાય એટલા માત્રથી નિર્લેપ પરિણતિની પ્રાપ્તિના કારણભૂત એવી ઉચિત ક્રિયાનો અપલાપ કરીને ક્રિયા મોક્ષનું કારણ નથી તેમ કહેવું યોગ્ય નથી. પરંતુ મોક્ષના અર્થીએ મોક્ષને અનુકૂળ ભાવનિષ્પત્તિ અર્થે ઉચિત ક્રિયામાં યત્ન કરવો જોઈએ. **॥૪॥**

**અવતરણિકા :-**

પૂર્વમાં વ્યવહારનયે સ્થાપન કર્યું કે કેટલાક જીવોને વગર ક્રિયાએ નિસર્ગથી ભાવ થાય છે. તેટલા માત્રથી ક્રિયાનો અપલાપ કરવો ઉચિત નથી. હવે નિશ્ચયનયવાદીને હિતોપદેશ આપતાં વ્યવહારનયવાદી કહે છે -

**ગાથા :-**

**સહેજે ફલ અમ્હે પામશું, એમ ગલિઆ બલદ જે થાયે રે;**
**સહેજે તૃપતા તે હુશે, કાં અન્ન કવલ કરી ખાએ રે. ચતુર૦ ૫**

**ગાથાર્થ :-**

**સહેજે ફલ અમ્હે પામશું=ક્રિયા વગર નિર્લેપ પરિણતિરૂપ ફલ સહેજે પામશું એમ ગલિઆ બલદ જે થાયે રે=એ પ્રકારે ગળિયા બળદ જે તમે થાઓ છો. સહેજે તૃપતા તે હુશે=સહેજે તૃપ્ત તે થશે. કાં અન્ન કવલ કરી ખાઓ રે=કેમ અન્નના કવલ કરી ખાઓ છો ? ।।૫।।**

**ભાવાર્થ :-**

વ્યવહારનયવાદી નિશ્ચયનયવાદીને કહે છે. ભરતમહારાજા અને મરુદેવામાતા ક્રિયા વગર નિર્લેપ પરિણતિને પામ્યાં તેમ સહેજે=ક્રિયા વગર અમે નિર્લેપ પરિણતિ પામશું એમ વિચારીને ક્રિયા કરવામાં ગળિયા બળદ જેવા જે તમે થાઓ છો. તો પછી ભૂખ લાગે ત્યારે સહેજે તૃપ્તિરૂપ ભાવ થશે તેમ માનીને તૃપ્તિરૂપી ભાવના અર્થે અન્નના કવલ ખાવાની ક્રિયા કેમ કરો છો ? જો તમે કહેશો કે અન્ન ખાધા વગર તૃપ્તિ થાય નહીં તો નિર્લેપ પરિણતિને પ્રગટ કરવા અર્થે ક્રિયા કર્યા વગર તે નિર્લેપ પરિણતિ કઈ રીતે પ્રગટ થશે ? માટે ક્રિયા કરવામાં આળસ છોડીને યત્ન કરશો તો જ ફળ મળશે; કેમ કે અંતરંગ નિર્લેપ પરિણતિ વિચારમાત્રથી પ્રગટ થતી નથી. પરંતુ ઘણા દૃઢ યત્નપૂર્વક ઉચિત ક્રિયાઓથી જ તે પરિણતિ પ્રગટ થાય છે. **।।૫।।**

**અવતરણિકા :-**

**વળી, વ્યવહારનય સંયમની બાહ્ય આચરણા વગરનો માત્ર વિચારણાથી થયેલો ભાવ ખરેખર પારમાર્થિક ભાવ નથી એમ બતાવવા અર્થે કહે છે -**

ગાથા :-

**વિણ વ્યવહારે ભાવ જે,**
**તે તો ખિણ તોલો ખિણ (નાસો)માસો રે;**
**તેહથી હાંસી ઉપજે,**
**વલી દેખે લોક તમાસો રે. ચતુર૦ ૬**

ગાથાર્થ :-

**વિણ વ્યવહાર=વ્યવહારની આચરણા વગર જે ભાવ છે તે તો ખિણ તોલો ખિણ (નાસો)માસો રે=ક્ષણ તોલે છે અને ક્ષણમાં નાશ પામે છે=ક્ષણિક ઊભરા જેવો છે, પારમાર્થિક નથી. તેહથી હાંસી ઊપજે= તેનાથી=વ્યવહારની આચરણા વગર માત્ર વિચારણાથી કરાયેલા ભાવથી હાંસી ઊપજે. વલી લોકો તમાસો દેખે રે=વળી લોક તમાસો જુએ છે. ॥૬॥**

ભાવાર્થ :-

વ્યવહારનયવાદી નિશ્ચયનયવાદીને કહે છે. સંયમની બાહ્ય ક્રિયાનો ત્યાગ કરીને માત્ર વિચારણા દ્વારા નિર્લેપ પરિણતિનો જે ભાવ દેખાય છે તે પરમાર્થથી નિર્લેપ પરિણતિનો ભાવ નથી. પરંતુ ક્ષણ તોલે છે=ક્ષણમાં ઉભરા જેવો છે અને ક્ષણમાં નાશ પામે છે. વળી, મોક્ષના અર્થી એવા પણ કેટલાક જીવો મોક્ષના ઉપાયભૂત એવી ઉચિત પ્રવૃતિ કરતા નથી અને કહે છે કે માત્ર નિર્લેપભાવથી મોક્ષ થશે. માટે નિર્લેપભાવમાં જ અંતરંગ ઉદ્યમ કરવો જોઇએ.બાહ્ય તપાદિની ક્રિયાઓ પુદ્ગલની ક્રિયાઓ છે, માટે મોક્ષનું કારણ નથી. તેઓની તેવી વાતોથી શિષ્ટલોકોને તેઓ હાસ્યાસ્પદ બને છે. વળી, લોકો તેનો તમાશો જુએ છે. અર્થાત્ કોઈ ધર્મની પ્રવૃત્તિ કર્યા વગર આ નિશ્ચયવાદી મોક્ષમાં જવા માટે યત્ન કરી રહ્યા છે. તે યત્ન લોકોને નાટકિયાના નાટક જેવી ચેષ્ટારૂપ દેખાય છે. સામાન્યથી લોકો પણ=ત્યાગ-સંયમની આચરણા જોઇને સ્વીકારે છે કે આ મહાત્માઓ મોક્ષની સાધના કરે છે. જ્યારે નિશ્ચયનયવાદીઓ તો કોઈ તપ-સંયમની ક્રિયાઓ કર્યા વગર ખાતાપીતા રહીને મોક્ષમાં જવા માટે ઉદ્યમ કરી રહ્યા છે તે લોકોને તમાશારૂપે દેખાય છે. **॥૬॥**

**અવતરણિકા :-**

આનાથી શું ફલિત થાય તે વ્યવહારનયવાદી નિશ્ચયનયવાદીને કહે છે –

**ગાથા :-**

**ગુરુકુલવાસી ગુણ નીલો, વ્યવહારે થીર પરિણામી રે;**
**ત્રિવિધ અવંચક યોગથી, હુયે સુજસ મહોદય કામી રે.**

**ચતુર૦ ૭**

**ગાથાર્થ :-**

**ગુરુકુલવાસી ગુણ નીલો થાય છે=મોક્ષને અનુકૂળ સુંદર ગુણોવાળો થાય છે. વ્યવહારે થીર પરિણામી રે=અને ગુરુકુલવાસમાં રહેલા તે મહાત્મા વ્યવહારનયની આચરણાને કારણે સ્થિર પરિણામી થાય છે. ત્રિવિધ અવંચક યોગથી હુએ મહોદય કામી સુજસ રે=અને તે મહાત્માને ત્રિવિધ અવંચકના યોગથી મહોદયની કામનાવાળો એવો સુજસ થાય છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

વ્યવહારનય નિશ્ચયનયવાદીને કહે છે કે સંયમની ઉચિત ક્રિયાઓ કરનારા સાધુઓ ગુણવાન ગુરુને પરતંત્ર થઈને વસે છે અને તેના કારણે તે મહાત્મામાં સુંદર ગુણો પ્રગટે છે અને ગુણવાન ગુરુને પરતંત્ર રહીને વ્યવહારની આચરણા કરવાથી મહાત્માઓ મોક્ષને અનુકૂળ એવા નિર્લેપભાવમાં સ્થિર પરિણામવાળા થાય છે. આ રીતે વ્યવહારનયની સમ્યક્ આચરણાના બળથી તે મહાત્મામાં યોગઅવંચક, ક્રિયાઅવંચક અને ફલઅવંચકનો યોગ થાય છે; કેમ કે વ્યવહારની આચરણા કરવા અર્થે તે મહાત્મા ગુણવાન ગુરુને ગુણવાનરૂપે જાણે છે. તેથી ગુણવાન ગુરુનો યોગ અવંચક બને છે. તેવા ગુણવાન ગુરુને શાસ્ત્રવિધિ અનુસાર વંદનાદિ કરે છે. તેથી તે મહાત્માની વંદનની ક્રિયા અવંચક બને છે અને ગુણવાન ગુરુ પાસેથી સન્માર્ગનો યથાર્થ બોધ થાય છે. તેથી ગુણવાનના યોગના ફલરૂપ તેમનો ઉપદેશ અવંચક બને છે. જે મહાત્મામાં ગુણવાન

પુરુષનો યોગ, ગુણવાન પુરુષને કરાયેલી વંદનની ક્રિયા અને ગુણવાન પુરુષથી પ્રાપ્ત એવો ઉપદેશરૂપ ફલ અવંચક બને તે મહાત્માને મહોદયની કામનાવાળો સુયશ પ્રાપ્ત થાય છે અર્થાત્ તે મહાત્માને ઉત્તરોત્તર ઉત્તમ ભાવોની પ્રાપ્તિરૂપ મહોદય થાય છે અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી સુંદર યશ તે મહાત્માને પ્રાપ્ત થાય છે.

હવે જો ભાવને મોક્ષ પ્રત્યે પ્રમાણ સ્વીકારવામાં આવે તો આત્માથી ભિન્ન એવા ગુરુ મોક્ષપ્રાપ્તિ પ્રત્યે ઉપકારક બને નહીં અને તેમ સ્વીકારવામાં આવે તો ગુરુકુલવાસ પણ વ્યર્થ સિદ્ધ થાય. અને ગુરુકુલવાસ વગર વ્યવહારને ઉચિત આચરણા નહીં થવાથી સ્થિર પરિણામ પ્રાપ્ત થાય નહીં. અને તેમ સ્વીકારવાથી ત્રણ અવંચક યોગ પણ પ્રાપ્ત ન થાય; કેમ કે ભાવથી જ મોક્ષ થતો હોય તો ગુણવાન ગુરુનો યોગ, તેમને થતી વંદનની ક્રિયા અને તેમનો ઉપદેશ આત્મકલ્યાણ માટે નિરર્થક સિદ્ધ થાય. અને તેમ સ્વીકારીને જેઓ વ્યવહારનો લોપ કરે છે તેમને ગુરુકુલવાસ આદિની અપ્રાપ્તિને કારણે કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય નહીં. આથી ભાવની નિષ્પત્તિના ઉપાયરૂપ વ્યવહારનયને માન્ય ઉચિત ક્રિયા અને ગુરુકુલવાસની ઉપયોગિતા અવશ્ય સ્વીકારવી જોઈએ. **॥૭॥**

## ઢાળ-૩

(રાગ : સાહિબા મોતીડા હમારા - એ દેશી.)

**અવતરણિકા :-**

પૂર્વની ઢાળમાં નિશ્ચયવાદીએ મોક્ષપ્રાપ્તિમાં એક ભાવને પ્રમાણ સ્થાપન કર્યું. તેનું સમાધાન વ્યવહારનયે કર્યું અને સ્થાપન કર્યું કે વ્યવહારનયની આચરણાથી કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. ત્યાં નિશ્ચયનયવાદી શું કહે છે તે બતાવે છે –

**ગાથા :-**

**નિશ્ચય કહે કુણ ગુરુ કુણ ચેલા,**
**ખેલે આપહી આપ અકેલા;**
**જાસ પ્રકાશે જગ સવિ ભાસે,**
**નવ-નિધિ અષ્ટ-મહાસિદ્ધિ પાસે.**
**મોહના રંગીલા હમારા, સોહના સુખ સંગી. એ આંકણી.૧**

**ગાથાર્થ :-**

નિશ્ચય કહે કુણ ગુરુ કુણ ચેલા=નિશ્ચયનય કહે છે કોણ ગુરુ કોણ ચેલો. આપ હી આપ અકેલા ખેલે=આત્મા પોતે એકલો ખેલે છે=પોતાનો આત્મા પોતાના પારમાર્થિક ભાવોને જાણીને સ્વયં તે ભાવમાં યત્ન કરે છે અને જ્યારે જાસ પ્રકાશે જગ સવિ ભાસે=જાસ પ્રકાશે આત્માને પોતાના પારમાર્થિક ભાવોનું પ્રકાશન થાય ત્યારે આખું જગત તેને ભાસે છે=આખું જગત તેને પોતાના માટે અનુપયોગી ભાસે છે અને પોતાના પારમાર્થિક સ્વરૂપના પ્રકાશનમાં તેને નવનિધિ અષ્ટમહાસિદ્ધિ પાસે=નવનિધિ અને આઠ મહાસિદ્ધિ પોતાની પાસે દેખાય છે. મોહના=આત્માના પારમાર્થિક સ્વરૂપ પ્રત્યે મોહ પેદા કરાવે એવા રંગીલા હમારા=રંગીલો અમારો આત્મા છે. સોહના સુખ સંગી છે=શોભન એવા સુખનો સંગી છે. ॥૧॥

**ભાવાર્થ :-**

પૂર્વની ઢાળમાં વ્યવહારનયવાદીએ ગુરુકુલવાસ અને ગુરુકુલવાસમાં રહીને કરાતી વ્યવહારની ક્રિયાથી કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે તેમ સ્થાપન કર્યું. તેને નિશ્ચયનય કહે છે. મોક્ષપ્રાપ્તિ માટે કોણ ગુરુ અને કોણ શિષ્ય છે ? અર્થાત્ કોઈને ગુરુ કરવાથી કે કોઈના શિષ્ય થવાથી કલ્યાણની પરંપરા પ્રાપ્ત થતી નથી. પરંતુ આત્માના પારમાર્થિક ભાવોમાં જ્યારે આત્મા એકલો રમે છે, ત્યારે કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. તેથી કોઈને ગુરુ કરવાથી કે કોઈનો શિષ્યભાવ સ્વીકારવાથી કે કોઈ ગુરુનો ઉપદેશ સાંભળવાથી કે કોઈ ગુરુને વંદનાદિ ક્રિયા કરવાથી આત્માને કલ્યાણની પરંપરા પ્રાપ્ત થતી નથી. પરંતુ જગતના સર્વ પદાર્થોથી પૃથક્ એવો પોતાનો આત્મા છે. દેહથી પણ પૃથક્ એવો પોતાનો આત્મા છે. દેહથી પણ પૃથક્ એવા આત્મામાં વર્તતા આત્માના શુદ્ધ સ્વરૂપને જોઈને તેમાં તન્મય થવા માટે અંતરંગ ઉદ્યમ કરવામાં આવે તો અસંગભાવના પરિણામથી અર્થાત્ દેહાદિ સર્વ પદાર્થોના સંગથી પર એવા આત્માના અસંગભાવના પરિણામથી, મોક્ષને અનુકૂળ એવા ભાવો પ્રગટ થાય છે. જે ભાવો જ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષનું કારણ બને છે અને જ્યારે આત્માને દેહાદિથી પૃથક્ એવા આત્માના સ્વરૂપનું પ્રકાશન થાય છે ત્યારે તે મહાત્માને આખું જગત આત્મા માટે અનુપયોગી ભાસે છે; કેમ કે પોતાનાથી ભિન્ન એવા બાહ્ય પદાર્થોમાંથી કોઈ ભાવ નીકળીને આત્મામાં પ્રવેશ પામતો નથી. વળી, પોતાનાથી ભિન્ન એવા ગુરુનો શિષ્યભાવ સ્વીકારવાથી તે ગુરુનો કોઈ ભાવ શિષ્યમાં સંક્રમણ પામતો નથી. માટે આત્માને પોતાના આત્માથી ભિન્ન એવા સર્વ પદાર્થો આત્માને માટે અનુપયોગી ભાસે છે અને આત્માને જે સુખ જોઈએ છે તે સુખની પ્રાપ્તિનું પરમ કારણ એવી નવનિધિ અને આઠ મહાસિદ્ધિ નિશ્ચયનયના પરમાર્થને જોનારા તે મહાત્માને પોતાના આત્મામાં દેખાય છે; કેમ કે આત્મા ગુણોના નિધાનરૂપ છે અને આત્મા અંતરંગ અનંત શક્તિઓથી યુક્ત છે અને તે સર્વશક્તિઓને પરમાર્થરૂપે જોઈને તેમાં તન્મય થયેલો આત્મા તે સર્વશક્તિઓને પ્રગટ કરે છે. તેથી પૂર્ણસુખરૂપ મોક્ષઅવસ્થા પ્રાપ્ત કરે છે. માટે મોક્ષની પ્રાપ્તિમાં ઉપયોગી એવા નવનિધિ અને આઠ મહાસિદ્ધિરૂપ ભાવો આત્મામાં રહેલા છે. આમ કહીને નિશ્ચયનય પોતાના ભાવોમાં ઉદ્યમ કરવાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે તેમ સ્થાપન કરે છે.

અમારો આત્મા મોહન છે=આત્માને પોતાનું સ્વરૂપ મોહ ઉત્પન્ન કરે તેવું રમ્ય છે. અને તેવા સ્વરૂપમાં રંગને=પ્રતિને ધારણ કરનાર છે અને આત્મા પોતાના સુંદર સુખનો સંગી છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**વળી, નિશ્ચયનય પોતાના મતને દૃઢ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**કર્મ વિભાવ શક્તિ જે તોડે,**
**તે સ્વભાવ શક્તિશ્યૂં જોડે;**
**ભાગ્યો ભરમ મરમ સવિ જાણ્યો,**
**પૂર્ણ જ્ઞાન નિજરૂપ પિછાણ્યો મોહના૦ ૨**

**ગાથાર્થ :-**

**કર્મવિભાવ શક્તિ જે તોડે=કર્મના વિપાકની શક્તિ જે મહાત્મા તોડે, તે સ્વભાવ શક્તિશ્યૂં જોડે=તે સ્વભાવ શક્તિથી પોતાને જોડે છે. ભાંગ્યો ભરમ=બાહ્યપ્રવૃત્તિમાં કલ્યાણનો ભ્રમ ભાંગ્યો. મરમ સવિ જાણ્યો=મોક્ષપ્રાપ્તિનો મર્મ સવિ જાણ્યો. પૂર્ણજ્ઞાન નિજરૂપ પિછાણ્યો= પૂર્ણજ્ઞાન સ્વરૂપ પોતાનું રૂપ જાણ્યું. ॥૨॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનય કહે છે જે આત્મા કર્મના વિપાકની શક્તિને તોડે તે આત્મા પોતાની સ્વાભાવિક શક્તિ સાથે પોતાના આત્માને જોડે. તેથી મોક્ષમાં જવા માટે ઇન્દ્રિયોને પરવશ બાહ્ય પદાર્થોને પરવશ થઈને જે કર્મવિપાકશક્તિ પ્રગટે છે તેને તોડવા માટે અંતરંગ ઉદ્યમ કરવો આવશ્યક છે. જેઓ કર્મના વિપાકની શક્તિને અંતરંગ ઉદ્યમથી તોડે છે તેઓ પોતાના આત્માને પોતાના ભાવોમાં વર્તવા સ્વરૂપ જે આત્માની સ્વભાવની શક્તિ છે તે શક્તિ સાથે પોતાના આત્માને જોડે છે. અને આવો બોધ થવાથી ભ્રમ ભાંગ્યો અર્થાત્ અનાદિકાળથી આત્માને ભ્રમ હતો કે બાહ્યપદાર્થોના સંગથી પોતાને સુખ થાય છે. તેથી બાહ્ય પદાર્થોને પ્રાપ્ત કરવામાં પોતાનો આત્મા રચ્યોપચ્યો રહેતો હતો. તે સર્વ ભ્રમ ભાંગ્યો અને સુખની પ્રાપ્તિનો મર્મ સવિ જાણ્યો અર્થાત્

બાહ્યભાવોને કરવાનો ત્યાગ કરીને અંતરંગભાવોને કરવા માટે ઉદ્યમ કરવાથી અંતરંગ સુખ મળે છે. એ પ્રકારનો સર્વ મર્મ જાણ્યો અને પૂર્ણજ્ઞાન સ્વરૂપ પોતાનું જે સ્વરૂપ છે તે મેં પીછાણ્યું. અર્થાત્ આત્મા પોતાના પૂર્ણજ્ઞાન સ્વરૂપ છે અને તે સ્વરૂપને જ પ્રગટ કરવા માટે અંતરંગયત્ન કરવો જોઈએ તેમ નિશ્ચયનય કહે છે. માટે બાહ્ય એવા ગુરુની અને તે બાહ્ય એવી કાયિક આદિ ક્રિયાની મોક્ષપ્રાપ્તિમાં કોઈ ઉપયોગિતા નથી. પરંતુ આત્મા માટે તો આત્માના અંતરંગ ભાવો જ સર્વ કલ્યાણનું કારણ છે. **॥૨॥**

**ગાથા :-**

> **કરતા હુઈ હાથી પરે જૂઝેં,**
> **સાખી નિજ ગુણ માંહે સલૂઝેં;**
> **કરતા તે કિરિયા દુઃખ વેદેં,**
> **સાખી ભવ-તરુ-કંદ ઉચ્છેદેં.મોહના૦ ૩**

**ગાથાર્થ :-**

**કરતા હુઈ=કરતા થઈને=બાહ્ય સંયમની ક્રિયા કરતા થઈને હાથી પરે જૂઝે=હાથીની જેમ શત્રુને હણવા માટે શ્રમ કરે. સાખી=સાક્ષીભાવવાળા મહાત્મા નિજ ગુણ માંહે સલૂઝે=નિજગુણમાં રમે. તે કિરિયા કરતા દુઃખ વેદે=સંયમનાં કષ્ટોને વેદે. સાખી=સાક્ષીભાવમાં રહેલા મહાત્મા ભવરૂપી વૃક્ષના કંદ જેવા સંગભાવનો ઉચ્છેદ કરે. ॥૩॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનય વ્યવહારનયને કહે છે કે જેઓ સંયમની આચરણારૂપ ક્રિયાઓ કરે છે તેઓ તપાદિ ક્રિયાઓ કરીને હાથીની જેમ શત્રુને હણવા માટે લડી રહ્યા છે અને જેઓ બાહ્યક્રિયાઓ કરતા નથી, પરંતુ નિશ્ચયનયના પરમાર્થને પામ્યા છે તેઓ વિચારે છે કે જગતના પદાર્થો સાથે સંશ્લેષ પામવાનો મારો સ્વભાવ નથી. પરંતુ સાક્ષીભાવે જગતના પદાર્થોની વ્યવસ્થા જોવાનો મારો સ્વભાવ છે. આ પ્રમાણે નિશ્ચયનયના પરમાર્થને પામીને તે મહાત્મા સર્વભાવો પ્રત્યેના સંશ્લેષ વગરના સાક્ષીભાવરૂપ નિજ ગુણમાં રમે છે. તેનાથી શું પ્રાપ્ત થાય છે તે બતાવતાં કહે છે. જેઓ તપ-સંયમની ક્રિયાઓ કરે છે તેઓ ક્રિયામાં કરાતા

શ્રમરૂપ દુઃખનું વેદન કરે છે અને જેઓ નિશ્ચયનયના પરમાર્થને પામ્યા છે તેવા મહાત્માઓ સર્વત્ર અસંગના પરિણામરૂપ સાક્ષીભાવના બળથી સંસારના વૃક્ષના કંદ જેવા સંગના પરિણામનો ઉચ્છેદ કરે છે.

આનાથી એ ફલિત થાય છે, વ્યવહારનયને માન્ય ક્રિયાઓ કષ્ટકારી શ્રમની પ્રાપ્તિ કરાવે છે. નિશ્ચયનયને માન્ય એવો સાક્ષીભાવ કોઈ જાતના કષ્ટ વગર સંસારના બીજનો ઉચ્છેદ કરે છે. માટે મોક્ષાર્થીએ નિશ્ચયનયને અભિમત ભાવમાં જ ઉદ્યમ કરવો જોઈએ. **॥૩॥**

**અવતરણિકા :-**

**વળી, નિશ્ચયનય મોક્ષ પ્રત્યે ભાવ જ કારણ છે તેને દૃઢ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**જ્ઞાનીને કરણી સવિ થાકી,**
**હુઈ રહ્યો નરમ કરમ થિતિ પાકી;**
**માલા અણદેખે જે ભમતો,**
**તે દેખી હોએ નિજગુણ રમતો. મોહના૦ ૪.**

**ગાથાર્થ :-**

**જ્ઞાનીને=નિશ્ચયનયના પરમાર્થને પામેલા જ્ઞાનીને કરણી સવિ થાકી=બાહ્યકૃત્યો સર્વ થાક્યાં, હુઈ રહ્યો નરમ કરમ=સંસારના કરમનું જોર નરમ થઈ ગયું છે. થિતિ પાકી છે=સંસારના ઉચ્છેદને અનુકૂળ ભવસ્થિતિ પાકી છે. માલા અણદેખે=પોતાના કંઠમાં રહેલી સુવર્ણની માળાને નહીં દેખતો જે ભમતો=જે પુરુષ ભમતો માળાને શોધતો ફરે છે. તે દેખી=પોતાના કંઠમાં રહેલી માળાને જોઈને, હોએ નિજ ગુણ રમતો=પોતાના આત્મામાં રહેલા અસંગભાવના ગુણને જોઈને તે અસંગભાવમાં રમતો થાય છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનય વ્યવહારનયને કહે છે. જે મહાત્માઓ નિશ્ચયનયના પરમાર્થને

પામ્યા છે તે મહાત્માઓને પોતાનો આત્મા સર્વ બાહ્ય પદાર્થોથી પૃથક્ અને દેહાદિ સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યેના સંગના પરિણામ વગરનો ભાસે છે. તેથી તે મહાત્મા વિચારે છે કે જેમ મોક્ષમાં આત્માઓ દેહ અને કર્મના સંગ વગરના છે, તેવો જ મારો આત્મા પરમાર્થથી દેહ અને કર્મના સંગ વગરનો છે. ફક્ત આત્માની સાથે એક ક્ષેત્રમાં અણુતણુની જેમ રહેલા દેહના પુદ્ગલો સાથે પોતાના સંગનો ભ્રમ અત્યાર સુધી વર્તતો હતો. તેથી દેહને ઉપષ્ટંભક એવા બાહ્ય પદાર્થોનો સંગ કરવામાં જ પોતાને હિત દેખાતું હતું. હવે સર્વ સંગથી પર એવો જીવનો પરિણામ જ કર્મના નાશનો ઉપાય દેખાય છે; કેમ કે સંગના પરિણામથી જ કર્મનું આવાગમન થાય છે અને તેનાથી વિરુદ્ધ એવા અસંગપરિણામથી જ કર્મનો નાશ થાય છે. આવો બોધ થવાથી તે મહાત્માને પોતાના અંતરંગ અસંગભાવમાં જ ઉદ્યમ કરવો શ્રેયકારી જણાય છે. તેથી તેવા મહાત્માને માટે બાહ્ય સર્વ કરણીઓ થાકી છે. અર્થાત્ જેમ થાકેલા પુરુષને બાહ્યકૃત્યો કરવાનો ઉત્સાહ નથી, તેમ તે મહાત્માને બાહ્યકરણી મોક્ષની સાધક નથી. તેમ જણાવાથી તેમાં ઉત્સાહ નથી. પરંતુ અંતરંગ અસંગભાવમાં જ યત્ન કરવાનો ઉત્સાહ છે અને તેવા મહાત્માઓમાં કરમનું જોર નરમ થઈ રહ્યું છે. અર્થાત્ સંસારી જીવોમાં જે કર્મનું જોર છે, તેથી દેહાદિનો સંગ કરીને દેહાદિ માટે સર્વ કૃત્યો કરતાં થાકતા નથી. જ્યારે જ્ઞાની પુરુષને તો દેહાદિમાં સંગની બુદ્ધિ નથી. તેથી તે મહાત્માનું સંગના પરિણામને કરાવનાર કર્મ નરમ થઈ રહ્યું છે.

વળી, સંસારી જીવોની કર્મોની સ્થિતિ પાકી નથી. તેથી ભવપરંપરાને ચલાવે તેવો જ સંસારી જીવો ઉદ્યમ કરનારા છે. પરંતુ નિશ્ચયનયના પરમાર્થને જાણનારા જ્ઞાની પુરુષની તો ભવની સ્થિતિ પાકી છે=નષ્ટપ્રાયઃ છે. તેથી અલ્પકાળમાં તેઓના ભવનો અંત થશે; કેમ કે ભવસ્થિતિને જીવાડનાર જીવનો સંગનો પરિણામ છે અને જ્ઞાનીપુરુષને તો બાહ્ય પદાર્થનો સંગ અસાર જણાય છે. તેથી ભવસ્થિતિનું બીજ નષ્ટ થઈ ગયું છે. તેથી તે મહાત્માની ભવસ્થિતિનો પરિપાક થયો છે.

વળી, નિશ્ચયનયના દૃષ્ટાંતથી જ્ઞાનીપુરુષ કેવા હોય છે તે બતાવે છે. જેમ કોઈ પુરુષના કંઠમાં સુવર્ણની માળા પડી હોય. આમ છતાં પોતાના કંઠમાં

માળા નથી તેવો ભ્રમ થવાથી તે માળાને શોધતો ફરે છે અને જ્યારે તેને કંઠમાં માળા દેખાય છે ત્યારે માળાને શોધવા માટેની ક્રિયા કરતો નથી. તેમ જેઓને નિશ્ચયનયનો પરમાર્થ દેખાયો નથી તેવા વ્યવહારનયને માનનારા જીવો પોતાના આત્મામાં રહેલા અસંગભાવને જોઈ શકતા નથી. તેથી અસંગભાવની પ્રાપ્તિના અર્થે વિવિધ પ્રકારની કષ્ટકારી ક્રિયાઓ કરે છે અને જ્યારે નિશ્ચયનયના પરમાર્થનો તેઓને બોધ થાય છે, ત્યારે તેઓ જાણે છે કે કર્મથી આવૃત થયેલા એવા મારા ગુણો મારા આત્મામાં જ વર્તે છે અને તે ગુણોને હું જોવા માટે અંતરંગ ઉપયોગવાળો થાઉં છું ત્યારે તે ઉપયોગથી તદ્આવારક કર્મ ખસે છે અને જેમ જેમ તદ્આવારક કર્મો ખસે છે, તેમ તેમ તે મહાત્મા તે ગુણોમાં રમે છે અને જેમ જેમ તે મહાત્મા પોતાના ગુણોમાં રમે છે તેમ તેમ પોતાના અસંગપરિણામનો ગુણ અધિકઅધિક નિર્મલ થાય છે અને તે પરિણામ પ્રકર્ષને પામીને વીતરાગતાનું કારણ બને છે. માટે તે જ્ઞાની પોતાના કંઠમાં રહેલી માળાની જેમ પોતાના આત્મામાં અસંગભાવના પરિણામને જોતાં તેમાં જ રમે છે. ॥૪॥

**અવતરણિકા :-**

**વળી, નિશ્ચયનય જ્ઞાનીને ક્રિયા કેમ ઉપયોગી નથી તે સ્પષ્ટ કરવા કહે છે –**

**ગાથા :-**

**ભાવ અશુદ્ધ જે પુદ્‌ગલ કેરા,**
**તે તો જાણ્યા સબહી અનેરા;**
**મોક્ષરૂપ અમે નિજગુણ વરિયા,**
**તે અર્થે કરશે કુણ કિરિયા. મોહના૦ ૫**

**ગાથાર્થ :-**

**પુદ્‌ગલ કેરા જે અશુદ્ધ ભાવ છે તે તો સબહી અનેરા જાણ્યા, અમે મોક્ષરૂપ નિજગુણને વરિયા તે અર્થે=મોક્ષની પ્રાપ્તિ અર્થે કિરિયા કુણ કરશે=અર્થાત્ અજ્ઞાની જ ક્રિયા કરે, જ્ઞાની કરે નહીં. ॥૫॥**

**ભાવાર્થ :-**

આત્મામાં રહેલા અશુદ્ધભાવને કાઢવા માટે વાસણને માંજવા જેવી વ્યવહારનયને અભિમત બાહ્યક્રિયાઓ છે. તેને નિશ્ચયનયવાદી કહે છે જે આત્મા ઉપર પુદ્ગલથી કરાયેલા અશુદ્ધભાવો છે તે સઘળા અશુદ્ધભાવો મારા નથી. મારાથી અન્યના છે અર્થાત્ પુદ્ગલના છે, એમ અમે જાણ્યું છે. તેથી શરીર આદિ પુદ્ગલની ક્રિયા મારી ક્રિયા નથી, પરંતુ પુદ્ગલની ક્રિયા છે તેમ જાણીને તે ક્રિયા સાથેના સંશ્લેષ વગરના અમે વર્તીએ છીએ અને મોક્ષરૂપ નિજગુણને અમે વરિયા છીએ=સર્વ કર્મોથી મુક્ત એવા આત્માને સર્વ બાહ્યપદાર્થો પ્રત્યે વીતરાગભાવ વર્તે છે=સર્વ બાહ્યપદાર્થો પ્રત્યે રાગનો અભાવ વર્તે છે. તે વીતરાગભાવરૂપ નિજગુણને અમે વરિયા છીએ=અર્થાત્ તે વીતરાગભાવને જ પ્રગટ કરવા માટે અમે અંતરંગ સર્વ યત્નો કરી રહ્યા છીએ. તે અર્થે=વીતરાગભાવને પ્રગટ કરવા અર્થે, ક્રિયા કોણ કરશે=કોઈ વિચારક કરશે નહીં.

આશય એ છે કે પોતાનો આત્મા પુદ્ગલથી કરાયેલા અશુદ્ધભાવમાં વર્તે છે તેવો જેને બોધ છે, તેવા બોધવાળા જીવો તે અશુદ્ધભાવને કાઢવા માટે સંયમની ક્રિયા કરે છે તે સંગત થાય. પરંતુ જ્ઞાની તો જાણે છે કે પુદ્ગલમાં વર્તતા અશુદ્ધભાવો મારા નથી, મારા આત્માના ભાવો તો વીતરાગભાવરૂપ છે અને તે વીતરાગભાવમાં રહેવા માટે હું ઉદ્યમ કરું એ જ મોક્ષનું કારણ છે. તેથી વીતરાગભાવને ઉલ્લસિત કરવા માટે બાહ્યક્રિયાની આવશ્યકતા નથી. માટે અંતરંગભાવથી જ મોક્ષની સિદ્ધિ છે, બાહ્યક્રિયાઓથી નહીં. **॥૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં નિશ્ચયનયે કહ્યું કે મોક્ષ અર્થે નિજગુણમાં ઉદ્યમ આવશ્યક છે, બાહ્યક્રિયાની આવશ્યક્તા નથી. તેને વ્યવહારનય કહે છે –**

**ગાથા :-**

**હવે વ્યવહાર કહે સુણો પ્યારા,**
**એ મીઠા તુમ બોલ દુચારા;**
**ભણતાંને અણકરતાં ભાસો,**
**વચન વીર્ય કરી આપ વિમાસો. મોહના૦ ૬**

**ગાથાર્થ :-**

**હવે વ્યવહાર કહે સુણો પ્યારા=પ્યારા એવા પ્રતિપક્ષનયને વ્યવહારનય કહે છે તમે સાંભળો. એ મીઠા તુમ બોલ દુચારા=તમારા બે-ચાર એ બોલ મીઠા છે. ભણતાંને અણકરતાં ભાસો છો=નિજગુણને અમે વરિયા છીએ તેમ બોલતા અને નિજ ગુણમાં ઉદ્યમ અણકરતાં ભાસો છો. વચન વીર્ય કરી=વચનથી હું નિજગુણમાં વર્તુ છું, એ પ્રકારનો વિચાર કરી આપ વિમાસો છો=સ્વયં વિમાસો છો. ॥૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં નિશ્ચયનયે કહ્યું કે, મોક્ષનિષ્પત્તિ માટે અમે નિજગુણમાં ઉદ્યમ કરીએ છીએ. નિજગુણની પ્રાપ્તિ અર્થે પુદ્‌ગલની બાહ્યક્રિયા કોણ કરે ? અર્થાત્ વિચારક કરે નહીં. તેને વ્યવહારનય કહે છે, હે પ્યારા, તું મારી વાત સાંભળ. તારા નિજગુણના ઉદ્યમના બે-ચાર બોલો મીઠા લાગે છે=વિચારકને ગમે છે; કેમ કે નિજસ્વભાવરૂપ મોક્ષની પ્રાપ્તિ અર્થે નિજગુણમાં ઉદ્યમ કરવો જોઈએ. એ વાત વિચારકને પ્રીતિ ઉત્પન્ન કરે છે. પરંતુ મોક્ષ અર્થે અમે નિજગુણમાં યત્ન કરીએ છીએ એમ બોલનારા નિશ્ચયનયવાદી નિજગુણમાં ઉદ્યમ નહીં કરતા ભાસે છે. કેમ નિજગુણમાં ઉદ્યમ નથી કરતા ? તેથી કહે છે, નિજગુણમાં ઉદ્યમ કરવો જોઈએ, એ પ્રકારના વચનવીર્યને પ્રવર્તાવે છે. પરંતુ એ પ્રકારે બોલવા માત્રથી નિજગુણમાં ઉદ્યમ થઈ શકતો નથી. પરંતુ નિજગુણમાં ઉદ્યમ કરવા માટે તેને અનુરૂપ ઉચિત ક્રિયા કરવી પડે અને તે ક્રિયાથી જ નિજગુણમાં ઉદ્યમ થઈ શકે. આમ છતાં નિજગુણનાં ઉદ્યમ અર્થે ક્રિયા આવશ્યક નથી, એમ કહીને આપ વિમાસણમાં પડો છો=ખોટા વિકલ્પોમાં પડો છો. **॥૬॥**

**અવતરણિકા :-**

**વળી, વ્યવહારનય નિજગુણના ઉદ્યમ માટે ક્રિયા આવશ્યક છે તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**જે અભિમાન રહિત તે સાખી,**
**શક્તિ ક્રિયામાં તે છે આખી;**

**ક્રિયા જે શુભ જોગે માંડે,**
**ખેદાદિક દૂષણ સવિ છાંડે. મોહના૦ ૭**

**ગાથાર્થ :-**

**જે અભિમાન રહિત છે=પોતાના દેહથી થતા ભાવોમાં આ ભાવો મને થાય છે, એ પ્રકારના અભિમાનરહિત છે, તેઓ સાક્ષીભાવવાળા છે અને ક્રિયામાં તે શક્તિ છે આખી=સંયમની ઉચિત ક્રિયામાં દેહમાં અભિમાન રહિત થવાની આખી શક્તિ રહેલી છે. જે શુભ જોગે ક્રિયા માંડે=જેઓ "નિશ્ચયનયને અભિમત એવા ભાવો મારે પ્રગટ કરવા છે" એ પ્રકારના શુભ મનોવ્યાપારથી ક્રિયાને કરે છે, તેઓ ખેદાદિક દૂષણ સવિ છાંડે=ખેદાદિ ક્રિયાના આઠે દોષોનો પરિહાર કરે છે અને તેવી ક્રિયામાં સાક્ષીભાવ પ્રગટ કરવાની શક્તિ છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનયને વ્યવહારનય કહે છે. આત્માને સાક્ષીભાવમાં રાખવો તે મોક્ષનો ઉપાય છે. તેમ તું કહે છે તે સાક્ષીભાવ દેહમાં હુંપણાનું અભિમાન કે મારાપણાનું અભિમાન રહે નહિ તો સંભવે. અને દેહમાં હુંપણાના અને મારાપણાના અભિમાન વગર દેહને સાચવવાની કે સારસંભાળ કરવાની પ્રવૃત્તિ થતી નથી. પરંતુ દેહથી થતા ભાવો પોતાને જ થાય છે, તેવી બુદ્ધિ વર્તતી હોવાથી દેહના પાલન અર્થે અને અનુકૂળતા અર્થે સર્વ ઉદ્યમો થાય છે. તેથી હું સાક્ષીભાવથી દેહની સંભાળ કરું છું, તે વચનપ્રયોગ માત્ર બને છે.

વસ્તુતઃ દેહમાં સાક્ષીભાવ ધારણ કરવો હોય તો તેની પૂર્ણશક્તિ ક્રિયામાં જ છે. દેહ પ્રત્યે નિરપેક્ષ થઈને ભગવાનના વચનથી આત્માને વાસિત કરવા જે મહાત્માઓ ઉદ્યમ કરે છે તેઓ સાક્ષીભાવને પ્રગટ કરવા માટે સાક્ષીભાવની ઉપષ્ટંભક એવી સંયમની ક્રિયાઓ કરે છે અને પોતાના સાક્ષીભાવની વૃદ્ધિના ઉપાયમાં ઉપષ્ટંભક એવા નિર્દોષ આહારાદિમાં યત્ન કરે છે. અને જેઓ તેવી સંયમની કોઈ ક્રિયા કરતા નથી અને દેહને જે કંઈ અનુકૂળ છે, તેમાં ઉદ્યમ કરે છે અને મનથી વિચારે છે કે હું સાક્ષીભાવથી દેહના પાલનપોષણની ક્રિયાઓ

કરું છું અને તે પ્રકારનો વચનપ્રયોગ કરીને મનથી સંતોષ માને છે તેઓ પરમાર્થથી સાક્ષીભાવવાળા નથી. વળી, જેઓ દેહમાં અભિમાન વગરના છે, તેઓ દેહ પ્રત્યેનો નિરપેક્ષભાવ દૃઢ કરવા અર્થે તપ-સંયમની ક્રિયા કરે છે અને સાક્ષીભાવની વૃદ્ધિના ઉપાયભૂત જે ક્રિયાઓ કરે છે, તે ક્રિયાઓમાં જે ખેદાદિ આઠ દૂષણો છે, તે સર્વનો પરિહાર કરે છે અને તે દૂષણરહિત ક્રિયામાં યત્નથી જ તે મહાત્માઓ દેહાદિ પ્રત્યેના મમત્વરહિત થાય છે. જેથી તેઓમાં સ્વભૂમિકા અનુસાર સાક્ષીભાવ પ્રગટ થાય છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**વળી, ક્રિયા વગર સાક્ષીભાવ આવતો નથી તે સ્પષ્ટ કરવા અર્થે વ્યવહારનય કહે છે –**

**ગાથા :-**

**ભૂખ ન ભાંજે ભોજન દીઠે,**
**વિણ ખાંડે તુષ વ્રીહી ન નીઠે;**
**માંજ્યા વિણ જિમ પાત્ર ન આછું,**
**કિરિયા વિણ તિમ સાધન પાછું. મોહના૦ ૮**

**ગાથાર્થ :-**

**ભૂખ ન ભાંજે ભોજન દીઠે=ભોજનને જોવાથી ભૂખ ભાંગતી નથી. વિણ ખાંડે તુષ વ્રીહિ ન નીઠે=ફોતરાને ખાંડ્યા વગર ઘઉં ફોતરાથી છૂટા પડતા નથી. જિમ વિણ માંજ્યા પાત્ર ન આછું=પાત્રને માંજ્યા વગર પાત્ર ચોખ્ખું થતું નથી. કિરિયા વિણ સાધન પાછું=ક્રિયા વગર તેમ સાક્ષીભાવના વિચારરૂપ સાધન પાછું પડે છે=નિષ્ફળ જાય છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

કોઈ પુરુષને ભૂખ લાગી હોય અને ભોજન જુએ તેટલા માત્રથી દુઃખ મટતું નથી, પરંતુ ભોજનની ક્રિયા કરવી પડે છે. તેમ આત્મામાં સાક્ષીભાવ મોક્ષનું કારણ છે તેવો વિચાર કરવા માત્રથી સાક્ષીભાવ આત્મામાં આવતો નથી. પરંતુ સાક્ષીભાવને અનુકૂળ ઉચિત તપ-સંયમની ક્રિયા કરવી પડે છે. આથી જ

સાક્ષીભાવને પ્રગટ કરવા અર્થે મહાસત્ત્વશાળી એવા તીર્થંકર પણ સંયમ ગ્રહણ કરીને સંયમની ઉચિત ક્રિયાઓ કરે છે, પરંતુ દેહનું પાલનપોષણ કરતા નથી.

વળી, ધાન્ય ઉપર ફોતરાં લાગેલાં હોય તેને ખાંડવાની ક્રિયા કરવામાં આવે તો ફોતરાં છૂટાં પડે છે. ક્રિયા વગર વિચાર કરવા માત્રથી ફોતરાં વગરનું ધાન્ય પ્રાપ્ત થતું નથી. તેમ આત્મા ઉપર કર્મ લાગેલાં છે અને તે કર્મના કારણે આત્મા સંગના પરિણામવાળો થાય છે. આમ છતાં હું સંગ વગરનો છું, હું સાક્ષીભાવથી કરું છું, તેમ વિચાર કરવા માત્રથી સંગનો ભાવ આત્માથી છૂટો પડતો નથી. પરંતુ ખેદાદિ દોષના પરિહારપૂર્વક સ્વભૂમિકા અનુસાર ક્રિયાઓ કરવામાં આવે તો આત્મા ઉપર લાગેલો સંગનો પરિણામ દૂર થાય છે અને નિર્લેપ પરિણતિરૂપ સાક્ષીભાવ પ્રગટ થાય છે.

વળી, કોઈ પાત્ર મલિન થયું હોય તો માંજવાની ક્રિયા કર્યા વગર તે પાત્ર ચોખ્ખું થતું નથી. તેમ કર્મમલથી મલિન આત્મા સંગના ભાવવાળો વર્તે છે. તેને ચોખ્ખો કરવા માટેની તપ-સંયમની ક્રિયા કર્યા વગર માત્ર સાક્ષીભાવનો વિચાર કરવાથી સાક્ષીભાવ પ્રગટ થતો નથી. આથી ક્રિયા કર્યા વગર સાક્ષીભાવના વિચારરૂપ સાધન પાછું પડે છે અને તે મહાત્મા "મારે સાક્ષીભાવ પ્રગટ કરવો છે" એ પ્રકારના સાધનને અનુરૂપ ઉચિત ક્રિયાઓ કરે તો સાક્ષીભાવની નિષ્પત્તિનું કારણ તે મહાત્માની ક્રિયાઓ બને છે. માટે નિશ્ચયનયે નિજગુણના પ્રગટ અર્થે ઉચિત ક્રિયાઓ કારણ છે એમ સ્વીકારવું જોઈએ તેમ વ્યવહારનય કહે છે. **॥૮॥**

**અવતરણિકા :-**

**વળી, વ્યવહારનય પોતાના કથનની પુષ્ટિ કરતાં કહે છે –**

**ગાથા :-**

**મોક્ષ રૂપ આતમ નિરધારી,**
**નવિ થાક્યા જિનવર-ગણધારી;**
**ક્રિયા-જ્ઞાન જે અનુક્રમે સેવે,**
**સુજસ રંગ તેહને પ્રભુ દેવે.મોહના૦ ૯**

**ગાથાર્થ :-**

**મોક્ષ રૂપ આતમ નિરધારી=સર્વકર્મોથી મુક્ત એવી આત્માની અવસ્થારૂપ મોક્ષનો નિર્ધાર કરી અર્થાત્ સર્વકર્મોથી રહિત મારો આત્મા છે, એ પ્રકારનો નિર્ધાર કરી, નવિ થાક્યા જિનવર-ગણધારી=જિનેશ્વરો અને ગણને ધારણ કરનારાઓ થાક્યા નહીં=સંયમની ઉચિત ક્રિયા કરવામાં થાક્યા નહીં. તેથી જે અનુક્રમે ક્રિયા-જ્ઞાન સેવે=તેથી જેઓ ક્રિયા અને જ્ઞાનને અનુક્રમે સેવે તેહને પ્રભુ સુજસ રંગ દેવે=તેઓને સુજસનો રંગ પ્રભુ આપે છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

તીર્થંકરો અને ગણને ધારણ કરનારા સુવિહિત આચાર્યો શાસ્ત્રો ભણીને મોક્ષના પારમાર્થિક સ્વરૂપનો નિર્ધાર કરે છે અને "મારું મુક્ત સ્વરૂપ મારે પ્રગટ કરવું છે" તેવો નિર્ધાર કરે છે. "મારું મુક્ત સ્વરૂપ મારે પ્રગટ કરવું છે" એવો દૃઢ નિર્ણય કરીને તીર્થંકર અને ગણધર ઉચિત ક્રિયા કરવામાં થાક્યા નથી. પરંતુ ઉચિત ક્રિયામાં સદા ઉદ્યમ કરીને મોક્ષને પ્રાપ્ત કર્યો છે. માટે વ્યવહારનય કહે છે કે, "જે જીવો શાસ્ત્રો ભણીને આત્માના પારમાર્થિક સ્વરૂપનું જ્ઞાન મેળવશે અને વિચારશે કે જીવના સંશ્લેષના ભાવથી જ સંસાર વધે છે અને સંશ્લેષ વગરના ભાવથી જ સંસારનો ઉચ્છેદ થાય છે. માટે મારે સંશ્લેષ વગરનો ભાવ પ્રગટ કરવો હોય તો તેને ઉચિત ક્રિયાઓ કરવી જોઈએ." આ પ્રકારે સ્થિર નિર્ણય કરીને જેઓ સંશ્લેષ વગરનો ભાવ પ્રગટ કરવા માટે જ્ઞાન-ક્રિયામાં ઉદ્યમ કરે છે અર્થાત્ પ્રથમ સમ્યક્જ્ઞાન મેળવે છે અને ત્યારપછી તેને અનુરૂપ ઉચિત ક્રિયાઓ કરે છે, તેઓને સુયશનો રંગ ભગવાન આપે છે. અર્થાત્ ભગવાનના વચનથી તેઓને ઉત્તરોત્તરની અસંગભૂમિકાની પ્રાપ્તિ દ્વારા અંતે સર્વ સંગરહિત મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે મોક્ષના અર્થીએ સમ્યક્જ્ઞાનમાં અને સમ્યક્ક્રિયામાં ઉદ્યમ કરવો જોઈએ. ॥૯॥

## ઢાળ-૪

(રાગ : બેડલે ભારે મરું છું રાજ - એ દેશી.)

**અવતરણિકા :-**

**પૂર્વની ઢાળમાં વ્યવહારનયે સ્થાપન કર્યું કે ભાવપ્રાપ્તિના ઉપાયરૂપે ઉચિત ક્રિયા કરવી જોઈએ. તેને નિશ્ચયનય કહે છે –**

**ગાથા :-**

**નિશ્ચય કહે વિણ ભાવ પ્રમાણે, કિરિયા કામ ન આવે;**
**આવ્યો ભાવ તો કિરિયા થાકી, ધ્રાયાં જિમણ ન ભાવે;**
**માનો બોલ હમારો રાજ, તાણાતાણ ન કીજે. ૧**

**ગાથાર્થ :-**

**નિશ્ચય કહે વિણભાવ પ્રમાણે કિરિયા કામ ન આવે=ભાવના પ્રમાણ વગર ક્રિયા કામ આવે નહીં એમ નિશ્ચયનય કહે છે. ભાવ આવ્યો તો કિરિયા થાકી=વળી ભાવ આવ્યો તો ક્રિયા થાકી અર્થાત્ જે ભાવ પ્રગટ કરવો છે તે ભાવ આવી ગયો તો ક્રિયાનું કોઈ પ્રયોજન નથી. ધ્રાયાં જિમણ ન ભાવે=ધરાયાને જમવાનું ભાવતું નથી. તેમ ભાવ આવ્યો તો ક્રિયાનું પ્રયોજન નથી. નિશ્ચયનય વ્યવહારનયને કહે છે. અમારો બોલ હે રાજ! માનો. તાણાતાણ કરો નહીં અર્થાત્ તાણાતાણ કરીને ક્રિયાનું સ્થાપન કરો નહીં. ॥૧॥**

**ભાવાર્થ :-**

વ્યવહારનયને નિશ્ચયનય કહે છે મોક્ષને અનુકૂળ એવો પ્રમાણભૂત ભાવ ન હોય તો ક્રિયા મોક્ષની પ્રાપ્તિમાં કાંઈ કામ આવતી નથી અને મોક્ષની પ્રાપ્તિને અનુકૂળ નિર્લેપતાનો ભાવ આવી જાય તો ક્રિયા થાકે છે અર્થાત્ ક્રિયા કરવાનું કોઈ પ્રયોજન રહેતું નથી. તેથી એ ફલિત થાય છે કે ભાવ ન હોય તો ક્રિયા નકામી થાય છે અને ભાવ પ્રાપ્ત હોય તો પણ ક્રિયા નકામી થાય છે. જમવાથી ધરાયેલા પુરુષને જમવાનું ભાવતું નથી. તેમ ભાવપ્રાપ્તને ક્રિયાનું પ્રયોજન નથી. આમ કહીને નિશ્ચયનય વ્યવહારનયને કહે છે, મારો બોલ

માનો પરંતુ તાણાતાણ કરો નહીં અને વિચારો કે ભાવ વગરની ક્રિયા નકામી છે. ભાવ પ્રાપ્ત થાય તો પણ ક્રિયા નકામી છે. માટે ક્રિયાનો આગ્રહ છોડીને મોક્ષના અર્થે ભાવમાં જ ઉદ્યમ કરવો ઉચિત છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**વળી, નિશ્ચયનય પોતાના કથનને શાસ્ત્રવચનથી દૃઢ કરતાં કહે છે –**

**ગાથા :-**

**શ્રમણ હુઈ ગણધર પ્રવ્રજ્યા, મિલે તે ભાવ પ્રમાણે;**
**લિંગ પ્રયોજન જન-મનરંજન, ઉત્તરાધ્યયને વખાણે. માનો૦ ૨**

**ગાથાર્થ :-**

**શ્રમણ હુઈ ગણધર પ્રવ્રજ્યા=શ્રમણ થઈ ગણધરની પ્રવ્રજ્યા. તે ભાવ મિલે પ્રમાણે=તે ભાવ મળે પ્રમાણ થાય. લિંગ પ્રયોજન જન-મનરંજન. લિંગનું પ્રયોજન=સાધુવેશનું પ્રયોજન=સંયમની બાહ્યક્રિયાનું પ્રયોજન. જન-મનરંજન ઉત્તરાધ્યયને વખાણે=ઉત્તરાધ્યયનમાં વખાણ્યું છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા શ્રમણ થાય અર્થાત્ સાધુપણું ગ્રહણ કરે અને ગણના ધારણ કરનારા બને અને સાધુપણાનો નિર્લેપભાવ તેમાં ભળે તો તેમની પ્રવ્રજ્યા પ્રમાણ બને. જો નિર્લેપભાવ પ્રગટ થાય નહીં તો તે સાધુવેશ અને સંયમની સર્વક્રિયાનું પ્રયોજન લોકોના મનના રંજન માટે છે=લોકોને આ મહાત્મા ત્યાગી છે તે બતાવવા માટે છે. આત્મકલ્યાણ માટે નથી, તેમ ઉત્તરાધ્યયનમાં બતાવ્યું છે. માટે ભાવ વગરનો સાધુવેશ કે સંયમની ક્રિયા આત્મકલ્યાણનું કારણ નથી. માટે મોક્ષાર્થીએ ભાવમાં જ ઉદ્યમ કરવો જોઈએ. એમ નિશ્ચયનય વ્યવહારનયને કહે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**વળી, ઓઘનિર્યુક્તિ અને ભગવતીસૂત્રના વચનથી પણ મોક્ષનું કારણ ભાવ જ છે તેમ નિશ્ચયનય બતાવે છે –**

**ગાથા :-**

**નિજ પરિણામ જ ભાવ પ્રમાણ્યો, વલી ઓઘનિર્યુક્તેં;**
**આતમ સામાયિક ભગવઈમાં ભાખ્યું તે જુઓ જુગતેં. માનો૦ ૩**

**ગાથાર્થ :-**

**વળી, ઓઘનિર્યુક્તે નિજ પરિણામ જ ભાવ પ્રમાણ્યો=વળી, ઓઘનિર્યુક્તિમાં પોતાના પરિણામરૂપ ભાવ જ પ્રમાણ કહ્યો છે. વળી, ભગવતીમાં આત્મા સામાયિક ભાખ્યું છે, તે યુક્તિથી જુઓ. ॥૩॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનય કહે છે, ઓઘનિર્યુક્તિમાં સ્પષ્ટ કહ્યું છે કે પરિણામરૂપ ભાવ ન હોય તો સંયમની સર્વ ક્રિયા નિષ્ફળ છે. માટે મોક્ષના અર્થીએ એ ભાવમાં ઉદ્યમ કરવો જોઈએ, માત્ર ક્રિયાનો ઉદ્યમ કરવો જોઈએ નહીં. ભગવતીમાં આત્મા સામાયિક કહ્યો છે. તેથી એ ફલિત થાય કે મોહના પરિણામના સ્પર્શ વગરનો આત્મા સામાયિક છે. પરંતુ સામાયિકના ગ્રહણરૂપ ક્રિયા સામાયિક નથી. તેથી યુક્તિથી વિચારો કે શાસ્ત્રમાં પણ મોક્ષનો ઉપાય ભાવ જ કહ્યો છે. માટે મોક્ષના અર્થીએ ભાવમાં ઉદ્યમ કરવો જોઈએ એમ નિશ્ચયનય કહે છે. ॥૩॥

**અવતરણિકા :-**

**નિશ્ચયનયના કથનને વ્યવહારનય ઉત્તર આપે છે –**

**ગાથા :-**

**નય વ્યવહાર કહે સવિ શ્રુતમાં, ભાવ કહ્યો તે સાચો;**
**પણ ક્રિયાથી તે હોએ જાચો, કિરિયા વિણ હોએ કાચો.**
**માનો૦ ૪**

**ગાથાર્થ :-**

**વ્યવહારનય કહે સવિ શ્રુતમાં=સર્વ આગમમાં ભાવ કહ્યો તે સાચો=મોક્ષનું કારણ ભાવ કહ્યો તે સાચું છે. પણ ક્રિયાથી તે જાચો**

**હોએ=સાચો થાય છે. કિરિયા વિણ હોએ કાચો=ક્રિયા વગર કાચો થાય છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

વ્યવહારનય નિશ્ચયનયને કહે છે ઉત્તરાધ્યયનમાં, ઓઘનિર્યુક્તિમાં કે ભગવતીમાં મોક્ષના ઉપાયરૂપે ભાવ કહ્યો છે, તે સાચું છે; કેમ કે ભાવ વગર મોક્ષની પ્રાપ્તિ નથી. પરંતુ તે સાચો ભાવ ક્રિયાથી આવે છે. જો ક્રિયા કરવામાં ન આવે અને માત્ર "મારો સાક્ષીભાવ છે," એ પ્રકારે વિચાર કરવામાં આવે અને દેહાદિને અનુકૂળ સર્વ ક્રિયા સેવવામાં આવે તો સાક્ષીભાવને અનુકૂળ ક્રિયા વગર સાક્ષીભાવના વિચારરૂપ ભાવ કાચો હોય છે અર્થાત્ બોલવા માત્રરૂપ હોય છે. આત્મામાં સાક્ષીભાવને સ્ફુરણ કરે તેવો દૃઢ ભાવ નથી. માટે સાચા ભાવના અર્થીએ સાચા ભાવને અનુરૂપ ઉચિત ક્રિયા કરવી જોઈએ. **॥૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં વ્યવહારનયે કહ્યું કે ક્રિયા વગર ભાવ કાચો હોય છે. તેથી સાચા ભાવના અર્થીએ ક્રિયામાં ઉદ્યમ કરવો જોઈએ. વળી, પોતાના કથનને પુષ્ટ કરવા માટે વ્યવહારનય કહે છે –**

**ગાથા :-**

**ભાવ નવો કિરિયાથી આવે, આવ્યો તે વલી વાધે;**
**નવિ પડે, ચડે ગુણશ્રેણે, તેણે મુનિ કિરિયા સાધે. માનો૦ ૫**

**ગાથાર્થ :-**

**નવો ભાવ કિરિયાથી આવે અને આવેલો ભાવ વળી કિરિયાથી વાધે છે. વળી, ક્રિયા કરવાથી આવેલો ભાવ પડતો નથી. પરંતુ ગુણશ્રેણિઓમાં ચઢે છે. તેથી મુનિ કિરિયાને સાધે છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

વ્યવહારનય કહે છે કે નિશ્ચયનયને જે "નિર્લેપભાવ મોક્ષને માટે કારણરૂપે સંમત છે" તેવો ભાવ ક્રિયાથી આવે છે. અર્થાત્ ક્રિયા કરવાના પૂર્વે તેવો ભાવ પ્રગટ કરવાને અનુકૂળ ભાવ હોય છે. તેનાથી ક્રિયામાં ઉદ્યમ થાય છે અને

ક્રિયામાં ઉદ્યમ કરવાથી પૂર્વમાં ન હોય તેવો નવો ભાવ આવે છે. વળી, ક્રિયાના સેવનથી તે તે ગુણસ્થાનકને અનુરૂપ નવો ભાવ આવ્યા પછી તે તે ગુણસ્થાનકને અનુરૂપ ક્રિયા કરવાથી તે ભાવ ઉત્તરોત્તર વધે છે. વળી, તે તે ગુણસ્થાનકની ક્રિયા કરવાથી પ્રગટ થયેલો ભાવ પડતો નથી અને તે તે ગુણસ્થાનકની ગુણશ્રેણિ ઉત્તરોત્તર વધે છે. તેથી મુનિ સંયમ ગુણસ્થાનકની ક્રિયાને સાધે છે. **||૫||**

**અવતરણિકા :-**

**વળી, વ્યવહારનય નિશ્ચયવાદીને કહે છે કે "ક્રિયા નહીં કરનારા અને માત્ર નિશ્ચયથી શુદ્ધિને માનનારા જીવો પરમાર્થથી માર્ગમાં નથી." તેમ ઓઘનિર્યુક્તિનું વચન છે તે બતાવે છે –**

**ગાથા :-**

**નિશ્ચયથી નિશ્ચય નવિ જાણ્યો, જેણે ક્રિયા નવિ પાલી;**
**વચન માત્ર નિશ્ચયસું વિચારે, ઓઘ-વચન જુઓ ભાલી.**
**માનો૦ ૬**

**ગાથાર્થ :-**

**નિશ્ચયથી=નિશ્ચયનયથી, નિશ્ચયનયને જાણ્યો નથી, જેણે ક્રિયા પાળી નથી, તો નિશ્ચયનયથી સિદ્ધિ માનનારા શું કરે છે તેને બતાવે છે. "નિશ્ચયનું વચનમાત્ર વિચારે છે" આ પ્રકારનું ઓઘનિર્યુક્તિનું વચન ભાલીને જુઓ=સમ્યક્ રીતે જુઓ. ||૬||**

**ભાવાર્થ :-**

ગાથા-૩માં નિશ્ચયનયવાદીએ ઓઘનિર્યુક્તિનું વચન લઈને કહેલું કે આત્માના પરિણામરૂપ ભાવ જ પ્રમાણ છે. માટે ઓઘનિર્યુક્તિના વચન અનુસાર પણ મોક્ષનું કારણ નિર્લેપ ભાવ છે, સંયમની ક્રિયા નથી. તેને વ્યવહારનય ઓઘનિર્યુક્તિના વચનથી જ કહે છે. ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે જેઓ ક્રિયા કરતા નથી તેઓએ નિશ્ચયથી નિશ્ચયનયને જાણ્યો નથી=પરમાર્થથી નિશ્ચયનયને સમજ્યા નથી. ત્યાં પ્રશ્ન થાય કે ક્રિયા નહીં કરનારા પણ નિશ્ચયનયને સામે

રાખીને ચિત્તને નિર્લેપભાવરૂપે પ્રવર્તાવે છે. તેથી તેઓએ નિશ્ચયનયને જાણ્યો નથી તેમ કેમ કહેવાય? તેથી કહે છે વચનમાત્રરૂપે નિશ્ચયનયનો વિચાર કરે છે અર્થાત્ નિશ્ચયનયના વચનને ગ્રહણ કરીને મનમાં વિચારે છે કે જગતના ભાવો પ્રત્યે થયેલો નિર્લેપ પરિણામ જ મોક્ષનું કારણ છે.

વસ્તુત: તે નિર્લેપભાવને પ્રગટ કરવા માટે જે જે ભૂમિકારૂપ નિર્લેપભાવ પોતાનાથી શકય હોય તે તે ભૂમિકાની ઉચિત ક્રિયા કરવાથી તે તે ભૂમિકાનો નિર્લેપભાવ પ્રગટ થાય છે. પરંતુ માત્ર વિચાર કરવાથી નિર્લેપભાવ આવતો નથી. એ પ્રકારના પરમાર્થને તેઓ જાણતા નથી.

આ પ્રકારનું **ઓઘનિર્યુક્તિનું** વચન છે. તેથી નિશ્ચયનયવાદીએ તે વચનને સમ્યક્ જોવું જોઈએ. **॥૬॥**

**અવતરણિકા :-**

**વળી, વ્યવહારનય પોતાનું કથન પુષ્ટ કરતાં નિશ્ચયનયવાદીને કહે છે –**

**ગાથા :-**

**જિમ જિમ ભાવ ક્રિયામાંહિ ભલશે, સાકર જિમ પયમાંહિં;**
**તિમ તિમ સ્વાદ હોશે અધિકેરો, જસ વિલાસ ઉચ્છાહિં.**

**માનો૦ ૭**

**ગાથાર્થ :-**

**જિમ જિમ કિરિયામાં ભાવ ભળશે. જેમ દૂધમાંહે સાકર તેમ તેમ અધિક સ્વાદ થશે અને ઉત્સાહથી જસનો વિલાસ થશે. ॥૭॥**

**ભાવાર્થ :-**

વ્યવહારનયવાદી નિશ્ચયનયવાદીને કહે છે. જે ભાવ નિશ્ચયનયવાદીને અભિમત છે તે ભાવ જેમ જેમ ક્રિયામાં ભળે તેમ તેમ અધિક સ્વાદ પ્રગટ થાય છે. જેમ દૂધમાં મધુરતા છે અને તેમાં સાકર ભળે તો દૂધમાં અધિક મધુરતા થાય છે, તેમ મધુર એવી ક્રિયામાં ભાવ ભળે તો તે ક્રિયાનો સ્વાદ વિશેષ મધુર બને છે અને તે મધુર સ્વાદવાળી ક્રિયા બનવાથી તે ક્રિયા કરનારને ઉત્સાહ

પ્રગટે છે. જેના કારણે તે ક્રિયા કરનારને યશનો વિલાસ પ્રાપ્ત થાય છે= સદ્ગતિઓની પરંપરારૂપ ઉત્તમ ભાવની પ્રાપ્તિ થશે તે સ્વરૂપે યશનો વિલાસ પ્રાપ્ત થશે.

આશય એ છે કે ભગવાને બતાવેલી સર્વ ક્રિયાઓ ભગવાનના વચનનું સ્મરણ કરીને જિનવચનાનુસાર જે મહાત્માઓ કરે છે તે ક્રિયા મધુર સ્વાદવાળા દૂધ જેવી છે. તેવી ક્રિયા કરનારા મહાત્મા નિશ્ચયનયનું અવલંબન લઈને ક્રિયાકાળમાં વીતરાગભાવને અનુરૂપ ભાવ ઉલ્લસિત થાય તેવા યત્નપૂર્વક દૃઢ વ્યાપાર કરે તો તે ક્રિયામાં ભાવ ભળે છે અને જેમ જેમ તે મહાત્મા ભાવનિષ્પત્તિના દૃઢપ્રણિધાનપૂર્વક ક્રિયા કરશે તેમ તેમ ક્રિયામાં અધિક અધિક ભાવ ભળશે. તેથી તે ક્રિયાઓ માત્ર ક્રિયારૂપ બનશે નહીં. પરંતુ શાંતરસના પરિણામરૂપ સ્વાદથી યુક્ત એવી ક્રિયા બનશે. જેમ જેમ તે મહાત્માને ક્રિયાકાળમાં શાંતરસનો સ્વાદ પ્રગટ થશે તેમ તેમ "પોતાના સંસારનો ઉચ્છેદ થઈ રહ્યો છે" તેવો સ્પષ્ટ નિર્ણય તે મહાત્માને થવાથી ક્રિયા કરવામાં ઉત્સાહ વધશે અને ઉત્સાહપૂર્વક તે મહાત્મા ક્રિયા કરીને ઉત્તમકોટિનો પુણ્યબંધ અને ગુણસ્થાનકની પ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મોની નિર્જરા પ્રાપ્ત કરશે. જેથી તે મહાત્મા યશના વિલાસને પ્રાપ્ત કરશે. **॥૭॥**

## ઢાળ-૫

(રાગ : બટાઉયાની દેશી.)

**અવતરણિકા :-**

પૂર્વની ઢાળમાં વ્યવહારનયવાદીએ ભાવની પ્રાપ્તિનો ઉપાય અને વૃદ્ધિનો ઉપાય ક્રિયા છે, તેમ સ્થાપન કર્યું, તેને નિશ્ચયનયવાદી કહે છે –

**ગાથા :-**

**નિશ્ચય નયવાદી કહે રે, ષટ્દર્શનમાંહિં સાર;**
**સમતા સાધન મોક્ષનું, એહવો કીધો નિરધાર રે.**
**મનમાંહીં ધરીજે પ્યાર રે, અમે કહું છું તુમ ઉપગાર રે,**
**બલિહારી ગુણની ગોઠડી મેરે લાલ. એ આંકણી. ૧**

**ગાથાર્થ :-**

**નિશ્ચયનયવાદી કહે છે, છએ દર્શનમાં સાર અને મોક્ષનું સાધન સમતા છે. એવો નિર્ધાર અમે કર્યો છે માટે "મનમાંહે સમતાનો પ્યાર ધારણ કરવો જોઈએ" એ પ્રમાણે તારા ઉપર ઉપકાર કરવા માટે અમે કહીએ છીએ=વ્યવહારનયવાદી ઉપર ઉપકાર કરવા માટે અમે કહીએ છીએ. ગુણની મૈત્રીની બલિહારી છે=સમતાગુણની મૈત્રીની બલિહારી છે મેરે લાલ. એ પ્રમાણે નિશ્ચયનયવાદી કહે છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

છએ દર્શનો મોક્ષ અર્થે ઉપદેશ આપે છે અને છએ છ દર્શનોનો મોક્ષ અર્થેના ઉપદેશનો સાર સમતાનો પરિણામ છે. માટે "સમતા એ મોક્ષનું સાધન છે" એવો નિર્ણય અમે કીધો છે. એમ નિશ્ચયનયવાદી વ્યવહારનયવાદીને કહે છે.

વળી, નિશ્ચયનયવાદી કહે છે, અમે પરપંચાત કરવામાં રસ ધરાવતા નથી; કેમ કે તત્ત્વની પ્રાપ્તિ થઈ ગઈ છે. ફક્ત તમારા ઉપર ઉપકાર કરવા માટે કહીએ છીએ. મનમાં સમતા ઉપર પ્રેમ ધારણ કરો. જે સમતા મોક્ષનું સાધન છે અને સમતાના સેવનથી ક્રમસર વધતી વધતી સમતા મોક્ષનું કારણ બનશે.

માટે ક્રિયાનો આગ્રહ છોડીને મોક્ષના ઉપાયભૂત સમતામાં જ પ્રેમ ધારણ કરવો જોઈએ.

વળી, વ્યવહારનયને કહે છે મારા લાલ ! ગુણની ગોઠડી=સમતાગુણની મૈત્રીની તે બલિહારી છે. જે આપણને ઇષ્ટ એવા મોક્ષની પ્રાપ્તિ કરાવશે. ॥૧॥

**અવતરણિકા :-**

**વળી, નિશ્ચયનયવાદી મોક્ષનું સાધન સમતા છે, તેને દૃઢ કરવા માટે કહે છે –**

**ગાથા :-**

> **પન્નર ભેદ જે સિદ્ધના રે, ભાવલિંગ તિહાં એક,**
> **દ્રવ્યલિંગ ભજના કહી, શિવ સાધન સમતા છેક રે;**
> **તેહમાં છે સબલ વિવેક રે, તિહાં લાગી મુજ મન ટેક રે,**
> **ભામા છે અવર અનેક રે. બલિ૦ ૨**

**ગાથાર્થ :-**

**સિદ્ધના જે પન્નર ભેદ છે તે પન્નર ભેદમાં ભાવલિંગ એક છે. દ્રવ્યલિંગની ભજના કહી. અર્થાત્ દ્રવ્યલિંગ શિવની પ્રાપ્તિ વખતે હોય પણ અને ન પણ હોય એ પ્રકારે ભજના કહી અને શિવસાધન એવી સમતા છેક માની છે=સર્વત્ર માની છે=જે કોઈ સિદ્ધ થયા તે સમતાથી થયા છે, તેના વગર નહીં તેમ સર્વ સિદ્ધને આશ્રયીને માની છે. તેમાં=સમતાને કારણ સ્વીકારવામાં, સબલ વિવેક છે=બળવાન વિવેક છે. તેમાં=સમતાની પ્રાપ્તિમાં, મુજ મન ટેક લાગી=મારા મનની ટેક લાગી છે. અવર અનેક=સમતા વગરના અન્ય સર્વ ઉપાય, ભામા છે=અચોક્કસ કારણ છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનયવાદી વ્યવહારનયને કહે છે, શાસ્ત્રમાં પંદર ભેદે સિદ્ધ થાય છે, તેમ કહ્યું તે સર્વ ભેદોમાં ભાવથી લિંગ એક નક્કી હોય છે. તેથી ફલિત

થાય છે કે સિદ્ધની પ્રાપ્તિ કોઈને સ્ત્રીરૂપે થાય, પુરુષરૂપે થાય, નપુંસકરૂપે થાય, કોઈને સાધુવેશમાં થાય કે કોઈને ગૃહસ્થવેશમાં થાય. માટે આ પંદર ભેદો સિદ્ધની પ્રાપ્તિ પ્રત્યે કારણ નથી અને જે કોઈ સિદ્ધ અવસ્થાને પામ્યા છે. તે સર્વ વીતરાગ થઈને જ સિદ્ધ થયા છે પરંતુ વીતરાગ બન્યા વગર કોઈ સિદ્ધ થયા નથી. તેથી સમતારૂપ ભાવલિંગની પ્રાપ્તિ વગર મોક્ષની પ્રાપ્તિ નથી. વળી, દ્રવ્યલિંગરૂપ સાધુના વેશની કે સાધ્વાચારની ક્રિયાની મોક્ષપ્રાપ્તિ પ્રત્યે ભજના કહી છે અને મોક્ષનું સાધન સમતા છેક સર્વભૂમિકામાં છે. માટે સમતાને મોક્ષના કારણરૂપે સ્વીકારવામાં આ બળવાન વિવેક છે; કેમ કે સમતાના પરિણામ વગર ક્યારેય કોઈનો મોક્ષ થયો નથી અને થવાનો નથી, માટે ત્યાં મને ટેક લાગી છે અર્થાત્ નિશ્ચયનયવાદી કહે છે મોક્ષના અર્થી એવા મને મોક્ષના ઉપાયભૂત સમતામાં દૃઢ આગ્રહ થયો છે. વળી, વ્યવહારનયના સર્વ ઉપાયો ભામા છે=તે સર્વ ઉપાયો હોય અને સમતા ન હોય તો મોક્ષ થતો નથી અને તે કોઈ ઉપાય ન હોય તો પણ સમતા હોય તો મોક્ષ થાય છે. આથી બીજા સર્વ ઉપાયો મોક્ષ પ્રત્યે કારણ નથી. ખાલી શોભાના છે=ભામટા છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**નિશ્ચયનયવાદી સમતા કઈ રીતે સાક્ષાત્ મોક્ષ પ્રત્યે કારણ બને છે તે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**જિહાં મારગ ભાંજે સવે રે, ધારણને અસરાલ,**
**જોગ-નાલી સમતા તિહાં, ડાંડો દાખે તતકાલ રે;**
**હોએ જોગ અજોગ વિચાલ રે, લઘુ-પણ-અક્ષર સંભાલ રે,**
**પહોંચે શિવ-પદ દેઈ ફાલ રે. બલિ૦ ૩**

**ગાથાર્થ :-**

**જિહાં=જે સ્થાનમાં સવે મારગ ભાંજે રે=જે સ્થાનમાં સર્વ મારગ ભાંજે છે=સર્વ વ્યવહારની ક્રિયાઓ મારગમાં જતી અટકે છે. ત્યાં**

**ધારણને અસરાલ એવી યોગનાડી તેમાં રહેલી સમતાની પરિણતિ તત્કાલ દાંડો બતાવે છે=તત્કાલ આગળ જવાનો માર્ગ બતાવે છે. જેનાથી યોગનો વિચાલ અયોગ થાય છે=મન, વચન, કાયાનો સર્વથા વિયોગ થાય છે. લઘુ પાંચ અક્ષરના સંભાલથી=પાંચ અક્ષરના બોલવા માત્રથી ફાળ દઈને તે મહાત્મા શિવપદ પહોંચે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

વ્યવહારનયની અનેક સર્વ આચરણાઓ છે. તે આચરણાઓ મોક્ષ માટે પ્રવૃત્ત થયેલી છે. છતાં આગળમાં જવા માટેનો માર્ગ સર્વ ક્રિયાઓમાં ભંગ થાય છે=પ્રાપ્ત થતો નથી. તે સ્થાનમાં ધારણને અસરાલ એવી યોગનાડી છે=ધારણથી સભર એવી મોક્ષને અનુકૂળ યોગનાડી છે, તેમાં સમતા રહેલી છે. તે સમતા તત્કાલ દાંડો બતાવે છે.

આશય એ છે કે, મોક્ષને અનુકૂળ એવા ઉત્તમ ભાવો જે ધારણરૂપે જીવમાં વર્તી રહ્યા છે, તે યોગનાડી છે અર્થાત્ તે યોગનાલિકા દ્વારા જીવો યોગનું સેવન કરીને મોક્ષમાં પહોંચે છે, તે યોગનાલિકામાં સમતાનો પરિણામ વર્તે છે અને જીવમાં વર્તતો સમતાનો પરિણામ ઉપરઉપરની ભૂમિકામાં જવા માટે દિશા બતાવનાર છે. તેથી જે સ્થાનમાં અન્ય ક્રિયાઓ આગળ જવાનો માર્ગ દર્શાવતી નથી, તે સ્થાનમાં આગળ જવાનો માર્ગ સમતા બતાવે છે અને સમતાના બળથી તે મહાત્મા તે મારગમાં જઈને વીતરાગ સર્વજ્ઞ બને છે. ત્યારપછી તે મહાત્મા યોગનિરોધ કરે છે ત્યારે મન-વચન-કાયાનો વિશાલ અયોગ થાય છે=અત્યંત અયોગ થાય છે. ત્યારે તે મહાત્મા યોગ વગરના એવા અયોગી બને છે અને અયોગી ગુણસ્થાનક લઘુ એવા પાંચ અક્ષર સુધી ટકે છે. ત્યારપછી તે મહાત્મા ફાળ આપીને મોક્ષમાં પહોંચે છે.

તેથી ફલિત થાય છે કે સમતા જ મોક્ષમાર્ગને લાવનાર છે અને સમતાના બળથી જ આગળમાં પ્રયાણ કરીને યોગીઓ વીતરાગ સર્વજ્ઞ બનીને મોક્ષમાં પહોંચે છે. માટે મોક્ષના અર્થીએ ક્રિયાનો આગ્રહ છોડીને સમતામાં યત્ન કરવો જોઈએ. એ પ્રકારનો નિશ્ચયનયવાદીનો આગ્રહ છે. **॥૩॥**

**અવતરણિકા :-**

વળી, નિશ્ચયનયવાદી "ક્રિયાથી મોક્ષની પ્રાપ્તિ નથી" તે બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

> **સ્થવિર-કલ્પ જિન-કલ્પની રે, કિરિયા છે બહુ રૂપ,**
> **સામાચારી જૂજૂઈ રે, કોઈ ન મિલે એક સરૂપ રે;**
> **તિહાં હઠ છે ઊંડો કૂપ રે, તિહાં પાસ ધરે મોહભૂપ રે,**
> **તે તો વિરુઓ વિષમ વિરૂપ રે. બલિ૦ ૪**

**ગાથાર્થ :-**

**સ્થવિરકલ્પ, જિનકલ્પની ક્રિયા જુદાજુદા પ્રકારની છે. વળી, સાધુની સામાચારી જુદાજુદા પ્રકારની છે=તે તે ગચ્છની જુદાજુદા પ્રકારની છે. કોઈ એકરૂપ મળતી નથી. તિહાં=આ જુદીજુદી સામાચારીમાં હઠ છે ઊંડો કૂવો=આ જ સામાચારી મોક્ષનું કારણ છે એ પ્રકારની પોતપોતાની માન્યતાવાળા સાધુઓનો હઠ ઊંડો કૂવો છે અને તેમાં મોહનો પાસ સાધુઓ ધારણ કરે છે=પોતપોતાની સામાચારી પ્રત્યે પણ આગ્રહરૂપ મોહનો પાસ ધારણ કરે છે તે તો=સ્વસામાચારીની હઠ અને મોહનો પાસ તે તો=વિરુઓ વિષમ વિરૂપ છે=સ્વસામાચારીની હઠ વિરૂપ છે અને મોહનો પાસ વિષમ વિરૂપ છે=અત્યંત વિરૂપ છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનય વ્યવહારવાદીને કહે છે, ક્રિયાથી મોક્ષ છે એમ જે વ્યવહારવાદી કહે છે તે ક્રિયા, શાસ્ત્રમાં સ્થવિરકલ્પ, જિનકલ્પ ઇત્યાદિક બહુભેદવાળી છે. તેથી કઈ ક્રિયા મોક્ષનું કારણ કહેવાય અને કઈ ક્રિયા મોક્ષનું કારણ ન કહેવાય તેનો વિસંવાદ થાય છે. જ્યારે સમતા તો જીવનો ઉદાસીનભાવ છે અને તે ભાવ જ પ્રકર્ષને પામીને વીતરાગરૂપે થાય છે એમ સ્વીકારવામાં કોઈ વિસંવાદ નથી.

વળી, આ સ્થવિરકલ્પની, જિનકલ્પની જુદીજુદી ક્રિયામાંથી કઈ ક્રિયા

મોક્ષનું કારણ છે તેનું કોઈ નિયમન નથી. માટે ક્રિયા મોક્ષનું કારણ નથી, સમતાનો પરિણામ જ મોક્ષનું કારણ છે, તેમ સ્વીકારવું જોઈએ. વળી, તે તે ગચ્છની સામાચારી પણ જુદીજુદી છે, કોઈ એક સ્વરૂપવાળી નથી, કે જેથી કહી શકાય કે આ સર્વ ક્રિયાઓ એક સ્વરૂપવાળી હોવાથી મોક્ષનું કારણ છે. માટે આવી જુદાજુદા પ્રકારની ભિન્નભિન્ન સામાચારીથી મોક્ષ થાય છે, તેમ સ્વીકારી શકાય નહીં. પરંતુ સમતાથી મોક્ષ થાય છે તેમ માનવું ઉચિત છે.

વળી, ભિન્નભિન્ન સામાચારી માનનારા સાધુઓ પોતપોતાની સામાચારીમાં હઠ ધારણ કરે છે અર્થાત્ આ અમારી સામાચારી મોક્ષનું કારણ છે, અન્યની નહીં. તેથી તે ઊંડો કૂવો છે અને તે હઠરૂપી કૂવામાં પડેલા જીવો કઈ રીતે મોક્ષ સાધી શકે ?

વળી, તે જુદીજુદી સામાચારીમાં પ્રવૃત્તિ કરનારા સાધુઓને મોહરૂપી રાજા ફાંસો નાંખીને બેઠેલો છે. તેથી તત્ત્વને જોવાને બદલે પોતપોતાની સામાચારીને જ મોક્ષના કારણરૂપે જુએ છે અને અન્યની સામાચારીને અકારણરૂપે જુએ છે. તેથી તે વ્યવહારની ક્રિયામાં વર્તતો વ્રતનો પરિણામ અને મોહનો પાશ અત્યંત વિરૂપ છે અર્થાત્ જીવનું અત્યંત વિકૃત સ્વરૂપ છે અને આ વિરૂપ અત્યંત વિષમ હોવાથી મોક્ષનું કારણ બની શકે નહીં. માટે જ વ્યવહારની ક્રિયાથી મોક્ષ છે, તેમ સ્વીકારવું ઉચિત નથી. પરંતુ સમતાના પરિણામથી મોક્ષ છે તેમ માનવું જોઈએ. **॥૪॥**

**અવતરણિકા :-**

**નિશ્ચયવાદીના ગાથા-૧થીજના કથનને સામે રાખીને, તેને વ્યવહારનયવાદી કહે છે –**

**ગાથા :-**

**નય વ્યવહાર કહે હવે રે, શું બોલ્યા એ મિત્ત;**
**સમતા તુમને વાલહી, અમને પણ તિહાં દૃઢ ચિત્ત રે;**
**અમે સંભારું નિત્ય નિત્ય રે; કિરિયા પણ તાસ નિમિત્ત રે;**
**એમ વધશે બેહુને હેત રે. બલિ૦ ૫**

**ગાથાર્થ :-**

**હવે=નિશ્ચયના વચનને સાંભળ્યા પછી વ્યવહારનયવાદી નિશ્ચયનયવાદીને કહે છે. એ મિત્ર, તમે શું બોલ્યા? તમને સમતા વહાલી છે. અમને પણ ત્યાં=સમતામાં દૃઢ ચિત્ત છે. અમે નિત્યનિત્ય સમતાને સંભારીએ છીએ. ક્રિયા પણ તેના નિમિત્તે કરીએ છીએ=સમતાને પ્રગટ કરવા માટે કરીએ છીએ અને એમ સ્વીકારવાથી બેઉનું હેત થશે= નિશ્ચયવાદી અને વ્યવહારવાદી બંનેનું હેત વધશે. ।।૫।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧માં નિશ્ચયનયવાદીએ કહેલું કે, મોક્ષનું સાધન સમતા છે એવો અમે નિર્ધાર કર્યો છે અને સમતા પ્રત્યે જ પ્રેમ રાખવો જોઈએ, એમ વ્યવહારવાદીના ઉપકાર અર્થે અમે કહીએ છીએ. તેનો ઉત્તર આપતાં વ્યવહારનયવાદી કહે છે, હે મિત્ર, તને સમતા પ્રિય છે. અમને પણ ત્યાં જ દૃઢ રાગ છે અર્થાત્ સમતામાં જ દૃઢ રાગ છે. ત્યાં પ્રશ્ન થાય કે સમતામાં જો દૃઢ રાગ હોય તો સમતામાં યત્ન કરવાનું છોડીને વ્યવહારવાદી ક્રિયામાં કેમ આગ્રહ રાખે છે ? તેથી વ્યવહારવાદી કહે છે, અમે હંમેશાં સમતાને સંભારીએ છીએ અને ક્રિયા પણ સમતાની પ્રાપ્તિ માટે કરીએ છીએ; કેમ કે વિવેકસંપન્ન એવા વ્યવહારવાદી જાણે છે કે, ઉચિત ક્રિયા દ્વારા ઉલ્લસિત થયેલો સમતાનો પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વીતરાગતાનું કારણ બને છે. તેથી હંમેશાં સમતાને લક્ષ્ય કરીને સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે અને આ પ્રમાણે નિશ્ચયનયવાદી સ્વીકારે તો તે બેનું પરસ્પર હેત વધશે; કેમ કે ઉચિત રીતે પરસ્પર જોડાયેલા નિશ્ચયનય અને વ્યવહારનય એકબીજાના ભંજક નથી, પરંતુ પ્રિય મિત્ર જેવા પૂરક છે. આથી જ નિશ્ચયનય પણ ભાવના ઉપાયરૂપે ક્રિયાને સ્વીકારે તો વ્યવહારનો લોપ થતો નથી અને વ્યવહારનય પણ ક્રિયા સમતારૂપ ભાવની નિષ્પત્તિ દ્વારા મોક્ષનું કારણ સ્વીકારે તો નિશ્ચયનો લોપ થતો નથી. પરંતુ નિશ્ચયના સ્વીકારમાં ગૌણરૂપે વ્યવહારનો સ્વીકાર થાય છે અને વ્યવહારના સ્વીકારમાં ગૌણરૂપે નિશ્ચયનો સ્વીકાર થાય છે. તેથી બેઉનો પરસ્પર પ્રેમ વધશે. ।।૫।।

**અવતરણિકા :-**

નિશ્ચયનયવાદીએ શ્લોક-૨માં કહેલ કે સિદ્ધના પંદર ભેદમાં સમતારૂપ ભાવલિંગ જ સિદ્ધ પ્રત્યે કારણ છે અને દ્રવ્યલિંગમાં ભજના છે. માટે મોક્ષનું કારણ ભાવલિંગરૂપ સમતાને સ્વીકારવી જોઈએ. તેનો ઉત્તર આપતાં વ્યવહારનયવાદી કહે છે –

**ગાથા :-**

**પન્નર ભેદ જે સિદ્ધના રે, રાજ-પંથ તિહાં જેહ;**
**તે મારગ અનુસારિણી, કિરિયા તેહશું ધરો નેહ રે;**
**ક્ષણ માંહીં ન દાખો છેહ રે; આલસ છાંડો નિજ દેહ રે;**
**આલસુને ઘણા સંદેહ રે. બલિ૦ ૬**

**ગાથાર્થ :-**

**સિદ્ધના જે પંદર ભેદ છે, તેમાં જે રાજપંથ છે=જે મુખ્ય મોક્ષમાર્ગ છે તે માર્ગને અનુસરનારી ક્રિયા છે. માટે તે ક્રિયામાં=માર્ગાનુસારી ક્રિયામાં સ્નેહ ધારણ કરો. ક્ષણમાં છેહ બતાવો નહીં=મોક્ષના કારણરૂપ ક્રિયામાં છેહ બતાવો નહીં અને નિજ દેહમાં આળસ છાંડો=ક્રિયા કરવામાં આળસ છાંડો; કેમ કે આળસુને ઘણા સંદેહ થાય છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં પંદર ભેદ સિદ્ધના કહ્યા છે, તે સિદ્ધની પ્રાપ્તિ પ્રત્યે બે માર્ગ છે. એક રાજપંથ છે અને એક છીંડી માર્ગ છે અર્થાત્ લૂંટારો માર્ગ છે. જેમ કોઈ નગર તરફ જવાનો રાજમાર્ગ હોય ત્યાંથી સર્વ લોકો જતા હોય, તેથી તે માર્ગે જવામાં લૂંટાવાનો ભય રહેતો નથી. અને જે છીંડીમાર્ગ છે, રાજમાર્ગ નથી પરંતુ વિષમમાર્ગ છે, તે માર્ગ પરથી તે નગરમાં જવાતું હોય તો પણ ત્યાં લૂંટાવાનો ભય રહે છે. તેથી વિવેકપુરુષો તે માર્ગને છોડીને રાજમાર્ગથી જ જાય છે. એ રીતે સિદ્ધના જે પંદરભેદો કહ્યા છે, તેમાં સિદ્ધની પ્રાપ્તિનો રાજમાર્ગ માર્ગાનુસારી ક્રિયાઓ છે. માટે તે ક્રિયામાં સ્નેહ ધારણ કરવો જોઈએ. પરંતુ ક્ષણ પણ મોક્ષમાં જવાનો જે રાજમાર્ગ છે તેનો છેહ આપવો

જોઈએ નહીં અર્થાત્ આ મોક્ષમાર્ગ નથી પરંતુ સમતાનો પરિણામ જ મોક્ષમાર્ગ છે, તેમ કહીને તે રાજમાર્ગનો ત્યાગ કરવો જોઈએ નહીં. આમ કહીને વ્યવહારવાદી નિશ્ચયવાદીને કહે છે ક્રિયા કરવામાં આળસ છાંડો અને ક્રિયામાં ઉદ્યમ કરો તો આ ક્રિયા કઈ રીતે સમતાની પ્રાપ્તિનું કારણ છે તે તમને સ્વયં દેખાશે. પરંતુ જેઓ ક્રિયામાં આળસુ છે, તેઓને ઘણા સંદેહ થાય છે અર્થાત્ જે પ્રકારના નિશ્ચયનયવાદી સંદેહો કરે છે અને કહે છે કે, આ ક્રિયાઓ મોક્ષનું કારણ નથી, તે પ્રકારના ઘણા સંદેહ ક્રિયામાં આળસુને થાય છે.

અહીં વિશેષ એ છે કે, મોક્ષની પ્રાપ્તિ માટેનો રાજપંથ માર્ગાનુસારી ક્રિયા છે. તેથી તે રાજપંથ ઉપર ચાલીને ઘણા જીવો વીતરાગતાને પામ્યા, પામે છે અને પામશે. વળી, છીંડી જેવો બીજો માર્ગ છે. જે પંથ ઉપર જનારા નિશ્ચયનયવાદીઓ ક્રિયાનો અપલાપ કરીને માત્ર મનથી જ સમતા પ્રાપ્ત કરવા યત્ન કરે છે. પરંતુ માર્ગમાં લૂંટાય છે; કેમકે અનાદિના મોહના દૃઢ સંસ્કારો માત્ર શબ્દોથી વિચાર કરવાથી સમતાના પરિણામની પ્રાપ્તિ કરાવતા નથી. તેથી મોહના પરિણામથી લૂંટાએલા ક્રિયામાં આળસુ એવા તે જીવો મોક્ષને સાધી શકતા નથી અને પ્રાપ્ત થયેલા મનુષ્યભવને વિફળ કરે છે. ફકત મરુદેવા કે ભરતાદિ જેવા કોઈક જીવો કાયિકક્રિયા વગર સહસા ઉલ્લસિત થયેલા અંતરંગ વીર્યને કારણે બાહ્યક્રિયાના આલંબન વગર તે આંતર-વિષમ માર્ગમાં પ્રયાણ કરીને મોક્ષને પામે છે. આમ છતાં બાહ્યક્રિયાના આલંબન વગર તે વિષમ માર્ગમાંથી જવું અતિદુષ્કર હોવાથી મરુદેવા આદિના આલંબનને લઈને જેઓ યત્ન કરે છે, તેઓ પ્રાયઃ લૂંટાય છે. તેથી તેને લૂંટારુમાર્ગ કહેવાય છે, રાજમાર્ગ કહેવાતો નથી. **॥૬॥**

**અવતરણિકા :-**

**ગાથા-૩માં નિશ્ચયનયવાદીએ કહેલ કે જિહાં સર્વશાસ્ત્રવચનો કે સર્વશાસ્ત્રની ક્રિયાઓ આગળ જતાં અટકે છે, ત્યાં સમતા તત્કાલ માર્ગ બતાવે છે અને તેનાથી જ યોગી ફાળ આપીને મોક્ષને પ્રાપ્ત કરે છે. એ પ્રકારના નિશ્ચયનયવાદીના કથનને સામે રાખીને વ્યવહારનયવાદી કહે છે –**

**ગાથા :-**

**થાપે ભાવ જ જે કહી રે, ભરતાદિક દિઠ્ઠંત;**
**આવશ્યક માંહિ કહ્યા, તે તો પાસથ્થા એકંત રે;**
**તે તો પ્રવચન લોપે તંત રે; તસ મુખ નવિ દેખે સંત રે;**
**એમ ભાખે શ્રી ભગવંત રે. બલિ૦ ૭**

**ગાથાર્થ :-**

**જેઓ ભાવને મોક્ષમાર્ગ સ્થાપે છે=સમતારૂપ પરિણામને મોક્ષમાર્ગ સ્થાપે છે અને તેમાં ભરતાદિકનાં દૃષ્ટાંત આપે છે. તેઓ એકાંતે પાસત્થા આવશ્યકમાંહિ કહ્યા છે અને તેઓ પ્રવચનના તંતને=પરમાર્થને લોપે છે અને સંતપુરુષો તેના મુખને જોતા નથી=તેના મુખના દર્શનમાં પણ પાપની પ્રાપ્તિ છે એમ ભગવંત કહે છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

જેઓ ભાવથી મોક્ષ છે તેમ કહીને ભરતાદિકનાં દૃષ્ટાંતો આપે છે અને કહે છે કે બાહ્યક્રિયા વગર સમતાના પરિણામથી ભરતાદિ મોક્ષમાર્ગને પામ્યા. માટે મોક્ષના અર્થીએ સમતામાં ઉદ્યમ કરવો જોઈએ, બાહ્યક્રિયામાં નહીં તેવો ઉપદેશ આપીને જેઓ લોકોને ક્રિયામાં અનુત્સાહિત કરે છે અર્થાત્ સ્વયં ક્રિયા કરતા નથી અને બીજાને ક્રિયામાં પ્રમાદી બનાવે છે, તેઓને આવશ્યકસૂત્રમાંહે એકાંતે પાસત્થા કહ્યા છે; કેમકે તેઓ પ્રવચનના તંતનો લોપ કરે છે. અર્થાત્ ઉચિત માર્ગાનુસારી ક્રિયારૂપ જે પ્રવચનનું રહસ્ય છે તેનો લોપ કરે છે. માટે ભગવાનના માર્ગની રુચિવાળા સંતપુરુષો તેના મુખને જોતા નથી; કેમકે તેવા પાપીજીવોના મુખના દર્શનથી પણ પાપની પ્રાપ્તિ છે, તેમ ભગવાન ભાખે છે. આ પ્રમાણે વ્યવહારવાદી નિશ્ચયનયવાદીને ક્રિયામાં આળસ છાંડવા ઉપદેશ આપે છે. ॥૭॥

**અવતરણિકા :-**

**શ્લોક-જમાં નિશ્ચયનયવાદીએ કહેલ કે ક્રિયાઓ સ્થવિરકલ્પ આદિ અનેક ભેદવાળી જુદીજુદી સામાચારી છે. કોઈનો પરસ્પર મેળ નથી. માટે તે ક્રિયાથી મોક્ષ થાય નહીં. તેનો ઉત્તર આપતાં વ્યવહારવાદી કહે છે –**

**ગાથા :-**

**કિરિયા જે બહુવિધ કહી રે, તેહ જ કર્મ પ્રતિકાર;**
**રોગ ઘણા ઔષધ ઘણા, કોઈને કોઈથી ઉપગાર રે;**
**જિન-વૈદ્ય કહે નિરધાર રે; તેણે કહ્યું તે કીજે સાર રે;**
**એમ ભાખે અંગ આચાર રે. બલિ૦ ૮**

**ગાથાર્થ :-**

**ક્રિયા જે બહુપ્રકારે શાસ્ત્રમાં કહી છે તે જ કર્મનો પ્રતિકાર છે=સમતામાં બાધકકર્મનો પ્રતિકાર છે. રોગ ઘણાં હોય તો ઔષધ પણ ઘણાં હોય. તેથી કોઈ રોગીને કોઈ ઔષધથી ઉપકાર થાય છે. જિનવૈદ્ય કહે નિરધાર=આ રોગનું આ ઔષધ છે અને આ રોગનું અન્ય એવું આ ઔષધ છે એમ જિનવૈદ્ય કહે છે. તે નિરધાર છે=પ્રમાણ છે. તેથી તેમણે કહ્યું=જિનવૈદ્યે કહ્યું તે ચિકિત્સારૂપ ક્રિયા કરવી તે સાર છે. એમ આચારાંગ ભાખે છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં સ્થવિરકલ્પ, જિનકલ્પ આદિ અનેક પ્રકારની ભિન્નભિન્ન ક્રિયાઓ છે. તેનું કારણ જીવોના જુદા જુદા પ્રકારના ભાવરોગો છે અને તે તે ભાવરોગને અનુરૂપ જુદી જુદી ક્રિયાઓ છે. તેથી કોઈકને કોઈક ક્રિયાથી ઉપકાર થાય છે. તો અન્યને વળી અન્ય ક્રિયાથી ઉપકાર થાય છે. અને સંસારી જીવોમાં જેમ ઘણાં રોગો હોય છે, તેથી તેનાં ઔષધો પણ ઘણાં છે અને સુવૈદ્ય અનુસાર તે ઔષધ લેવામાં આવે તો ઉપકાર થાય છે. તેમ તીર્થંકર સર્વજ્ઞ છે, સર્વ ભાવરોગોના જાણકાર છે, તેથી જે જે રોગોને સામે રાખીને તીર્થંકરોએ જે ક્રિયાઓ કરવાની કહી છે તે રોગ માટે તે ક્રિયા ઔષધતુલ્ય છે. તેથી જિનવચનાનુસાર ક્રિયા કરવાનો નિરધાર કરવો જોઈએ. જેઓ તે પ્રકારનો નિરધાર કરીને સ્વભૂમિકાને અનુસાર ઉચિતક્રિયાઓ કરે છે, તેઓને સ્વભૂમિકાને અનુસાર સમતાનો પરિણામ પ્રગટ થાય છે અને જ્યારે ઉપરની ભૂમિકાને અનુરૂપ શક્તિનો સંચય થાય છે ત્યારે તે મહાત્મા ઉપરની ભૂમિકાની ક્રિયા કરીને તે ક્રિયા દ્વારા ઉપરની ભૂમિકાની સમતા પ્રાપ્ત કરે છે. તેથી જ આદ્યભૂમિકાવાળા મહાત્મા સ્થવિરકલ્પની ક્રિયાઓ કરીને શક્તિસંચય થાય ત્યારે જિનકલ્પ સ્વીકારે છે. સ્થવિરકલ્પથી

પ્રગટ થયેલી સમતા જિનકલ્પના સેવનથી અતિશયિત થાય છે. માટે જિનવચનાનુસાર સર્વ ઉચિત ક્રિયાઓ કરવી જોઈએ. તેથી કર્મરૂપી વ્યાધિનો પ્રતિકાર થાય એમ આચારાંગમાં કહ્યું છે. ॥૮॥

**અવતરણિકા :-**

**આ રીતે નિશ્ચયનયવાદીનાં સર્વકથનોનું સમાધાન કરીને નિશ્ચયનયવાદીને હિતોપદેશ આપતાં વ્યવહારનયવાદી કહે છે –**

**ગાથા :-**

**રાજ-પંથ ભાગે નહીં રે, ભાજે તે નાહના સેર;**
**એ પણ મનમાં ધારજો, એ એક ગાંઠો સો પેર રે;**
**શું ફૂલી થાઓ છો ભેર રે; જો મલીયે બિહું એક વેર રે;**
**તો ભાંજે ભ્રાંતિ ઉકેર રે. બલિ૦ ૯**

**ગાથાર્થ :-**

**રાજપંથ ભાગે નહીં=રાજપંથ ક્યારેય ઈષ્ટસ્થાનની પ્રાપ્તિમાં અકારણ બને નહીં, ભાજે તે=જેઓ તે પંથનો અપલાપ કરે, તે નાહના સેર છે=પોતાના સ્થાનમાં=પોતાના ભક્તવર્ગમાં સિંહ જેવા છે, પરમાર્થથી કર્મને નાશ કરવામાં સિંહ નથી, એ પણ મનમાં ધારજો=રાજપંથને ભાંગનારા કર્મનો નાશ કરવામાં સિંહ નથી એ પણ મનમાં ધારજો, એ એક ગાંઠો સો પેર રે=આ એક વચન ગાંઠે બાંધો તો સો વચનની જેમ છે અર્થાત્ સર્વ વચનોમાં આ શ્રેષ્ઠ વચનને મનમાં નિર્ધાર કર્યો છે એમ જાણવું. શું ફૂલી થાઓ છો ભેર રે=અમે ભગવાનના વચનને જાણીએ છીએ આથી ભાવ એ મોક્ષનું કારણ છે એમ જાણીને શું ખોટા ફુલાઓ છો ? જો મલીયે બિહું એક વેર રે=નિશ્ચયનયવાદી જે મોક્ષનું કારણ સમતાને કહે છે તે અને વ્યવહારનયવાદી જે મોક્ષનું કારણ માર્ગાનુસારી ક્રિયાને કહે છે તે એક સાથે મળી જાય, તો ભ્રાંતિનો ઉકેર ભાંજે=તો ભ્રાંતિનો સમૂહ ભાંગી જાય. ॥૯॥**

**ભાવાર્થ :-**

ગાથા-૬માં વ્યવહારનયવાદીએ કહ્યું કે, મોક્ષપ્રાપ્તિ પ્રત્યે માર્ગાનુસારી ક્રિયા

તે રાજપંથ છે. આથી જ ઘણા સાધુઓ, તીર્થંકરો, ગણધરો વગેરે તે માર્ગાનુસારી ક્રિયા કરીને મોક્ષને પામ્યા છે. આ રાજપંથ ભાંગે નહીં=સમ્યક્ રીતે સેવાયેલો ક્યારેય મોક્ષનું અકારણ બને નહીં અને જેઓ આ રાજપંથ ભાંગે છે અને કહે છે કે મોક્ષપ્રાપ્તિ પ્રત્યે ક્રિયા કારણ નથી, સમતા કારણ છે, તેઓ નાહના સેર છે=પોતાના સ્થાનમાં કથન કરવામાં શૂરા છે. પરંતુ કર્મનાશ કરીને મોક્ષને પ્રાપ્ત કરવામાં શૂરા નથી. તે પ્રમાણે મનમાં ધારજો=આ પ્રકારનું મારું વચન તમે મનમાં ધારજો એમ વ્યવહારવાદી કહે છે. આ એક વચન સર્વ વચનોના સમાધાન જેવું છે. માટે રાજપંથના પરમાર્થને જાણવા યત્ન કરો તો સાચી દિશા પ્રાપ્ત થશે. વળી, શું ફૂલી થાઓ છો ભેર રે="અમે સમતારૂપી મોક્ષમાર્ગના પરમાર્થને જાણનારા છીએ" એ પ્રકારના ખોટા ભ્રમથી ફુલાઈને શું ફરો છો. જો બેઉને ભેગા કરીને એક વેરે મળીએ અર્થાત્ સમતાને અને સમતાના કારણભૂત માર્ગાનુસારી ક્રિયાને એક કરીને મળીએ તો સર્વ ભ્રાંતિનો સમૂહ ભાંગે છે અર્થાત્ મોક્ષનું કારણ સમતા છે અને તે સમતાની પ્રાપ્તિનો ઉપાય માર્ગાનુસારી ક્રિયા છે. તેવો નિર્ણય થવાથી એકાંત નિશ્ચયગ્રહણને કારણે જે ભ્રાંતિનો સમૂહ થયેલો તે દૂર થાય છે. ||૯||

**અવતરણિકા :-**

**વળી, શ્લોક-જમાં નિશ્ચયનયવાદીએ કહેલ કે સામાચારી જુદીજુદી છે તે એકરૂપે મળતી નથી. માટે તે સામાચારીને મોક્ષનું કારણ કહી શકાય નહીં. તેને સામે રાખીને વ્યવહારનયવાદી કહે છે –**

**ગાથા :-**

**સૂત્ર પરંપરશ્યૂં મળે રે, સામાચારી શુદ્ધ;**
**વિનયાદિક મુદ્રા વિધિ, તે બહુવિધ પણ અવિરુદ્ધ રે;**
**મુંઝે તે જે હોયે મુદ્ધ રે; નવિ મુંઝે તે પ્રતિબુદ્ધ રે;**
**વલી સુજસ અલુદ્ધ અક્રુદ્ધ રે. બલિ૦ ૧૦**

**ગાથાર્થ :-**

**સૂત્રથી અને પરંપરાથી શુદ્ધ સામાચારી મળે અને વિનયાદિક, મુદ્રાવિધિ તે બહુવિધ પણ અવિરુદ્ધ છે. મુંઝે=વિનયાદિક, મુદ્રાવિધિ બહુવિધ જોઈને જેઓ મુંઝાય, તે મુગ્ધ થાય=માર્ગનો નિર્ણય કરવામાં**

**મુગ્ધમતિવાળા થાય અને જેઓ મુંઝાય નહીં તે પ્રતિબુદ્ધ છે=જુદીજુદી મુદ્રા કે જુદીજુદી વિધિને જોઈને મુંઝાય નહીં તેવા યથાર્થબોધને પામેલા છે. વળી, સુયશ અલુદ્ધ અક્રુદ્ધ રે=અલુદ્ધ=રાગ વગરના, અક્રુદ્ધ=દ્વેષ વગરના હોવાથી સુજસને પામે છે. ॥૧૦॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪ માં નિશ્ચયવાદીએ કહેલ કે વર્તમાનમાં જુદાજુદા ગચ્છની જુદીજુદી સામાચારી વર્તે છે. કોઈ એક સ્વરૂપવાળી સામાચારી મળતી નથી. માટે તેવી સામાચારીને મોક્ષનું કારણ સ્વીકારી શકાય નહીં. તેને વ્યવહારવાદી કહે છે કે જે સામાચારી સૂત્રમાં મળતી હોય અને સુવિહિતોની પરંપરાથી મળતી હોય તે સામાચારી શુદ્ધ છે અર્થાત્ તે સામાચારી મોહને નાશ કરવારૂપે ઉચિત આચરણારૂપ હોવાથી સમભાવની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ બને તેવી વિશુદ્ધ છે.

વળી, તે સામાચારીમાં વિનયાદિકના પ્રકારો છે. મુદ્રાની વિધિ છે તે ઘણા પ્રકારે સંભવે. તેથી તેમાં વિરોધ નથી અર્થાત્ કોઈ આચાર્ય પોતાની પરંપરામાં તે પ્રકારના વિનયાદિ કહેતા હોય તો અન્ય આચાર્ય પોતાની પરંપરાથી પ્રાપ્ત અન્ય પ્રકારના વિનયાદિ કહેતા હોય અને તેમાં કાંઈ ભેદ પ્રાપ્ત થતો હોય તો પણ વિરોધ નથી. આથી જ પંચવસ્તુમાં ઘણે સ્થાને ગ્રંથકારશ્રીએ વિધિ બતાવ્યા પછી તેના વિષયમાં અન્ય આચાર્યોમાં જે વિધિભેદ છે તે બતાવીને પણ કહ્યું છે કે આ પ્રકારે જે અન્ય કહે છે તેમાં કોઈ વિરોધ નથી. અપેક્ષાએ તે પ્રકારની પ્રવૃત્તિ પણ ઉચિત વિનયાદિ દ્વારા કલ્યાણનું કારણ છે. વળી, ક્રિયાઓમાં અનેક પ્રકારની મુદ્રાઓ છે તે મુદ્રા વિષયક પણ કોઈ ભેદ પ્રાપ્ત થતો હોય તો તે વિરુદ્ધ નથી અને જેઓ આ રીતે સામાચારીમાં પરસ્પર ભેદ જોઈને મુંઝાય છે તેઓ મુગ્ધ છે અને વિચારે છે કે આ પ્રકારની ભિન્નભિન્ન સામાચારી હોવાથી કઈ રીતે તે કલ્યાણનું કારણ થઈ શકે.

વસ્તુતઃ અપેક્ષાએ તે બંને રીતે કરાયેલી પ્રવૃત્તિ ઉચિત વિનયરૂપ થતી હોય અને સૂત્રથી અને પરંપરાથી મળતી હોય તેમાં જેઓ મુંઝાતા નથી તેઓ તે સામાચારીના યથાર્થ તાત્પર્યને જાણનારા છે. તેના દ્વારા કઈ રીતે વિનયાદિના ભાવો વધે છે તેનો નિર્ણય કરીને તે સર્વ સામાચારીને પ્રમાણરૂપે સ્વીકારે છે અને તેઓ રાગદ્વેષ વગર ભગવાનના વચનને સ્વીકારનારા હોવાથી સુંદર યશને પ્રાપ્ત કરે છે. **॥૧૦॥**

## ઢાળ-૬

(રાગ : ગિરુઆ રે ગુણ તુમ તણા - એ દેશી.)

**અવતરણિકા :-**

**અત્યાર સુધી નિશ્ચયનયવાદી અને વ્યવહારનયવાદીની પરસ્પરની ચર્ચા ગ્રંથકારશ્રીએ બતાવી. આ રીતે તત્ત્વના અર્થી એવા નિશ્ચયવાદી અને વ્યવહારવાદી ભગવાન પાસે આવે છે ત્યારે તેઓનો પરસ્પરનો સ્વસ્વમાન્યતાનો ઝઘડો હતો, તે કઈ રીતે બંધ થાય છે તે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**વાદ વદંતા આવિયા, તુજ સમવસરણ જબ દીઠું રે;**
**તે બિહુંનો ઝઘડો ટલ્યો, તુજ દર્શન લાગ્યું મીઠું રે;**
**બલિહારી પ્રભુ તુમ તણી. એ આંકણી. ૧**

**ગાથાર્થ :-**

**વાદ વંદતા આવિયા=વ્યવહારનયવાદી અને નિશ્ચયનયવાદી આવિયા=ભગવાન પાસે પોતાના કથનનું તાત્પર્ય જાણવા માટે આવિયા અને જ્યારે ભગવાનનું સમોવસરણ જોયું, તેથી તે બેઉનો ઝઘડો ટળ્યો અને તમારું દર્શન મીઠું લાગ્યું. આ બેઉનો ઝઘડો ટળ્યો, તેમાં હે પ્રભુ, તમારી બલિહારી કારણ છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

તત્ત્વના અર્થી છતાં નિશ્ચય તરફ કે વ્યવહાર તરફ પક્ષપાતવાળા બે વાદીઓ ચર્ચા કરે છે અને પોતાના વચનનો ઉકેલ કરવા માટે ભગવાન પાસે આવે છે. ભગવાનનું સમોવસરણ જ્યારે જુએ છે ત્યારે તેઓને પરસ્પર સ્વપક્ષ પ્રત્યેનો ઝઘડો હતો તે દૂર થાય છે અને તેઓને લાગે છે કે આવા ઉત્તમ પુરુષ પરમાત્મા નક્કી આપણો સંદેહ ટાળશે. તેથી તે બંનેને ભગવાનનું દર્શન મીઠું લાગે છે અને તેને ગ્રંથકારશ્રી કહે છે કે, આ તમારી બલિહારી છે. જેથી ભૂતકાળમાં ઉત્તમ આરાધના કરીને તેવી ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિ બાંધી છે કે

જેમના દર્શનમાત્રથી યોગ્યજીવોને ભગવાન પ્રત્યે આસ્થા થાય છે અને આથી જ તે બંને વાદીઓને ભગવાનના દર્શનમાત્રથી પરસ્પરના ઝઘડાનો ભાવ દૂર થાય છે અને ભગવાન પાસેથી સાચો માર્ગ મળશે તેવો વિશ્વાસ પેદા થાય છે; કેમ કે ઉત્તમ ગુણવાળા ઉત્તમ પુરુષોની આકૃતિ જ વિશ્વાસનું સ્થાન છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**આ રીતે નિશ્ચયનયવાદી અને વ્યવહારનયવાદી સમોવસરણમાં આવે છે અને ભગવાન પાસે પોતપોતાનું વકતવ્ય મૂકીને સાચો મોક્ષમાર્ગ શું છે તે જાણવા પૃચ્છા કરે છે. તેઓને ભગવાન શું કહે છે તે બતાવે છે –**

**ગાથા :-**

**સ્યાદ્‌વાદ આગલ કરી, તુમે બિહુંને મેલ કરાવ્યો રે;**
**અંતરંગ રંગે મલ્યા, દુર્જનનો દાવ ન ફાવ્યો રે. બલિ૦ ૨**

**ગાથાર્થ :-**

**સ્યાદ્‌વાદને આગળ કરીને તમે=હે ભગવાન, તમે બિહુંને મેળ કરાવ્યો. અંતરંગ રંગે મળ્યા=બેઉ વાદીઓ અંતરંગ રંગથી સ્યાદ્‌વાદને સ્વીકારીને પરસ્પર એક માર્ગને પામીને મળ્યા અને જેઓ દુર્જન હતા તેઓને ઝઘડો કરાવવામાં રસ હતો તેઓનો દાવ ફાવ્યો નહીં. ॥૨॥**

**ભાવાર્થ :-**

ભગવાનને પામીને ભગવાનના દર્શનથી આસ્થાને પામેલા એવા બંને વાદીઓ મોક્ષના કારણરૂપે પોતપોતાની માન્યતા બતાવે છે. તેમને ભગવાન સ્યાદ્વાદ આગળ કરીને કહે છે, જેથી બેઉનો મેળ થાય છે.

આશય એ છે કે ભગવાન કહે છે–જેમ કોઈ બાહ્ય વસ્તુને જોવામાં આવે તો તે દ્રવ્યથી નિત્ય દેખાય છે અને પર્યાયથી અનિત્ય દેખાય છે. માટે આ વસ્તુ એકાંતે નિત્ય છે એમ પણ કહેવાય નહીં અને એકાંતે અનિત્ય છે એમ પણ કહેવાય નહીં. પરંતુ એમ જ કહેવાય કે આ વસ્તુ દ્રવ્યરૂપે નિત્ય છે. જેમ આપણો આત્મા આત્મદ્રવ્યરૂપે નિત્ય જ છે, અનિત્ય નથી તેમ કહેવાય. વળી, તે જ આપણો આત્મા મનુષ્ય પર્યાયને આશ્રયીને અનિત્ય જ છે, નિત્ય નથી,

તેમ કહેવાય. તેથી આત્માને નિત્ય કહેનારું વચન પોતાના સ્થાનમાં સાચું છે અને આત્માને અનિત્ય કહેનારું વચન પોતાના સ્થાનમાં સાચું છે. અને તે વચનો પરસ્થાનમાં કહે તો જૂઠાં છે. જેમ કોઈ આત્મદ્રવ્યને સામે રાખીને આત્મા દ્રવ્યથી અનિત્ય છે તેમ કહે તો તે વચન જૂઠું છે. વળી, કોઈક આત્માના મનુષ્ય આદિ પર્યાયને સામે રાખીને કહે કે, આત્મા મનુષ્યાદિ પર્યાયરૂપે નિત્ય છે તો તે વચન જૂઠું છે.

તેની જેમ અર્થાત્ દ્રવ્યાસ્તિકનયની અને પર્યાયાસ્તિકનયની દૃષ્ટિથી જેમ, નિશ્ચયનયની અને વ્યવહારનયની દૃષ્ટિ છે. તેથી નિશ્ચયનય સૂક્ષ્મ જોનાર હોવાથી મોક્ષ પ્રત્યે સાક્ષાત્ એવા અંતરંગભાવને કારણરૂપે સ્વીકારે છે અને બાહ્ય જે ઉચિત આચરણાઓ છે તે આચરણાઓને અંતરંગભાવની પ્રાપ્તિ પ્રત્યે નિમિત્તકારણ કહે છે. તેથી નિશ્ચયનય કહે છે કે બાહ્ય તે તે આચરણાઓ અંતરંગભાવની પ્રાપ્તિ પ્રત્યે નિમિત્તમાત્ર છે. મોક્ષ પ્રત્યે તો કારણ અંતરંગ એવો સમતાનો પરિણામ છે. આ રીતે નિશ્ચયનયની દૃષ્ટિમાં પ્રધાનતા અંતરંગ પરિણામની છે અને તે પરિણામ પ્રત્યે નિમિત્તકારણપણાથી ગૌણરૂપે બાહ્યક્રિયાનો પણ સ્વીકાર છે અને વ્યવહારનય બાહ્યક્રિયાને પ્રધાન કરનાર છે. તેથી તે કહે છે કે, બાહ્યક્રિયા પરિણામ દ્વારા મોક્ષનું કારણ છે. પરિણામનિરપેક્ષ બાહ્યક્રિયા મોક્ષનું કારણ નથી. તેથી એ ફલિત થાય કે વ્યવહારનયને પણ ગૌણરૂપે અર્થાત્ દ્વારરૂપે નિશ્ચયનયનો પરિણામ અભિમત છે અને નિશ્ચયનયને પણ સમતાના પરિણામ પ્રત્યે બાહ્યક્રિયા નિમિત્તભાવરૂપે ઇષ્ટ હોવાથી ગૌણરૂપે ક્રિયા સંમત છે. જો તેમ ન સ્વીકારવામાં આવે તો આત્માને દ્રવ્યથી અને પર્યાયથી ઉભયરૂપે નિત્ય કહેવામાં આવે તો તે વચન મિથ્યા થાય. તેથી જેમ આત્માને નિત્ય કહેનાર પુરુષને પણ ગૌણરૂપે મનુષ્યપર્યાયથી આત્મા અનિત્ય છે એ અભિમત છે અને મનુષ્યપર્યાયથી આત્માને અનિત્ય કહેનાર પુરુષને પણ ગૌણરૂપે દ્રવ્યથી આત્મા નિત્ય છે એ અભિમત છે. તેમ નિશ્ચયવાદીને પણ ગૌણરૂપે વ્યવહારનયનું વચન અભિમત છે અને વ્યવહારવાદીને પણ ગૌણરૂપે નિશ્ચયનયનું વચન અભિમત છે. માટે બંને નયો પોતપોતાના સ્થાનમાં સાચા છે અને બંને નયોને ઉચિત રીતે જોડીને જે સ્થાને વ્યવહારની પ્રધાનતા આવશ્યક છે તે સ્થાનમાં મહાત્માઓ વ્યવહારને પ્રધાન કરીને પ્રવૃત્તિ કરે છે

અને જે સ્થાનમાં નિશ્ચયની પ્રધાનતા આવશ્યક છે તે સ્થાનમાં મહાત્માઓ નિશ્ચયને પ્રધાન કરીને પ્રવૃત્તિ કરે છે. આથી નિશ્ચયનયના પરમાર્થને પામેલા મહાબુદ્ધિનિધાન એવા ગણધરો પણ ઉચિત સામાચારીનું સમ્યક્ પાલન કરે છે.

આ રીતે નિશ્ચયનયવાદીને અને વ્યવહારનયવાદીને સંતોષ થાય તેવો સ્યાદ્વાદ બતાવીને ભગવાને તે બેઉનો મેળ કરાવ્યો. તેથી તે નિશ્ચયનયવાદી અને વ્યવહારવાદી અંતરંગ રંગે મળ્યા અર્થાત્ પરસ્પર આત્મીયભાવવાળા થયા. તેથી દુર્જનનો દાવ ફાવ્યો નહીં=કેટલાક દુર્જનો તેઓના ઝઘડાને જોઈને કોઈક પક્ષમાં ટાપસી પુરાવીને તે ઝઘડાને અતિશય કરતા હતા અને તે ઝઘડો જોવામાં જ તેઓને રસ હતો. તેથી ભગવાનની પ્રાપ્તિ પૂર્વે તેઓમાંથી કેટલાક નિશ્ચયનયવાદીના અને કેટલાક વ્યવહારવાદીના પક્ષમાં બેસીને તે ઝઘડાને વધારતા હતા. તેના બદલે આ બે વાદીઓ ભગવાનને પામીને પરસ્પર મિત્રભાવવાળા થયા. તેથી જે દુર્જનોને ઝઘડો વધારવામાં રસ હતો, તેઓ ફાવ્યા નહીં. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે ભગવાને બેય વાદીનો મેળ કરાવ્યો. તેથી દુર્જનનો દાવ ફાવ્યો નહીં તે કથનને સ્પષ્ટ કરતાં કહે છે –**

**ગાથા :-**

**પરઘર-ભંજક ખલ ઘણા, તે ચિત્તમાંહિં ખાંચા ઘાલે રે;**
**પણ તુમ સરિખા પ્રભુ જેહને, તેહશ્યું તેણે કાંઈ ન ચાલે રે.**
**બલિ૦ ૩**

**ગાથાર્થ :-**

**પરઘરભંજક=બીજાના ઘરને ભાંગનારા એવા ખલ ઘણા હોય છે. તેઓ ચિત્તમાં ખાંચા નાંખે છે. પરંતુ તમારા સરખા ભગવાન જેમને પ્રાપ્ત થાય તેઓની સાથે તેઓનું=પરઘરભંજક ખલોનું, કાંઈ ચાલે નહિ. ॥૩॥**

**ભાવાર્થ :-**

કેટલાક જીવોને પ્રકૃતિથી જ એવો સ્વભાવ હોય છે કે પારકાના ઘરને ભાંગવામાં તેઓને રસ આવે છે. આથી જૈનદર્શનમાં રહેલા અને તત્ત્વના અર્થી નિશ્ચયવાદી અને વ્યવહારવાદી પરસ્પર ચર્ચા કરતા હોય છે ત્યારે તે ચર્ચાને ઉગ્ર કરવા અર્થે તેવા ખલપુરુષો ચિત્તમાં ખાંચા નાંખે છે. જેથી તે બે વાદીઓ પરસ્પર એકબીજાના વક્તવ્યને જાણીને તત્ત્વનો નિર્ણય કરવામાં યત્ન કરી શકતા નથી અને તેઓની ચર્ચા ઉગ્ર બને અને ખલપુરુષોને તે ચર્ચા ઉગ્ર બને તે જોઈને જ આનંદ આવે છે. પરંતુ તેવા વાદી-પ્રતિવાદીઓને કોઈક રીતે ભગવાન સરખા પ્રભુ મળી જાય તો તેઓનું ઉચિત રીતે સમાધાન કરીને બેઉનો મેળ ભગવાન કરાવે છે. જેથી તેવા વાદી-પ્રતિવાદીની ચર્ચામાં ખાંચા ઘાલનારા ખલપુરુષોનું કાંઈ ચાલતું નથી અને આથી જ ભગવાનના વચનથી સમાધાન પામેલા નિશ્ચયવાદી અને વ્યવહારવાદી પરસ્પર મિત્રભાવથી તત્ત્વની વિચારણા કરવાવાળા બને છે, ત્યારે ખલપુરુષો તેઓમાં ખાંચા ઘાલવા પ્રયત્ન કરે તો પણ તેઓનું કાંઈ ચાલતું નથી. **॥૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં સ્તવનકારશ્રીએ કહ્યું કે વ્યવહારવાદી અને નિશ્ચયવાદી વાદ કરતાં ભગવાન પાસે આવે છે ત્યારે ભગવાને તે બેનો મેળ કરાવી આપ્યો તેથી હવે સ્તવનકારશ્રી ભગવાનને વિનંતી કરતાં કહે છે –**

**ગાથા :-**

**જિમ એ બિહુંની પ્રીતડી, તુમે કરી આપી થિર ભાવે રે;**
**તિમ મુજ અનુભવ મિત્તસું, કરી આપો મેલ સ્વભાવે રે.**

**બલિ૦ ૪**

**ગાથાર્થ :-**

**જિમ એ બેઉની=નિશ્ચયવાદી અને વ્યવહારવાદી એ બેની પ્રીતડી તમે સ્થિરભાવે કરી આપી. તેમ મને અનુભવમિત્રથી મેળ સ્વભાવ કરી આપો. ॥૪॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીને આત્માના અનુભવમિત્ર પ્રત્યે બદ્ધરાગ છે તો પણ તે અનુભવમિત્રનો મેળ થતો નથી. તેથી ભગવાનને વિનંતી કરે છે કે તમે જેમ નિશ્ચયવાદીને અને વ્યવહારવાદીને સ્યાદ્વાદ બતાવીને પરસ્પર મેળ કરી આપ્યો, તેમ મને પણ કંઈક એવું તત્ત્વ બતાવો કે જેથી મને અનુભવમિત્રની સાથે મેળ થાય તેવો સ્વભાવ પ્રાપ્ત થાય. ॥૪॥

**અવતરણિકા :-**

**કેમ સ્તવનકારશ્રીને અનુભવમિત્રની સાથે મેળ કરવાની ઇચ્છા છે અને અનુભવમિત્ર સાથે કેમ મેળ થતો નથી ? તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**તુજ શાસન જાણ્યા પછી, તેહશું મુજ પ્રીત છે ઝાઝી રે;**
**પણ તે કહે મમતા તજો, તેણે નવિ આવે છે બાજી રે. બલિ૦ ૫**

**ગાથાર્થ :-**

**તમારું શાસન જાણ્યા પછી=ભગવાને બતાવેલો મોક્ષમાર્ગ જાણ્યા પછી તેની સાથે=અનુભવમિત્રની સાથે મને ઝાઝી પ્રીતિ છે. પણ તે કહે=અનુભવમિત્ર કહે. મમતા તજો તેથી બાજી આવતી નથી=તેની સાથે મેળ ખાય તેવી બાજી આવતી નથી. ॥૫॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ભગવાનને કહે છે તમારું શાસન જાણ્યા પછી પોતાને અનુભવમિત્રની સાથે ઘણી પ્રીતિ છે; કેમ કે ભગવાન વીતરાગ છે અને વીતરાગનું સર્વ વચન વીતરાગ થવા માટેનો ઉપદેશ આપે છે. ગ્રંથકારશ્રીને ભગવાનનાં વચન જાણવાથી બોધ થયો કે જીવની વીતરાગ અવસ્થા સર્વસુંદર અવસ્થા છે અને અવીતરાગ અવસ્થા એ જીવની અસુંદર અવસ્થા છે અને મોહથી અનાકુલ એવા આત્માનો અનુભવ એ વીતરાગ અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય છે. તેથી સ્તવનકારશ્રીને અનુભવમિત્ર સાથે ઘણી પ્રીતિ વર્તે છે. આમ છતાં અનુભવમિત્ર સાથે પોતાનો મેળ થતો નથી. કેમ મેળ થતો નથી ? તે

બતાવતાં સ્તવનકારશ્રી કહે છે. તે અનુભવમિત્ર કહે છે કે તમે બાહ્ય પદાર્થોની મમતા છોડો તો હું તમારી સાથે મિત્રતા કરું. તેથી બાજી હાથમાં આવતી નથી.

આશય એ છે કે જીવ ઉપયોગ પરિણામવાળો છે અને જ્યાં સુધી ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોમાં કે દેહના અનુકૂળ વિષયોમાં મમતા વર્તે છે, ત્યાં સુધી જીવનો ઉપયોગ મમતાના પરિણામવાળો છે. જ્યારે જીવ દેહ પ્રત્યેની મમતાનો ત્યાગ કરીને, ઇન્દ્રિયોના વિષય પ્રત્યેની મમતાનો ત્યાગ કરીને સંવર પરિણામવાળો થાય છે, ત્યારે જીવનો ઉપયોગ વિષયો પ્રત્યે અનુત્સુક ભાવવાળો થાય છે. તેથી સુખ-દુઃખ, જીવન-મૃત્યુ, શત્રુ-મિત્ર સર્વભાવોમાં સમભાવના પરિણામરૂપ અનુભવ પ્રગટે છે. જે અનુભવમિત્ર દિન-પ્રતિદિન સમભાવના પરિણામની પુષ્ટિ દ્વારા વીતરાગતાનું કારણ બને છે. પરંતુ જ્યાં સુધી દેહ આદિ પ્રત્યેની મમતા જતી નથી, ત્યાં સુધી અનુભવમિત્ર પાસે આવતો નથી. તેથી સ્તવનકારશ્રી ભગવાનને વિનંતી કરે છે કે તેવું કાંઈક કરો કે, જેથી મારો અનુભવમિત્ર સાથે મેળ ખાય. **॥૫॥**

**અવતરણિકા :-**

**અહીં પ્રશ્ન થાય કે સ્તવનકારશ્રીને અનુભવમિત્ર સાથે ઘણી પ્રીતિ છે અને તે અનુભવમિત્ર મમતા છોડવાનું કહે છે છતાં સ્તવનકારશ્રી મમતા કેમ છોડી શકતા નથી ? જેથી બાજી હાથમાં આવતી નથી. તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**કાલ અનાદિ સંબંધિની, મમતા તે કેડ ન મૂકે રે;**
**રીસાયે અનુભવ તદા, પણ ચિત્તથી હિત નવિ ચૂકે રે. બલિ૦ ૬**

**ગાથાર્થ :-**

**કાલ અનાદિ સંબંધિની મમતા છે તે મમતા કેડ મૂકતી નથી. ત્યારે=અનાદિકાળના સંબંધવાળી મમતા જ્યાં સુધી કેડ ન મૂકે ત્યારે અનુભવ રીસાય છે=અનુભવમિત્ર પાસે આવતો નથી પણ ચિત્તથી હિત ચૂકતો નથી=તે અનુભવમિત્ર ચિત્તથી મારા પ્રત્યેનો હેત ચૂકતો**

**નથી=મારા પ્રત્યે તેનો સ્નેહભાવ વર્તે છે અને મારું હિત સદા વિચારે છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીને અનુભવમિત્ર પ્રત્યે ઘણી પ્રીતિ છે. તેથી સદા તેને પ્રાપ્ત કરવા અર્થે ઇચ્છે છે. આથી જ ભગવાનને પણ વિનંતી કરે છે કે તે અનુભવમિત્ર સાથે મારો મેળ કરી આપો. પરંતુ અનુભવમિત્રને મમતા સાથે અતિ દુશ્મનાવટ છે, તેથી જ્યાં સુધી મમતા વર્તતી હોય ત્યાં સુધી તે અનુભવમિત્ર રિસાઈને દૂર રહે છે અને સ્તવનકારશ્રીને મમતા ઇષ્ટ નથી તો પણ કાળ અનાદિથી મમતા સાથે સંબંધ થયેલો છે, તેથી તે મમતા કેડ મૂકતી નથી. મમતા જ્યારે પાસે વર્તતી હોય ત્યારે અનુભવમિત્ર રિસાઈને દૂર રહે છે. આમ છતાં તે અનુભવમિત્ર ચિત્તથી ક્યારેય હેત ચૂકતો નથી. તેથી વારંવાર સ્તવનકારશ્રીને ઉપદેશ આપે છે અને કહે છે કે તું આ મમતાનો ત્યાગ કર તો જ સદાકાળ આપણા બેનો મિત્રભાવ રહેશે. આથી અનુભવમિત્રના હૈયામાં સદા સ્તવનકારશ્રી પ્રત્યે હેત વર્તે છે.

આશય એ છે કે અનાદિકાળથી જીવ દેહ અને ઇન્દ્રિયોના સંબંધવાળો છે. આથી દેહ અને ઇન્દ્રિયોને જે અનુકૂળ હોય તે પોતાને અનુકૂળ છે એવો ભ્રમ ધારણ કરે છે. તેથી સદા દેહના અને ઇન્દ્રિયોના વિષયમાં મમતાને ધારણ કરે છે. આથી અનાદિકાળથી જીવનો મમતા સાથે સંબંધ છે. કોઈક રીતે કર્મ અલ્પ થવાથી ભગવાનનાં વચનોને સાંભળીને જીવને જણાય છે કે ભવભ્રમણની સર્વ કદર્થનાનું કારણ આ મમતા છે અને ભવભ્રમણના ઉચ્છેદનો ઉપાય અનુભવમિત્ર છે. તેથી સદા અનુભવમિત્ર સાથે મૈત્રી કરવાનો અભિલાષ સ્તવનકારશ્રીને થાય છે. આમ છતાં મમતાનો પરિણામ અતિ સુઅભ્યસ્ત હોવાથી નિમિત્તને પામીને દેહાદિ પ્રત્યે મમતા થાય છે અને જ્યારે જ્યારે દેહાદિ પ્રત્યે મમતા થાય છે ત્યારે સમભાવનો અનુભવ દૂર થાય છે. તેથી અનુભવમિત્ર રિસાયો છે તેમ કહેવાય છે. આમ છતાં સ્તવનકારશ્રીને થયેલો જે અનુભવ તે હંમેશાં સ્તવનકારશ્રીને પ્રેરણા કરે છે અને કહે છે કે આ મમતાનો ત્યાગ કર. તેથી તે અનુભવમિત્ર ચિત્તથી પોતાના હેતનો પરિણામ ચૂકતો નથી અને તેના વચનથી

પ્રેરાઈને જ સ્તવનકારશ્રી ભગવાનને વિનંતી કરે છે કે આ મિત્રનો મેળ સદા થાય તેવું કંઈક કરો. આ પ્રકારે ભગવાનને વિનંતી કરીને સ્તવનકારશ્રી અનુભવમિત્ર પ્રત્યેનો રાગ અતિશય કરવા બળસંચય કરે છે અને મમતાના પરિણામનો ત્યાગ કરવા અર્થે અંતરંગ સામર્થ્ય ઉલ્લસિત કરે છે. જેથી અનુભવમિત્ર સાથે સદાયોગ રહે. જેના ફળરૂપે કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય. ॥૬॥

**અવતરણિકા :-**

**વળી, સ્તવનકારશ્રી ભગવાનને વિનંતી કરતાં કહે છે –**

**ગાથા :-**

**એહવા મિત્રશું રૂસણું, એ તો મુજ મન લાગે માઠું રે;**
**તિમ કીજેં મમતા પરી, જિમ છાંડું ચિત્ત કરી કાઠું રે. બલિ૦ ૭**

**ગાથાર્થ :-**

**એહવા મિત્રશું=જે મિત્ર સર્વ કલ્યાણની પરંપરાનું કારણ હોય એવા મિત્રનું રૂસણું એ મારા મનને માઠું લાગે છે. તેથી હે ભગવાન ! તેમ કરો જેથી મમતા પ્રત્યે ચિત્તને કાઠું કરીને તેને છોડું. ॥૭॥**

**ભાવાર્થ :-**

જીવનો જગતના ભાવો પ્રત્યેના સમભાવનો પરિણામ એ અનુભવમિત્ર છે; કેમ કે એ પ્રકારના અનુભવથી જીવ અસંગ પરિણામવાળો થાય છે. અસંગ પરિણામથી કર્મબંધ અટકે છે અને સંગના પરિણામથી જે પૂર્વમાં બંધાયેલાં કર્મો છે તે કર્મો અસંગના પરિણામથી નાશ પામે છે. તેથી તે અસંગના પરિણામનો અનુભવ જીવ માટે કલ્યાણની પરંપરાનું કારણ છે અને એવો મિત્ર રિસાઈને દૂર રહે તે બુદ્ધિમાન પુરુષને ગમે નહીં. તેથી સ્તવનકારશ્રી કહે છે કે આ અનુભવમિત્ર રિસાઈને દૂર રહે છે તે મને ઘણું માઠું લાગે છે. તેથી ભગવાનને કહે છે કે તેવી કોઈક શક્તિ મારામાં આધાન કરો, જેથી ચિત્તને કાઠું કરીને મમતાને છોડું.

આશય એ છે કે અનાદિ ભવ અભ્યસ્ત મમતા છે. તેથી આ મમતા

અહિતકારી છે, તેવું જાણવા છતાં તેના પ્રત્યે ચિત્ત કઠોર થતું નથી. પરંતુ મૃદુભાવવાળું થાય છે. તેથી મમતા કેડ મૂકતી નથી અને તેના પ્રત્યે ચિત્તને કઠોરભાવ કરવા અર્થે ભગવાનને સ્તવનકારશ્રી વિનંતી કરે છે કે, એવું કોઈક બળ આધાન કરો કે જેથી મારું ચિત્ત મમતા પ્રત્યેના મૃદુ ભાવને છોડીને કઠોર ભાવવાળું થાય. જેથી આ મમતાને હું કાઢું કે જેના ફળરૂપે અનુભવમિત્ર સદા પોતાની સાથે રહે. **॥૭॥**

**અવતરણિકા :-**

**વળી, સ્તવનકારશ્રી મમતાને કાઢવા માટે વિશેષ પ્રકારે ભગવાનને વિનંતી કરે છે –**

**ગાથા :-**

**ચરણ ધર્મ નૃપ તુમ વસેં, તસ કન્યા સમતા રૂડી રે;**
**અચિરાસુત તે મેલવો, જિમ મમતા જાયે ઊડી રે. બલિ૦ ૮**

**ગાથાર્થ :-**

**તમારો ચરણધર્મરૂપ રાજા વસે છે અને તેની કન્યા સમતા રૂડી છે. હે અચિરાસુત શાંતિનાથ ભગવાન ! તે સમતાને મેળવો=મારી સાથે મેળ કરાવો. જેથી મમતા ઊડી જાય. ॥૮॥**

**ભાવાર્થ :-**

ભગવાન શાંતિનાથને સ્તવનકારશ્રી વિનંતી કરે છે અને કહે છે કે તમારો ચારિત્રધર્મરૂપી રાજા છે તે આ પૃથ્વી પર વસે છે અને તેની સુંદર એવી સમતા નામની કન્યા છે. તેની સાથે મારો મેળ કરાવો તો આ મમતા મારો કેડ છોડે તેમ છે અને તો જ આ અનુભવમિત્ર સદા મારી સાથે રહે.

આશય એ છે કે આત્માને આત્મભાવમાં ફરવું તે ચરણધર્મ છે અને તે ચરણધર્મરૂપી રાજાથી સમતા નામની કન્યા ઉત્પન્ન થયેલી છે, જે કન્યા જીવને જગતના ભાવો પ્રત્યે સમાનતાની બુદ્ધિ કરાવીને જગતના પદાર્થો પ્રત્યે પક્ષપાતની બુદ્ધિ દૂર કરાવે છે. તેથી તે સમતા સુંદર કન્યા છે અને તેનો મેળ જેને થાય છે

તે જીવને જગતના સર્વભાવો આત્મા માટે અનુપયોગી હોવાથી સમાન છે તેવી સ્થિરબુદ્ધિ થાય છે. તેથી આત્માથી ભિન્ન એવા દેહાદિ ભાવો પ્રત્યે જીવને મમતા થતી નથી અને સમતાના પરિણામથી મમતા જાય તો આત્માનો અનુભવમિત્ર સદા તેની સાથે રહે. તેથી સ્તવનકારશ્રી ભગવાનને સમતા સાથે મેળ કરાવવા વિનંતી કરે છે. **॥૮॥**

**અવતરણિકા :-**

**સ્તવનકારશ્રીએ શ્લોક-૪થી અત્યાર સુધી ભગવાનને વિનંતી કરી તેના ફળરૂપે શું પ્રાપ્ત થાય છે તે બતાવે છે –**

**ગાથા :-**

**સાહિબે માની વીનતી, મિલ્યો અનુભવ મુજ અંતરંગે રે;**
**ઓચ્છવ રંગ વધામણાં, હુઆ સુજસ મહોદય સંગે રે. બલિ૦ ૯**

**ગાથાર્થ :-**

**સાહિબે વીનતી માની=શાંતિનાથ ભગવાને સ્તવનકારશ્રીની વિનંતી માની. જેથી અંતરમાં સ્તવનકારશ્રીને અનુભવમિત્ર મળ્યો. જેના ફળરૂપે સુયશના મહોદયના સંગવાળાં ઓચ્છવરંગ વધામણાં થયાં. ॥૯॥**

**ભાવાર્થ :-**

ભગવાન શાંતિનાથને સ્તવનકારશ્રીએ વિનંતી કરી કે મારા અનુભવમિત્ર સાથે મને મેળ કરાવો અને તેના મેળમાં વિઘ્ન કરનાર આ અનાદિની મમતા છે, તે કેડ મૂકતી નથી અને તે મમતાને કાઢવા માટે સમતા કન્યાનો મેળાપ કરાવો. આ પ્રકારની સ્તવનકારશ્રીની વિનંતી ભગવાને સાંભળી. જેથી સ્તવનકારશ્રીની સાથે સમતાનો યોગ થયો અને સમતાનો યોગ થવાથી મમતા દૂર ભાગી ગઈ. જેથી ગ્રંથકારશ્રીના હૈયામાં અંતરંગ રીતે અનુભવમિત્ર મળે છે અને અનુભવમિત્ર પોતાને પ્રાપ્ત થયેલ છે તે નિમિત્તે ઉત્સવરંગ વધામણાં થાય છે. જે ઉત્સવરંગનાં વધામણાં સુંદર યશને કરે તેવા મહોદયના સંગવાળાં છે.

આશય એ છે કે ભગવાન વીતરાગ થયા છે અને સિદ્ધ અવસ્થામાં બિરાજમાન છે. કોઈનું કંઈ કરતા નથી છતાં ભગવાન પ્રત્યેના ભક્તિના ભાવથી તેમને તે

પ્રકારની વિનંતી કરવાથી હૈયામાં ભગવાન પ્રત્યે ભક્તિ વધે છે અને વધતી એવી ભક્તિના બળથી પોતાનું જ વીર્ય ઉલ્લસિત થાય છે. સ્તવનકારશ્રીએ ભગવાન પ્રત્યેની ભક્તિના પરિણામથી ભગવાનને વિનંતી કરી કે આ અનુભવમિત્રનો મેળ કરાવો. આ મમતાને કાઢવા માટે બળ આધાન કરાવો અને તેના કાઢવાના ઉપાયભૂત સમતાનો યોગ કરાવો. આ પ્રકારના સ્તવનકારશ્રીના વચનથી સ્તવનકારશ્રીનું પોતાનું જીવ-વીર્ય તે પ્રકારનું ઉલ્લસિત થયું, જેથી પોતાનામાં સમતા પ્રત્યેનો પક્ષપાત દૃઢ થયો અને સમતા પ્રત્યેનો પક્ષપાત અધિક થવાથી સમતાનો યોગ થયો. સમતાનો યોગ થવાથી દેહાદિ પ્રત્યેની મમતા નષ્ટપ્રાય થઈ અને મમતા નષ્ટપ્રાય થવાથી મોહથી અનાકુલ એવો જીવના પરિણામરૂપ ઉપયોગ સ્વરૂપ અનુભવમિત્ર સદા પાસે રહે છે અને તે અનુભવમિત્રના આગમનથી હર્ષિત થયેલા સ્તવનકારશ્રી ઓચ્છવનો રંગ કરે છે અને વધામણાં કરે છે કે આ મારો મિત્ર મારી પાસે આવ્યો છે. તે ઓચ્છવરંગનાં વધામણાંથી સુંદર યશનો મહોદયનો સંગ સ્તવનકારશ્રીને પ્રાપ્ત થાય છે અર્થાત્ આ મહાત્મા ધન્ય છે કે જેમને અનુભવમિત્ર પ્રાપ્ત થયો છે. તેવા પ્રકારના સુંદર યશવાળો અને કલ્યાણની પરંપરાની પ્રાપ્તિનું કારણ તેવા મહોદયવાળો સંગ ગ્રંથકારશ્રીને પ્રાપ્ત થયો છે. **॥૯॥**

## કળશ

**ગાથા :-**

**ઈમ સકલ સુખકર, દુરિત ભયહર શાંતિ જિનવર મેં સ્તવ્યો,**
**યુગ-ભુવન-સંયમ-માન વરષે, (૧૭૩૪) ચિત્ત હર્ષે વિનવ્યો;**
**શ્રી વિજયપ્રભસૂરિરાજરાજ્યે, સુકૃત કાજે નય કહી;**
**શ્રી નયવિજય બુધ શિષ્ય વાચક, જસવિજય જયસિરિ લહી. ૧**

**ગાથાર્થ :-**

**આમ=પૂર્વમાં વર્ણન કર્યું એમ, સકલ સુખ કરનાર, દુરિત અને ભયને હરનાર એવા શાંતિજિનેશ્વરને મેં સ્તવ્યા. યુગ-ભુવન-સંયમ-માન વરસે=૧૭૩૪ વર્ષે ચિત્તના હર્ષથી મેં વિનવ્યા=શાંતિજિનેશ્વરને મેં**

**વિનંતી કરી. શ્રી વિજયપ્રભસૂરિરાજના રાજ્યમાં=વિજયપ્રભસૂરિરાજની છત્રછાયામાં, સુકૃતને કાજે નયોને કહ્યા=નિશ્ચય અને વ્યવહારને કહ્યા. શ્રી નયવિજય બુધના શિષ્ય એવા વાચક જસવિજયે જયશ્રીને લહી= પ્રસ્તુત સ્તવન કરીને જયશ્રીને પ્રાપ્ત કરી. ॥૧॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં છ ઢાળથી વર્ણન કર્યું એ પ્રમાણે ગ્રંથકારશ્રીએ શાંતિનાથ જિનેશ્વરની સ્તવના કરી છે. તે શાંતિનાથ ભગવાન કેવા છે ? તેથી કહે છે. સકલ સુખને કરનારા છે; કેમ કે વીતરાગ એવા સર્વજ્ઞની સ્તવના-ભકિત કરવાથી સર્વસુખોની પ્રાપ્તિ થાય છે. વળી, તે શાંતિનાથ ભગવાન દુરિતને હરનારા છે અર્થાત્ સંસારી જીવો પ્રમાદને વશ થઈને જે પાપો કરે છે, તે જીવોની વિડંબનાનાં કારણ હોવાથી દુરિત છે અને ભગવાન પ્રત્યેની ભક્તિથી તેવાં પાપો નાશ થાય છે. તેથી ભગવાન દુરિતને હરનારા છે. વળી, ભગવાન ભયને હરનારા છે. અર્થાત્ સંસાર ચાર ગતિના પરિભ્રમણરૂપ અતિવિડંબના સ્વરૂપ છે. તેથી જીવો માટે ભયનું સ્થાન છે. ભગવાન પ્રત્યેની ભક્તિથી તે ભય નાશ પામે છે. તેથી ભગવાન ભયને હરનારા છે. એવા ભગવાનની યશોવિજયજી મહાત્માએ સ્તવના કરી છે. ક્યારે સ્તવના કરી તે બતાવે છે. ૧૭૩૪ વર્ષે ચિત્તના હર્ષપૂર્વક ભગવાનને વિનંતી કરી છે. વળી, તે વિનંતી વિજયપ્રભસૂરિ મહારાજની છત્રછાયામાં સુકૃતને કાજે=પોતાને સુકૃત પ્રાપ્ત થાય તેના માટે વ્યવહારનય અને નિશ્ચયનય બતાવીને કરી છે. કોણે ભગવાનને વિનંતી કરી છે તે સ્પષ્ટ કરતાં કહે છે. નયવિજય બુધના શિષ્યવાચક યશોવિજયજીએ જયંની શ્રી= કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરાવે એવી, ભગવાનની સ્તવના કરી છે. **॥૧॥**

❖ ❖ ❖

**॥ સમાપ્ત ॥**

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।।

# નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી સીમંધરસ્વામી સ્તવન

## ઢાળ-૧

(રાગ : મારૂણી)

**ગાથા :-**

**શ્રી સીમંધર સાહિબ આગે વીનતી રે,**
**મન ધરી નિર્મલ ભાવ;**
**કીજે રે કીજે રે,**
**લીજે લાહો ભવ તણો રે. ૧**

**ગાથાર્થ :-**

**શ્રી સીમંધરસ્વામીની આગળ મનમાં નિર્મલ ભાવ ધારણ કરીને વિનંતી કરીએ. વિનંતી કરીએ અને ભવ તણો લાહો લહીએ. ॥૧॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી મનમાં નિર્મલ ભાવ ધારણ કરીને સીમંધરસ્વામીને વિનંતી કરે છે અર્થાત્ વીતરાગની સ્તવના કરીને વીતરાગ પ્રત્યેના વધતા જતા બહુમાનથી પોતે વીતરાગ થાય તેવા નિર્મલ ભાવને મનમાં ધારણ કરીને શ્રી

સીમંધરસ્વામીને વિનંતી કરે છે અને કહે છે કે ભગવાનની આ રીતે ભક્તિ કરવી એ જ મનુષ્યભવ તણો લાહો છે=મનુષ્યભવ સફળ છે. **॥૧॥**

**ગાથા :-**

**બહુસુખખાણી તુજ વાણી પરિણમે રે, જેહ એક નય પક્ષ;**
**ભોલા રે ભોલા રે, તે પ્રાણી ભવ રડવડે રે. ૨**

**ગાથાર્થ :-**

**બહુ સુખની ખાણ એવી હે ભગવાન તમારી વાણી જેઓને એક નય પ્રત્યેના પક્ષપાતથી પરિણમન પામે છે તે ભોળા એવા પ્રાણીઓ ભવમાં રડવડે છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

ભગવાનની વાણી અનેક નયોની છે. અને તે નયોને યથાર્થ જાણીને તેઓનો જેઓને બોધ થાય છે, તેવા જીવોને માટે ભગવાનની વાણી બહુ સુખની ખાણ છે. આમ છતાં જે જીવોને એક નય પ્રત્યેના પક્ષપાતવાળી ભગવાનની વાણી પરિણમન પામે છે, તેઓ તે એક નયને સ્વીકારીને તેના પ્રતિપક્ષ નયનો અપલાપ કરે છે અને પોતે સ્વીકારેલા નયમાં અભિનિવેશવાળા બને છે અને પોતે ભગવાનના વચનના મર્મને જાણે છે, તેવો ભ્રમ ધારણ કરે છે. એવા પ્રાણીઓ ભોળા છે અર્થાત્ તત્ત્વને જાણવામાં ભોટ છે અને તેવા પ્રાણીઓ એક નયનો પક્ષપાત કરીને ભવમાં રડવડે છે. **॥૨॥**

**ગાથા :-**

**મેં મતિમોહે એક જ નિશ્ચય નય આદર્યો રે,**
**કે એક જ વ્યવહાર;**
**ભૂલા રે ભૂલા રે,**
**તુજ કરુણાયે ઓલખ્યા રે. ૩**

**ગાથાર્થ :-**

**મેં મતિમોહથી એક જ નિશ્ચયનય આદર્યો અથવા એક જ**

**વ્યવહારનય આદર્યો. આ નયોનો બોધ ભૂલભરેલો છે. તમારી કરુણાથી ઓળખ્યા=મેં નયોને પરસ્પર સાપેક્ષ રીતે ઓળખ્યા. ॥૩॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ભગવાનને વિનંતી કરતાં કહે છે કે તમારા શાસનને પામીને પણ મતિમોહને કારણે ક્યારેક કેવળ એક નિશ્ચયનયને આદર્યો, તો વળી ક્યારેક કેવળ એક વ્યવહારનયને આદર્યો. આ બંને પ્રકારે પોતાનો સ્વીકાર ભૂલભરેલો છે. જેથી સંસારના પરિભ્રમણના અનર્થની પ્રાપ્તિ થાય તેમ છે, તો પણ ભગવાનની કરુણાને કારણે સ્તવનકારશ્રીએ બંને નયોને=નિશ્ચયનય અને વ્યવહારનય બંને નયોને ઓળખ્યા છે. તેથી તે બંને નયો તેમણે કઈ રીતે ઓળખ્યા છે તે સ્વયં આગળ બતાવે છે. ॥૩॥

**ગાથા :-**

**શિબિકાવાહક પુરુષ તણી પરે તે કહ્યા રે,**
**નિશ્ચય ને વ્યવહાર;**
**મિલિયા રે મિલિયા રે,**
**ઉપગારી નવિ જૂજૂઆ રે. ૪**

**ગાથાર્થ :-**

**શિબિકાવાહક પુરુષની જેમ તે નિશ્ચયનય અને વ્યવહારનય કહ્યા છે. ભેગા મળેલા તે બંને ઉપગારી છે, જુદાજુદા ઉપગારી નથી. ॥૪॥**

**ભાવાર્થ :-**

કોઈ શિબિકાને બે પુરુષ વહન કરતા હોય અને બંને એક દિશા પર ચાલતા હોય તો તે શિબિકાને વહન કરવામાં બંને પુરુષો એકબીજાને ઉપકારક બને છે. તેવી રીતે નિશ્ચયનય અને વ્યવહારનય બંને નયો શિબિકાવાહક પુરુષની જેમ મોહના ઉન્મૂલનને અનુકૂળ એક દિશા તરફ પરસ્પર સહકારથી પ્રવર્તતા હોય તો શિબિકાવાહક બે પુરુષની જેમ તેઓ પરસ્પર મળેલા ગણાય છે અને પરસ્પર મળેલા એવા શિબિકાવાહક પુરુષ જેમ તે શિબિકાને ઇચ્છિત સ્થાને પહોંચાડે છે, તેમ પરસ્પર મળેલા એવા નિશ્ચયનય અને વ્યવહારનય યથાર્થબોધ

કરાવીને લાયક જીવોને મોહના ઉન્મૂલનને અનુકૂળ પથમાં સમ્યક્ પ્રવર્તાવે છે. તેથી તે બંને નયો પરસ્પર મળીને ઉપકારક થાય છે. વળી, જેમ શિબિકાવાહક બે પુરુષો પરસ્પર જુદા મતવાળા થાય તો તે બંને વચ્ચે દિશાની તાણાતાણી થાય. તેથી તે શિબિકામાં બેઠેલા પુરુષનો વિનાશ કરે છે અને શિબિકાને સ્થાને પહોંચાડવામાં તે બંને ઉપકારક બનતા નથી. તેમ નિશ્ચયનય અને વ્યવહારનય જુદાજુદા થાય તો સ્વપક્ષની તાણાતાણી કરીને બોધ કરનારનો વિનાશ કરે છે.

અહીં વિશેષ એ છે કે, નિશ્ચયનય મોક્ષના કારણરૂપે જીવનો અંતરંગ પરિણામ સ્વીકારે છે અને જે નિશ્ચયનય વ્યવહાર સાથે મળેલો છે તે નિશ્ચયનય મોક્ષને અનુકૂળ તેવા પરિણામની નિષ્પત્તિ પ્રત્યે ઉચિત બાહ્યક્રિયાને નિમિત્ત કારણરૂપે સ્વીકારે છે અને વ્યવહારનય નિશ્ચયનયને અભિમત પરિણામ દ્વારા બાહ્ય ઉચિત ક્રિયાને મોક્ષનું કારણ સ્વીકારે છે, તેથી નિશ્ચયનયને અભિમત પરિણામના ઉપાયરૂપે ક્રિયા કરવા તે વ્યવહારનય પ્રેરણા કરે છે. વળી,જે વ્યવહારનય નિશ્ચય સાથે મળેલો છે તે વ્યવહારનય માત્ર બાહ્યક્રિયાને મોક્ષનું કારણ કહેતો નથી, પરંતુ મોક્ષને અનુકૂળ એવા ભાવોને ઉલ્લસિત કરે અને ઉલ્લસિત થયેલા ભાવોને પુષ્ટ કરે તેવી ઉચિત ક્રિયા મોક્ષનું કારણ કહે છે. તેથી વ્યવહારનય નિશ્ચયનયને સંમત એવા પરિણામનું કારણ બને તે રીતે અપ્રમાદથી ક્રિયા કરવા પ્રેરણા કરે છે. તેથી વ્યવહારનય પ્રધાનરૂપે સમ્યક્ ક્રિયા કરવા પ્રેરણા કરે છે અને નિશ્ચયનય પોતાને સંમત એવો ભાવ પ્રાપ્ત થાય તે રીતે ક્રિયા કરવા પ્રેરણા કરે છે. તેથી તે બંને નયો સ્વસ્થાનમાં લક્ષ્ય તરફ ગમન કરનારા બને છે અને પરસ્પર મળેલા હોવાથી એક દિશા તરફ જનારા છે.

વળી, જે નિશ્ચયનય મોક્ષને અનુકૂળ એવા નિર્લેપભાવને મોક્ષનું કારણ સ્વીકારીને તે ભાવની નિષ્પત્તિમાં બળવાન નિમિત્તકારણ એવા વ્યવહારનયનો અપલાપ કરે છે અને જે વ્યવહારનય મોક્ષને અનુકૂળ એવા પરિણામને લક્ષ્ય કર્યા વગર માત્ર બાહ્યક્રિયાને મોક્ષનું કારણ સ્વીકારીને નિશ્ચયનયનો અપલાપ કરે છે, તે નિશ્ચયનય અને વ્યવહારનય સ્વ સ્વ પક્ષનો આગ્રહ કરનારા બને છે. તેથી નિશ્ચયનય પોતાને અભિમત ભાવનું પ્રબળ કારણ એવી ક્રિયાને પણ 'બાહ્યક્રિયા છે માટે અસાર છે' એમ કહીને તેનો અપલાપ કરે છે. તેના દ્વારા પોતાને અભિમત એવા ભાવના જ કારણનો અપલાપ કરીને પોતાને અભિમત

એવા ભાવનો અપલાપ કરે છે માટે માર્ગનો ભંજક છે અને જે વ્યવહારનય મોક્ષને અનુકૂળ ભાવને લક્ષ્ય કર્યા વગર માત્ર ક્રિયાને કરવાનો આગ્રહ કરે છે તે વ્યવહારનય નિશ્ચયનયને અભિમત પરિણામનો અપલાપ કરીને નિશ્ચયનયને અભિમત પરિણામના કારણીભૂત એવા શુદ્ધવ્યવહારનો જ અપલાપ કરે છે. તેથી માર્ગનો ભંજક છે. માટે આવા તાણાતાણી કરનારા નિશ્ચયનય અને વ્યવહારનય ઉપકારક નથી=કલ્યાણનું કારણ નથી. **॥૪॥**

**ગાથા :-**

> **બહુલા પણ રતન કહ્યાં, જે એકલાં રે, માલા ન કહાય;**
> **માલા રે માલા રે, એક સૂત્રે તે સાંકલ્યા રે. ૫**

**ગાથાર્થ :-**

**ઘણાં પણ રતન કહ્યાં જે એકલાં છે અર્થાત્ માળામાં ગૂંથાયેલાં નથી, તે રત્નોના સમુદાયને માળા કહેવાય નહીં=તે રત્નની માળા ન કહેવાય અને જે માળા છે તે એક સૂત્રથી બંધાયેલ છે=જે રત્ન એક દોરીથી પરસ્પર બંધાયેલાં છે તે માળા કહેવાય. ॥૫॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનય અને વ્યવહારનય યોગમાર્ગના મર્મને દેખાડનારા દૃષ્ટિકોણો છે. તેથી રત્ન જેવા છે અને નિશ્ચયનયના સર્વ દૃષ્ટિકોણો અને વ્યવહારનયના સર્વ દૃષ્ટિકોણો જુદા જુદા રત્ન જેવા છે. જેમ જુદા પડેલા રત્નને માળા કહેવાય નહીં તેમ પરસ્પર નહીં સંકળાયેલા નિશ્ચયનયના અને વ્યવહારનયના દૃષ્ટિકોણોને માળા કહેવાય નહીં. અને જેમ તે રત્નો એક સૂત્રથી ગૂંથાયેલાં હોય તો તે રત્નોની માળા કહેવાય, તેમ નિશ્ચયનયના જેટલા દૃષ્ટિકોણો છે અને વ્યવહારનયના જેટલા દૃષ્ટિકોણો છે, તે સર્વ પરસ્પર સાપેક્ષતા સબંધરૂપી સૂત્રથી ગૂંથાયેલાં થાય ત્યારે તે નિશ્ચયનયના સર્વ દૃષ્ટિકોણોરૂપ રત્નો અને વ્યવહારનયના સર્વ દૃષ્ટિકોણોરૂપ રત્નો, એ રત્નોની માળારૂપે કહેવાય. **॥૫॥**

**ગાથા :-**

> **તિમ એકાકી નય સઘલા મિથ્યામતિ રે, મિલિયા સમકિતરૂપ;**
> **કહીએ રે કહીએ રે, લહીએ સમ્મતિ સમ્મતિ રે. ૬**

**ગાથાર્થ :-**

**તિમ એકાકી નય સઘળા મિથ્યામતિ છે અને પરસ્પર મળેલા સમકિતરૂપ કહીએ અને સમ્મતિગ્રંથની સાક્ષીથી આ કથન લહીએ. ॥૬॥**

**ભાવાર્થ :-**

ઘણાં પણ રત્નો છૂટાં પડેલાં હોય તો તે માળા કહેવાય નહીં, તેમ એકાકી બધા નયો મિથ્યામતિ કહેવાય; કેમ કે રત્ન જેવા પણ તે એક નયના દૃષ્ટિકોણો એકાંતપક્ષને ગ્રહણ કરીને વિપરીત બુદ્ધિવાળા છે=સુંદર પદાર્થને કહેનારા હોવાથી રત્ન જેવા પણ તે એકાકીનયો વિપરીત બોધ કરાવનારા હોવાથી મિથ્યામતિ છે. અને જેમ તે રત્નો એક સૂત્રથી પરસ્પર સંકળાયેલાં થાય તો માળા કહેવાય છે તેમ નિશ્ચય અને વ્યવહાર પરસ્પર સાપેક્ષથી સંકળાયેલા થાય તો સમકિતરૂપ કહેવાય છે; કેમ કે પરસ્પર સાપેક્ષતાથી જોડાયેલા એવા તે બંને નયો યથાર્થ બોધ કરાવીને જીવના હિતનું કારણ બને છે.

વળી, એકાંતનયો મિથ્યા છે અને પરસ્પર સાપેક્ષનયો સમકિતરૂપ છે એ કથન સમ્મતિતર્કની શાસ્ત્રયુક્તિથી જાણવું. **॥૬॥**

**ગાથા :-**

**દોય પંખ વિણ પંખી, જિમ રથ વિણ દોય ચક્ર;**
**ન ચલે રે ન ચલે રે, તિમ શાસન નય બિહું વિના રે. ૭**

**ગાથાર્થ :-**

**બે પાંખ વગર પંખી ઊડી શકે નહીં અને બે ચક્ર વગર રથ ચાલી શકે નહીં તેમ બે નયો વગર=પરસ્પર સાપેક્ષ એવા બે નયો વગર ભગવાનનું શાસન ચાલે નહીં. ॥૭॥**

**ભાવાર્થ :-**

પંખીઓ બે પાંખવાળા હોય છે. તેની એક પાંખ કોઈક રીતે કપાઈ જાય તો તે પંખી ઊડી શકે નહીં. વળી, સામાન્યથી રથ બે પૈડાંથી ચાલે તે રીતે નિર્માણ થયેલા હોય છે અને તેમાં એક પૈડું ન હોય તો તે રથ ગતિ કરી શકે નહીં, તેમ

ભગવાનનું શાસન નિશ્ચય અને વ્યવહાર એ બે નયોથી પ્રવર્તે છે. તેમાંથી એક નયનો અપલાપ કરવામાં આવે તો શાસન ચાલે નહીં.

આશય એ છે કે ભગવાનનું વચન જે જીવને સમ્યક્ પરિણમન પામે છે, તે જીવ નિશ્ચયનય અને વ્યવહારનય એ બે નયોને પરસ્પર સાપેક્ષ ઉચિત રીતે યોજન કરે છે. તેનાથી તેને સમ્યક્ શ્રુતજ્ઞાન થાય છે અને ઉચિત રીતે યોજન કરાયેલા તે બંને નયોથી થયેલા બોધ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને તે મહાત્મા યોગમાર્ગમાં સમ્યક્ પ્રવર્તે છે. તેથી તે મહાત્માના ચિત્તમાં ભગવાનનું શાસન સમ્યક્ રીતે વર્તી રહ્યું છે અને તેવા મહાત્માના ઉપદેશથી અન્ય જીવો પણ તે રીતે બોધ કરે અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરે તો તેઓમાં પણ ભગવાનનું શાસન વર્તે છે. આ રીતે ઘણા જીવોમાં સમ્યક્ બોધના બળથી ભગવાનનું શાસન પ્રવર્તે છે તે સર્વ જીવો બે નયોથી ચાલે છે. જેઓ તે બે નયોને સાપેક્ષ રીતે યોજન કરતા નથી, પરંતુ કેટલાક જીવો વ્યવહારનયને ગ્રહણ કરે છે અને કેટલાક જીવો નિશ્ચયનયને ગ્રહણ કરે છે અને તે બંને નયોને નિરપેક્ષ રીતે ગ્રહણ કરીને સ્વસ્વપક્ષની તાણાતાણી કરે છે, એવા જીવોમાં ભગવાનનું શાસન પ્રવર્તતું નથી. તેથી જેમ એક પાંખથી પક્ષી ઊડી શકે નહીં અને જેમ એક ચક્રથી રથ ગતિમાન થાય નહીં, તેમ એક નયની તાણાતાણી કરનાર પુરુષમાં ભગવાનનું શાસન ગતિમાન થતું નથી. તેથી તેવા જીવો જિનશાસનથી બહિર્મુખ બને છે. **॥૭॥**

**ગાથા :-**

> **શુદ્ધ અશુદ્ધપણું પણ સરખું છે બેઉને રે, નિજ નિજ વિષે શુદ્ધ;**
> **જાણો રે જાણો રે, પર વિષે અવિશુદ્ધતા રે. ૮**

**ગાથાર્થ :-**

**શુદ્ધ-અશુદ્ધપણું સરખું બેઉનું છે=વ્યવહારનય નિશ્ચયનય બેઉનું છે; કેમ કે નિજનિજ વિષયમાં શુદ્ધ જાણો=બેઉ નયો નિજનિજ વિષયમાં શુદ્ધ જાણો. પરવિષયમાં અવિશુદ્ધતા છે.॥૮॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, બેઉ નયથી ભગવાનનું શાસન ચાલે

છે, ત્યાં નિશ્ચયના પક્ષપાતી જીવો કહે છે કે નિશ્ચયનય શુદ્ધ આત્મતત્ત્વને લક્ષ્ય કરીને તેને અનુરૂપ એવા આત્માના સમતાના પરિણામને જ મોક્ષનું કારણ કહે છે. માટે નિશ્ચયનય શુદ્ધ છે અને વ્યવહારનય મોક્ષનું કારણ પુદ્‌ગલની ક્રિયારૂપ કાયાની ચેષ્ટાને કહે છે. માટે અશુદ્ધ છે; કેમ કે કાયા આદિના પુદ્‌ગલોની પ્રવૃત્તિ આત્મભાવની પ્રવૃત્તિ નહીં હોવાથી મોક્ષનું કારણ નથી. તેનું નિરાકરણ કરવા અર્થે સ્તવનકારશ્રી કહે છે કે, દરેક નયો પોતપોતાના સ્થાને શુદ્ધ છે. તેથી નિશ્ચયનયના સ્થાને નિશ્ચયનય શુદ્ધ છે અને વ્યવહારનયના સ્થાનમાં અશુદ્ધ છે. વ્યવહારનય વ્યવહારનયના સ્થાનમાં શુદ્ધ છે અને નિશ્ચયનયના સ્થાનમાં અશુદ્ધ છે.

આશય એ છે કે વ્યવહારનય સર્વકર્મરહિત આત્માની શુદ્ધ અવસ્થાની પ્રાપ્તિનું કારણ બને એવા પ્રકારની ઉચિત મન, વચન, કાયાની ક્રિયાને મોક્ષનું કારણ કહે છે. અને નિશ્ચયનય મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિને મોક્ષનું કારણ કહે છે. તેથી નિશ્ચયનયનું લક્ષ્ય પણ મોક્ષપ્રાપ્તિ છે અને વ્યવહારનયનું પણ લક્ષ્ય મોક્ષપ્રાપ્તિ છે. મોક્ષપ્રાપ્તિના ઉપાયની વિચારણા કરતી વખતે સૂક્ષ્મદૃષ્ટિથી જોવામાં આવે તો આત્મામાં વર્તતી અંતરંગ સમભાવની પરિણતિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વીતરાગતાની પ્રાપ્તિનું કારણ બને છે અને અંતે મોક્ષની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી નિશ્ચયનયની દૃષ્ટિના સ્થાને નિશ્ચનય શુદ્ધ છે અને વ્યવહારનય પણ મોક્ષની પ્રાપ્તિનો ઉપાય અંતરંગ સમભાવની પરિણતિને માને છે. તો પણ વ્યવહારનય કહે છે કે સમભાવની પરિણતિને ઉલ્લસિત કરવા માટે તેને ઉચિત ક્રિયા કરવાથી સમભાવની પરિણતિ પ્રગટે છે અને એ ઉચિત ક્રિયાથી પ્રગટ થયેલો સમભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. તેના ફળરૂપે જીવ વીતરાગ બને છે અને અંતે મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી વ્યવહારનયના સ્થાને વ્યવહારનયનું કથન ફલસાધક હોવાથી શુદ્ધ છે અને વ્યવહારનયની દૃષ્ટિ નિશ્ચયનયના સ્થાને વ્યવહારનયનું કથન કરવા માટે અસમર્થ છે, તેથી અશુદ્ધ છે. આથી જ જે મહાત્માઓ પ્રધાનરૂપે ધ્યાનના બળથી અસંગ ભાવમાં જઈ શકે છે તે સ્થાનમાં નિશ્ચયનય પ્રધાન છે. આમ છતાં તે સ્થાનમાં વ્યવહારનય કહે કે સંયમની બાહ્ય ઉચિત ક્રિયા વગર

અંતરંગભાવમાં કરાયેલા યત્નથી મોક્ષ થઈ શકે નહીં તો તે સ્થાનમાં વ્યવહારનયનું વચન ઉચિત કહેવાય નહીં. માટે તે સ્થાનમાં વ્યવહારનય પોતાનું કથન કરવા માટે યત્ન કરે તો તે અનુચિત છે માટે તે સ્થાનમાં વ્યવહારનય અશુદ્ધ છે.

એ રીતે જે જીવો ઉચિત સંયમની ક્રિયા દ્વારા સમભાવની વૃદ્ધિ કરી શકે તેવા છે અને તે ઉચિત ક્રિયા ન કરે તો સમભાવ ઉલ્લસિત થાય તેમ નથી. તેવા જીવો માટે વ્યવહારનય પ્રધાન છે, છતાં તેવા જીવોને આશ્રયીને કોઈ નિશ્ચયનયની દૃષ્ટિથી કહે કે ધ્યાનથી જ સમભાવની વૃદ્ધિ થાય છે. માટે અંતરંગ ધ્યાનમાં જ ઉદ્યમ કરવો જોઈએ, બાહ્યક્રિયામાં ઉદ્યમ કરવો ઉચિત નથી. તે સ્થાનમાં નિશ્ચયનયનું આ કથન સમ્યક્ નથી. માટે તે સ્થાનમાં નિશ્ચયનય અશુદ્ધ છે; કેમ કે તે સ્થાનમાં રહેલા મહાત્માઓ ઉચિત ક્રિયાના બળથી જ સમભાવની વૃદ્ધિ કરી શકે છે. માટે વ્યવહારનયના સ્થાનમાં નિશ્ચયનયની અશુદ્ધતા છે.

આ રીતે દરેક નય પોતપોતાના સ્થાનમાં જે કથન કરે છે, તે તેનું શુદ્ધપણું છે અને પરસ્થાનમાં પોતાનું કથન કરે છે, તે તેનું અશુદ્ધપણું છે. તેથી દરેક નય પોતપોતાના સ્થાનમાં પોતાનું કથન કરીને શુદ્ધતા જાળવે તો પોતાના પ્રતિપક્ષ નયનો અપલાપ થાય નહીં. તેથી સાપેક્ષ બનેલા એવા તે બંને નયો સમ્યક્ તત્ત્વની પ્રાપ્તિનું કારણ બને છે. **॥૮॥**

**ગાથા :-**

> **નિશ્ચય નય પરિણામપણાએ છે વડો રે, તેહવો નહી વ્યવહાર;**
> **ભાખે રે ભાખે રે, કોઈક ઈમ તે નવિ ઘટે રે. ૯**

**ગાથાર્થ :-**

**નિશ્ચયનય આત્માના પરિણામને પ્રમાણ માને છે. માટે તે વડો છે અને તેહવો વ્યવહાર નથી=આત્માના પરિણામને પ્રમાણ માનનાર વ્યવહારનય નથી. પરંતુ બાહ્યક્રિયાને પ્રમાણ માનનારા છે. માટે વડો નથી એ પ્રમાણે કોઈક કહે છે તે ઘટતું નથી. ॥૯॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનયના પક્ષપાતવાળા જીવો કહે છે કે મોક્ષને અનુકૂળ એવો આત્માનો

પરિણામ જ પ્રમાણ છે એમ નિશ્ચયનય સ્વીકારે છે. તેથી નિશ્ચયનય શ્રેષ્ઠ છે અને વ્યવહારનય મોક્ષપ્રાપ્તિના ઉપાયરૂપે બાહ્ય ઉચિત ક્રિયાને પ્રમાણ માને છે. માટે વ્યવહાર શ્રેષ્ઠ નથી. આ પ્રકારનું કોઈક નિશ્ચયવાદીનું કથન છે તે ઘટતું નથી.

આશય એ છે કે નિશ્ચયનયવાદી મોક્ષને અનુકૂળ એવી સમભાવની પરિણતિને પ્રમાણ કહે છે અર્થાત્ આ પરિણતિ જ તમને મોક્ષપ્રાપ્તિરૂપ ફળ આપશે. માટે આ પરિણતિ જ સ્વીકારવા યોગ્ય છે તેમ કહે છે. વળી, પરમાર્થથી વિચારીએ તો આત્માની સમભાવની પરિણતિથી અવશ્ય મોક્ષ થાય છે. માટે સમભાવની પરિણતિને મોક્ષના કારણરૂપે પ્રમાણભૂત કહેનાર નિશ્ચયનય મહાન છે. માટે આદરવા જેવો છે અને વ્યવહારનય મોક્ષને અનુકૂળ બાહ્યક્રિયાઓને પ્રમાણ માને છે. અર્થાત્ કહે છે કે આ સુવિશુદ્ધ સંયમની ક્રિયાઓથી આત્માનો મલ દૂર થાય છે અને તેનાથી જ જીવ વીતરાગ બને છે તે વ્યવહારનય ક્રિયાને પ્રમાણ સ્વીકારનાર હોવાથી મહાન નથી તેમ કોઈક કહે છે તે ઘટતું નથી. કેમ ઘટતું નથી તે સ્વયં સ્તવનકારશ્રી આગળની ગાથામાં બતાવે છે. **॥૯॥**

**ગાથા :-**

**જે કારણ નિશ્ચય નય કારણ અછે રે, કારણ છે વ્યવહાર;**
**સાચો રે સાચો રે, કારજ સાચો તે સહી રે. ૧૦**

**ગાથાર્થ :-**

**જે કારણથી નિશ્ચયનય કારણ અછે=સમભાવની પરિણતિનું કારણ નથી. કારણ વ્યવહાર છે=સમભાવની પરિણતિનું કારણ વ્યવહારનય છે. માટે તે સાચો છે; કેમ કે કાર્યનો સાચો તે સહી=વ્યવહારનય કાર્યનો સાચો કારણ સહી. ॥૧૦॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કોઈકે કહ્યું કે નિશ્ચયનય વડો છે તેને સ્તવનકારશ્રીએ કહ્યું કે તે ઘટતું નથી. કેમ ઘટતું નથી ? તે બતાવે છે. નિશ્ચયનય મોક્ષપ્રાપ્તિનો ઉપાય સમભાવની પરિણતિને કહે છે. પરંતુ તે સમભાવની પરિણતિ પ્રત્યે નિશ્ચયનય

કારણ નથી. પરંતુ તે સમભાવની પરિણતિ પ્રત્યે વ્યવહારનયની આચરણા કારણ છે. તેથી કાર્યનો અર્થી કારણમાં પ્રવૃત્તિ કરે તે સાચો કહેવાય અને જે કાર્યનો અર્થી કારણનો અપલાપ કરે, તે સાચો કાર્યનો અર્થી નથી. માટે નિશ્ચયનયને અભિમત સમભાવની પરિણતિરૂપ કાર્ય પ્રત્યે સાચું કારણ વ્યવહારનય છે અર્થાત્ વ્યવહારનયની આચરણા છે. માટે વ્યવહાર એ જ સાચો છે, નિશ્ચયનય જુઠ્ઠો છે.

આશય એ છે કે નિશ્ચયનયવાદીએ આત્માના સમભાવના પરિણામને મોક્ષના કારણરૂપે સ્વીકાર્યો, એટલા માત્રથી સમભાવનો પરિણામ પ્રાપ્ત થતો નથી. પરંતુ સમભાવની પરિણતિરૂપ કાર્યના અર્થીએ તેના ઉપાયમાં જ પ્રવૃત્તિ કરવી ઉચિત છે. જેમ ઘટના અર્થી જીવની ઘટના ઉપાયભૂત માટી આદિમાં પ્રવૃત્તિ કરવી ઉચિત છે અને વ્યવહારનય સમભાવની પરિણતિરૂપ કાર્યના સાચા ઉપાયને બતાવનાર છે. તેથી વ્યવહારનયને અભિમત એવી ક્રિયાઓ કરીને યોગ્ય જીવો સમભાવની પરિણતિરૂપ કાર્યને પ્રાપ્ત કરે છે. જેના ફળરૂપે તેઓને મોક્ષ મળશે અને નિશ્ચયનયવાદી સમભાવની પરિણતિને પ્રમાણ કરીને તેના કારણભૂત વ્યવહારની ક્રિયાનો અપલાપ કરે છે. માટે વ્યવહાર સાચો છે, નિશ્ચયનય નહીં. **॥૧૦॥**

**અવતરણિકા :-**

**વળી, નિશ્ચયનયની પ્રરૂપણા માર્ગાનુસારી નથી તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**નિશ્ચય નય મતિ ગુરુશિષ્યાદિક કો નહી રે, કરે ન ભુંજે કોય;**
**તેહથી રે તેહથી રે, ઉનમારગ તે દેશના રે. ૧૧**

**ગાથાર્થ :-**

**નિશ્ચયનયના મતથી ગુરુ-શિષ્યાદિક કોઈ નથી, કર્તા અને ભોક્તા કોઈ નથી=આત્મા કર્મનો કર્તા અને ભોક્તા નથી. તેથી ઉન્માર્ગની તે દેશના છે=નિશ્ચયનયની દેશના છે. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનયની દૃષ્ટિથી આત્મા અને દેહનો ભેદ છે અને આત્મા તથા કર્મનો પણ ભેદ છે. તેથી નિશ્ચયનય કહે છે આત્મા પોતાના ભાવોને કરનારો છે, પરના ભાવોને કરનારો નથી અને તે દૃષ્ટિથી વિચારીએ તો આ ગુરુ છે અને આ શિષ્ય છે એ પ્રકારનો વ્યવહાર પણ થાય નહીં; કેમ કે ગુરુ શિષ્યને સન્માર્ગ બતાવીને તેના ઉત્તમ ભાવોને કરનાર છે અને શિષ્ય પણ ગુરુને અવલંબીને સન્માર્ગમાં પ્રવર્તનાર છે. તેથી વ્યવહારથી શિષ્યને તરવાનું પ્રબળ કારણ ગુરુ છે અને શિષ્યને તારવામાં પ્રબળ કારણ ગુરુ છે. આમ છતાં નિશ્ચયનય કહે છે કે પરના ભાવો આત્મા કરતો નથી, તેમ કહીને સંસારસાગરથી તરવાના પ્રબળ ઉપાયભૂત ગુરુ-શિષ્યાદિક ભાવનો અપલાપ કરે છે.

વળી, દેહથી આત્મા જુદો છે, કર્મથી આત્મા જુદો છે એમ કહીને નિશ્ચયનય દેહથી કરાતી ક્રિયા હું કરતો નથી અને આત્માથી ભિન્ન એવા પુદ્ગલાત્મક કર્મોને હું બાંધતો નથી અને કર્મના ફળને પણ હું ભોગવતો નથી અને દેહથી થતા ભાવોને પણ હું ભોગવતો નથી તેમ કહે છે. તેથી વિચારકને પ્રશ્ન થાય કે જો હું દેહના ભાવોને કરતો ન હોઉં, કર્મો બાંધતો ન હોઉં, તો મારે કર્મના ઉચ્છેદ માટે ઉદ્યમ કરવાની આવશ્યકતા રહેતી નથી.

વળી, જો હું દેહના ભાવોનો કર્તા નથી, તો દેહથી થતાં કૃત્યોથી મને કોઈ પાપ બંધાવાનું નથી. માટે મારે તે કૃત્યોનો ત્યાગ કરીને આત્મહિતમાં ઉદ્યમ કરવો જોઈએ તેમ માનવાની જરૂર નથી. આ પ્રકારે નિશ્ચયનયના ઉપદેશથી ફલિત થતું હોવાને કારણે નિશ્ચયનયનો ઉપદેશ ઉન્માર્ગ છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**આ રીતે નિશ્ચયનયની દેશના ઉન્માર્ગ દેશના છે. તે બતાવીને વ્યવહારની દેશના સન્માર્ગ દેશના છે તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**નય વ્યવહારે ગુરુશિષ્યાદિક સંભવે રે, સાચો તે ઉપદેશ;**
**ભાખ્યો રે ભાખ્યો રે ભાષ્યે સૂત્ર વ્યવહાર મેં રે. ૧૨**

**ગાથાર્થ :-**

**વ્યવહારનયથી ગુરુ અને શિષ્ય આદિનો સંભવ છે તેથી તે ઉપદેશ=વ્યવહારનયનો ઉપદેશ સાચો છે અને વ્યવહારસૂત્રના ભાષ્યમાં તે ભાખ્યો છે=વ્યવહારનયનો ઉપદેશ સાચો છે તે ભાખ્યો છે. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

વ્યવહારનયની દેશનાથી આ ગુરુ છે અને આ શિષ્ય છે એ પ્રકારનું કથન સંભવે છે અને આત્મા સંસારની ક્રિયા કરે છે અને કૃત્યોના ફળને ભોગવે છે એ પ્રકારનો વ્યવહાર સંભવે છે. તેથી કલ્યાણના અર્થી જીવો વ્યવહારનયના ઉપદેશના બળથી ગુણવાન ગુરુની પરતંત્રતા સ્વીકારીને હિત સાધી શકે છે. અને ગુરુ પણ વ્યવહારનયના વચનોનું અવલંબન લઈને શિષ્યને માર્ગમાં પ્રવર્તાવવા માટે દૃઢ યત્ન કરે છે. વળી, વ્યવહારનયના અવલંબનથી શરીરથી કરાતાં પાપોને હું કરનાર છું, તે પાપોનાં ફળને હું ભોગવનાર છું, તેવો નિર્ણય થવાથી યોગ્ય જીવો હિંસાદિ પાપોની નિવૃત્તિ કરે છે અને અહિંસાદિમાં પ્રવૃત્તિ કરે છે. તેથી વ્યવહારનયનો ઉપદેશ ઉચિત પ્રવૃત્તિ કરાવીને જીવના હિતનો સાધક હોવાથી વ્યવહારનયનો ઉપદેશ સાચો છે એ પ્રમાણે વ્યવહારસૂત્રના ભાષ્યમાં કહ્યું છે. **।।૧૨।।**

## ઢાળ-૨

(રાગ : રસિયાની દેશી)

**ગાથા :-**

**કોઈક વિધિ જોતાં થકાં રે,**
**છાંડે સવિ વ્યવહાર રે મન વસિયા;**
**ન લહે તુજ વચને કહ્યું રે,**
**દ્રવ્યાદિક અનુસાર રે ગુણરસિયા. ૧**

**ગાથાર્થ :-**

**કેટલાક જીવો વિધિને જોતાં=શાસ્ત્રમાં ધર્મના અનુષ્ઠાનોની વિધિને જોતાં સર્વ વ્યવહારને છાંડે છે. ભગવાનને સંબોધીને કહે છે, "હે ભગવાન ! તમે મનમાં વસ્યા છો. પરંતુ તમારા વચને કહેલું દ્રવ્યાદિક અનુસાર તેનું તાત્પર્ય જાણતા નથી." ભગવાનને સંબોધીને કહે છે કે, "અમે ગુણના રસિયા છીએ." ॥૧॥**

**ભાવાર્થ :-**

વ્યવહારનયની ક્રિયાઓ શાસ્ત્રમાં બતાવેલી તે પ્રકારની કરવી અતિદુષ્કર છે અને તે પ્રમાણે કરનારા જીવોની પ્રાપ્તિ પણ પ્રાયઃ થતી નથી. તેથી કેટલાક જીવો વિચારે છે કે, શાસ્ત્રમાં જે ક્રિયાઓ જે રીતે કરવાની કહી છે તે રીતે તે ક્રિયાઓ કરવામાં આવે તો જ તેનું ફળ મળે, અન્યથા તેનું ફળ મળે નહીં. જેમ સંસારની કોઈ પણ ક્રિયા જે રીતે કરવાથી તેનું ફળ પ્રાપ્ત થતું હોય તે રીતે તે ક્રિયા કરવામાં આવે તો તેનું ફળ પ્રાપ્ત થાય. યથા તથા તે ક્રિયાઓ કરે તો ફળ પ્રાપ્ત થાય નહીં તેમ રાધાવેધ સાધનાર પુરુષ જે રીતે ઉપયુક્ત થઈને રાધાવેધ સાધે છે તે રીતે ઉપયુક્ત થઇને શાસ્ત્રમાં બતાવેલી ક્રિયા કોઈક કરે તો તે ક્રિયા શાસ્ત્રાનુસારી બને છે અને અન્ય ક્રિયા શાસ્ત્રાનુસારી નહીં હોવાથી તે ક્રિયાથી તે ક્રિયા કરનાર જીવને તે ક્રિયાનું ફળ મળે નહીં. આમ, વિચારીને તે ક્રિયાઓનો ત્યાગ કરે છે અર્થાત્ સમ્યક્ક્રિયા થઈ શકે તેમ નથી અને યથા તથા કરેલી ક્રિયા નિષ્ફળ છે એમ વિચારીને વ્યવહારને સંમત ક્રિયાઓનો ત્યાગ કરે છે. પરંતુ શાસ્ત્રમાં કહ્યું છે કે ક્રિયા કરનારા જીવો પ્રથમ ભૂમિકામાં શુદ્ધ ક્રિયા

કરવાના આશયપૂર્વક અભ્યાસદશાની ક્રિયાઓ કરે છે તે દ્રવ્યક્રિયા છે અને દ્રવ્યક્રિયા પુનઃ પુનઃ સેવીને સંચિત વીર્યવાળા થયા પછી તે ક્રિયાઓ ભાવથી કરે છે. તે પ્રકારના દ્રવ્યાદિક અનુસાર ભગવાનના વચનના પરમાર્થને તેઓ જાણતા નથી. તેથી કેટલાક જીવો વિધિને જોઈને વ્યવહારની ક્રિયાનો ત્યાગ કરે છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે વ્યવહારની ક્રિયા પ્રથમ ભૂમિકામાં દ્રવ્યથી થાય છે અને સુઅભ્યસ્ત થયા પછી તે ક્રિયા ભાવથી થાય છે તે કથનને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**પાઠ ગીત નૃત્યની કલા રે,**
**જિમ હોય પ્રથમ અશુદ્ધ રે; મન૦**
**પણ અભ્યાસે તે ખરી રે,**
**તિમ કિરિયા અવિરુદ્ધ રે. ગુણ૦ ૨**

**ગાથાર્થ :-**

**પાઠગીત નૃત્યની કલા જેમ પ્રથમ અશુદ્ધ હોય છે, પરંતુ અભ્યાસથી તે ખરી થાય છે=શુદ્ધ થાય છે. તેમ ક્રિયા અવિરુદ્ધ છે=શાસ્ત્રાનુસારી ક્રિયા ક્રમસર શુદ્ધ થાય છે. માટે પ્રથમ ભૂમિકામાં શુદ્ધ ક્રિયાને લક્ષ્ય કરીને અશુદ્ધ ક્રિયાને પણ કરવી તે અવિરુદ્ધ છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે પંચાચારના પાલનની ક્રિયાઓ જે પ્રકારે શાસ્ત્રમાં કહી છે તે પ્રકારની વિધિ જોતાં તેનું પાલન અશક્ય હોવાથી કેટલાક જીવો તે ક્રિયાનો ત્યાગ કરે છે અને કહે છે કે યથા તથા કરાયેલી ક્રિયાથી કંઈ ફળ મળે નહીં. માટે ક્રિયામાં ઉદ્યમ કરવો વ્યર્થ છે તેને સ્તવનકારશ્રી કહે છે.

સંસારમાં ભણનારા જીવો કોઈ સૂત્રો ભણતા હોય, કોઈ ગીત ભણતું હોય કે કોઈ નૃત્યની કળા ભણતું હોય, તે સર્વ અભ્યાસદશામાં પ્રથમ અશુદ્ધ હોય

છે તો પણ તે ભણનારા જીવો ઉપદેશક આદિના વચનના બળથી અશુદ્ધિનો ક્રમસર પરિહાર કરીને શુદ્ધક્રિયા કરનારા બને છે. તેથી અભ્યાસદશાની તેઓની કળા શીખવાની પ્રવૃત્તિ નિષ્ફળ નથી, પરંતુ શુદ્ધ ક્રિયાની પ્રાપ્તિનું કારણ છે. તેમ પંચાચારના પાલનની ક્રિયા અભ્યાસદશામાં શાસ્ત્રવિધિ અનુસાર ન થતી હોય તો પણ જે જીવો શાસ્ત્રવિધિ અનુસાર કરવાના આગ્રહી છે અને શક્તિ અનુસાર સમ્યક્ કરવા માટે ઉદ્યમ કરે છે, તે જીવો પ્રથમ ભૂમિકામાં જે દ્રવ્યક્રિયાઓ કરે છે તે પણ ભાવથી થનારી ક્રિયા પ્રત્યે હેતુ બને છે. માટે પ્રથમ ભૂમિકામાં અશુદ્ધ ક્રિયા કરવી તે પણ શાસ્ત્રવિરુદ્ધ નથી.

અહીં વિશેષ એ છે કે પંચાચારના પાલનની ક્રિયામાંથી જે જે આચારોની ક્રિયા જે જે પ્રકારના અંતરંગ ભાવોને લક્ષ્ય કરીને કરવાની વિધિ બતાવી છે તે અંતરંગ ભાવો ઉલ્લસિત થાય તે પ્રકારે તે ક્રિયા તે પ્રકારના દૃઢવ્યાપારપૂર્વક કરવામાં આવે તો તે ક્રિયા ભાવથી થાય છે અર્થાત્ શાસ્ત્રવિધિ અનુસાર થાય છે. અને આદ્યભૂમિકામાં તે તે ક્રિયાથી અભિમત કયા ભાવો છે તેનો બોધ કરવા માટે યત્ન કરવામાં આવે અને તે બોધપૂર્વક તે ક્રિયા કરવામાં આવે છતાં અનભ્યસ્તદશા હોવાથી કરાતી એવી તે ક્રિયાથી તે ક્રિયામાં અપેક્ષિત ભાવો યોગ્ય આરાધક જીવથી પણ ઉલ્લસિત થતા નથી. આમ છતાં કલ્યાણના અર્થી જીવો વારંવાર ગુરુ આદિને પૃચ્છા કરીને તેના ઉચિત ઉપાયોનું જ્ઞાન કરે, તેના ઉચિત ઉપાયપૂર્વક તે ક્રિયાઓ સેવે તો તે જીવો પંચાચારની દ્રવ્યક્રિયા દ્વારા ક્રમસર ભાવક્રિયાને પ્રાપ્ત કરે છે અને પંચાચારની ભાવપૂર્વકની કરાયેલી ક્રિયા નિશ્ચયનયને અભિમત એવી નિર્લેપ પરિણતિનું કારણ બને છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**અભ્યાસદશાની ક્રિયા પણ ભાવક્રિયાનું કારણ બનતી હોય તો શાસ્ત્રસંમત છે તે કથન દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**મણિ શોધક શત ખારના રે,**
**જિમ પુટ સકલ પ્રમાણ રે; મન૦**
**સર્વ ક્રિયા તિમ યોગને રે,**
**પંચવસ્તુ અહિનાણ રે. ગુણ૦ ૩**

**ગાથાર્થ :-**

**મણિશોધક એવા ક્ષારના સો પુટ જેમ બધા પ્રમાણ છે તેમ સર્વક્રિયાના યોગો પંચવસ્તુના અહિનાણ=પંચવસ્તુના વચનથી પ્રમાણ છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

ખાણમાંથી નીકળેલો મણિ અતિમલિન હોય છે અને તેને શોધન કરવા અર્થે તેના ઉપર ક્ષારના પુટો કરીને તેના મલને દૂર કરવામાં આવે છે. તેમાં આદ્યભૂમિકામાં ક્ષારના પુટોથી મણિનું તેજ લેશ પણ દેખાતું નથી તો પણ જેમ જેમ અધિક અધિક પુટો થાય છે તેમ તેમ મણિનું તેજ કંઈક દેખાવા માંડે છે અને છેલ્લા પુટથી તો તત્કાલ પ્રકાશમાન મણિ પ્રગટ થાય છે. તેની જેમ જે જીવોને ઉપદેશક કહે છે કે સંસારના આચારોના ઉચ્છેદના ઉપાય રૂપે સંસારના આચારોથી વિરુદ્ધ એવા આચારવાળી આ પંચાચારની ક્રિયા છે તે વચન સાંભળીને જે જીવોને પંચાચારના પાલનનો અભિલાષ થયો છે તે જીવો ગુરુ પાસેથી સ્વભૂમિકા અનુસાર પંચાચારનો બોધ કરીને તેનું સેવન કરે છે, ત્યારે આદ્યભૂમિકામાં તે પંચાચારના પાલનથી સંસારથી વિપરીત ભાવોનો પ્રકાશ તે પંચાચારનું પાલન કરનારા જીવોને લેશ પણ દેખાતો નથી. તો પણ જે જીવો વારંવાર ગુરુને પૃચ્છા કરીને ગુરુના વચનનું અવલંબન લઈને પંચાચારની શુદ્ધ ક્રિયા કરવા માટે સ્વશક્તિ અનુસાર ઉદ્યમ કરે છે, તેઓનો સંસારની ક્રિયા કરવાને અનુકૂળ જે મલ છે તેના કારણે તેઓ પૂર્વમાં સંસારની ક્રિયામાં જ અત્યંત રતિવાળા હતા તે સંસારની ક્રિયામાં વર્તતી રતિનો પરિણામ તેઓનો કંઈક કંઈક દૂર થાય છે અને જેમ ઘણા પુટો પછી તે મણિનો કંઈક પ્રકાશ દેખાય છે, તેમ યતનાપૂર્વકના કરાયેલા ઘણા વખતના પંચાચારના પાલનથી તે મહાત્માને સંસારના ભાવોથી વિપરીત એવા આત્માના ભાવોરૂપ પ્રકાશ કંઈક દેખાય છે. આ રીતે ઘણો અભ્યાસ કરીને જ્યારે તે મહાત્માની પંચાચારરૂપ ક્રિયા સુઅભ્યસ્ત બને છે ત્યારે તે મહાત્મા પંચાચારની શુદ્ધ ક્રિયા કરી શકે છે અને જેમ મણિના ચરમપુટથી મણિનો પ્રકાશ બહાર આવે છે, તેમ પંચાચારના શુદ્ધ પાલનથી તે મહાત્મામાં નિશ્ચયનયને અભિમત એવી શુદ્ધ પરિણતિનો પ્રકાશ બહાર આવે છે. આ પ્રકારનું તત્ત્વ પંચવસ્તુના વચનથી જાણવું. ॥૩॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં મણિશોધક ક્ષારપુટના દૃષ્ટાંતથી શુદ્ધ ક્રિયાનો હેતુ એવી અશુદ્ધ ક્રિયા પણ સફળ છે તેમ સ્થાપન કર્યું. તે કથનને જ વિશેષથી સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**પ્રીતિ ભગતિ યોગે કરી રે,**
**ઇચ્છાદિક વ્યવહાર રે; મન૦**
**હીણો પણ શિવહેતુ છે રે,**
**જેહને ગુરુ આધાર રે. ગુણ૦ ૪**

**ગાથાર્થ :-**

**પ્રીતિ ભગતિના યોગે કરીને ઈચ્છાદિકનો વ્યવહાર છે=ઈચ્છાદિરૂપ વ્યવહારની આચરણા છે. તેથી હીન પણ=હીન પણ યોગ શિવનો હેતુ છે. જે જીવોને સદ્ગુરુનો આધાર છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં સદ્અનુષ્ઠાનો ૪ પ્રકારના કહ્યા છે. તેમાં વચનાનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાન શુદ્ધ શાસ્ત્રાનુસારી ક્રિયાયોગ છે અને પ્રીતિ, ભક્તિ અનુષ્ઠાન અશુદ્ધ અનુષ્ઠાન છે, તો પણ શુદ્ધક્રિયાનો હેતુ છે. તેથી શુદ્ધક્રિયાની ઇચ્છાવાળા જીવો પ્રીતિપૂર્વક પંચાચારનું પાલન કરતા હોય તો જેટલી શુદ્ધ અનુષ્ઠાન પ્રત્યેની પ્રીતિ તીવ્ર તેટલા અંશથી હીન એવી પણ તેઓની પંચાચારની ક્રિયા મોક્ષનો હેતુ છે. તેથી આદ્યભૂમિકાવાળા જીવો કંઈક તરતમતાની ભૂમિકાવાળું પ્રીતિ અનુષ્ઠાન સેવે છે. તેનાથી સંપન્ન થયેલા જીવો ભક્તિ અનુષ્ઠાન સેવે છે અને તે ભકિત અનુષ્ઠાન પણ શુદ્ધ અનુષ્ઠાન સેવવાની ઇચ્છાયુકત હોય છે, ત્યારે ઇચ્છા યોગરૂપે હોય છે અને જેમ જેમ તે અનુષ્ઠાનના સેવનથી તે મહાત્મા સંપન્ન થાય છે, તેમ તેમ શુદ્ધિને અભિમુખ તેઓનું અનુષ્ઠાન બને છે. તેથી આદ્યભૂમિકાનો હીન પણ વ્યવહાર મોક્ષનો હેતુ છે. માટે જેને સદ્ગુરુનો યોગ થયો છે, તેઓ સદ્ગુરુના આધારથી ત્રુટિત પણ ક્રિયા કરીને ક્રમસર શુદ્ધક્રિયા કરનારા બનશે. **॥૪॥**

અવતરણિકા :-

અભ્યાસદશામાં ત્રુટિત પણ ક્રિયા મોક્ષનું કારણ છે તે સ્પષ્ટ કરવા અર્થે કઈ ક્રિયાઓ ત્યાજ્ય છે અને કઈ ક્રિયાઓ મોક્ષનું કારણ છે તેને બતાવનાર પાંચ પ્રકારનાં અનુષ્ઠાનનું સ્વરૂપ બતાવે છે –

ગાથા :-

**વિષ-ગર-અનનુષ્ઠાન રે,**
**હેતુ-અમૃત જિમ પંચ રે; મન૦**
**કિરિયા તિહાં વિષ-ગરલ કહી રે,**
**ઈહ પરલોક પ્રપંચ રે. ગુણ૦ ૫**
**અનનુષ્ઠાન હૃદય વિના રે,**
**સંમૂર્ચ્છિમ પરિ હોય રે; મન૦**
**હેતુ ક્રિયા વિધિ રાગથી રે,**
**ગુણ વિનયીને જોય રે. ગુણ૦ ૬**
**અમૃત ક્રિયા માંહી જાણીએ રે,**
**દોષ નહિ લવલેશ રે; મન૦**
**ત્રિક ત્યજવાં દોય સેવવાં રે,**
**યોગબિંદુ ઉપદેશ રે. ગુણ૦ ૭**

ગાથાર્થ :-

વિષ=વિષાનુષ્ઠાન,ગર=ગરલ અનુષ્ઠાન અને અનનુષ્ઠાન છે. વળી, હેતુ અને અમૃત જેમ પાંચ અનુષ્ઠાન છે. તેમાં=તે પાંચ અનુષ્ઠાનમાં વિષ ગરલ ક્રિયા આલોક અને પરલોકના પ્રપંચથી કહી છે. અનનુષ્ઠાન હૃદય વગર સંમૂર્ચ્છિમની જેમ હોય છે. હેતુ ક્રિયા= અમૃત અનુષ્ઠાનનો હેતુ એવી ક્રિયા વિધિના રાગથી અને ગુણ પ્રત્યેના વિનયના યોગથી હોય છે. અમૃતક્રિયામાં દોષ લવલેશ નથી તેમ જાણીએ. ત્રણ ત્યજવાં=વિષ, ગરલ, અનનુષ્ઠાન ત્યજવાં અને દોય સેવવાં=હેતુ, અમૃત અનુષ્ઠાન સેવવાં એ પ્રકારનો યોગબિંદુનો ઉપદેશ છે. ।।૫-૬-૭।।

**ભાવાર્થ :-**

ધર્મ અનુષ્ઠાનો સેવનારા જીવોના પરિણામના ભેદથી એક જ અનુષ્ઠાન પાંચ પ્રકારે પ્રાપ્ત થાય છે. જે જીવો આલોકના ફળની આશંસાથી ધર્મ અનુષ્ઠાન સેવે છે તે વિષાનુષ્ઠાન છે. જે જીવો તે જ અનુષ્ઠાન પરલોકના ફળની આશંસાથી સેવે છે તે અનુષ્ઠાન ગર અનુષ્ઠાન છે. અને તેનું તે જ ધર્મ અનુષ્ઠાન કોઈ જીવો કોઈ પ્રકારના આશય વગર સંમૂર્ચ્છિમની જેમ લોકોને કરતાં જોઈને કરે છે તે બાહ્યઅનુષ્ઠાન અનનુષ્ઠાન છે. આ ત્રણ અનુષ્ઠાન મોક્ષ પ્રત્યે કારણ નથી. તેથી યોગબિંદુમાં તેનો ત્યાગ કરવાનું કહ્યું છે.

વળી, વિધિના રાગપૂર્વક અને ગુણો પ્રત્યેના પક્ષપાતવાળા જીવો જે ત્રુટિત પણ અનુષ્ઠાન કરે છે, તે તદ્‌હેતુ અનુષ્ઠાન છે. તેનું તે જ અનુષ્ઠાન શાસ્ત્રવિધિ અનુસાર કોઈ મહાત્મા સેવતા હોય અને જેમાં લેશ પણ દોષ ન હોય તેવી ક્રિયા અમૃત અનુષ્ઠાન છે. અને આ બે ક્રિયાને અર્થાત્ તદ્‌હેતુ અને અમૃતઅનુષ્ઠાનને યોગબિંદુમાં સેવવાનો ઉપદેશ આપેલો છે. તેથી ગાથા-૧માં કોઈકે કહેલ કે, વિધિપૂર્વકની ક્રિયા થતી નથી. માટે તેવી ક્રિયા કરવાથી કોઈ ફળ મળે નહીં તે વચન મિથ્યા છે; કેમ કે જે જીવો આલોકના આશયથી કે પરલોકના આશયથી અનુષ્ઠાન કરે છે કે સંમૂર્ચ્છિમની જેમ અનુષ્ઠાન કરે છે, તેઓની ક્રિયા નિષ્ફળ છે. માટે તેવી ક્રિયા કરવાનું શાસ્ત્રકારો વિધાન કરતા નથી. પરંતુ જેઓને આ સત્‌ક્રિયાઓ મોક્ષનું કારણ છે, તે સાંભળીને તે ક્રિયા પ્રત્યે રાગ થયો છે અને તે ક્રિયાઓ દ્વારા મારે ગુણ પ્રગટ કરવા છે તેવો પરિણામ વર્તે છે, તેઓની તે ક્રિયા પૂર્ણ શાસ્ત્રાનુસારી નહીં હોવાથી અમૃત અનુષ્ઠાનરૂપ નથી. તો પણ તદ્‌હેતુ અનુષ્ઠાનરૂપ છે અને આ તદ્‌હેતુ અનુષ્ઠાનરૂપ ક્રિયાઓ તરતમતાની ઘણી ભૂમિકાવાળી છે. તેથી સદ્‌અનુષ્ઠાન સેવવાની પ્રીતિનો અંશ થોડો પણ જેઓની ક્રિયામાં છે, તેઓની તે ક્રિયા દૂરદૂરવર્તી પણ શુદ્ધ ક્રિયાનો હેતુ છે. માટે શક્તિને ગોપાવ્યા વગર શુદ્ધ ક્રિયાનો રાગ રાખીને જે જીવો સંસારની ક્રિયાઓથી વિપરીત એવી ધર્મની ક્રિયાઓ મોક્ષના પ્રણિધાનપૂર્વક ત્રુટિત પણ કરે છે, તે ક્રિયા સફળ છે. અને અવશ્ય તે ક્રિયાના બળથી પ્રકર્ષને પામીને તે જીવો મોક્ષને પામશે. માટે મોક્ષની સાધક એવી ક્રિયાને અસાર કહેવી ઉચિત નથી. **॥૫-૬-૭॥**

**અવતરણિકા :-**

અહીં કોઈ કહે કે શાસ્ત્રમાં બતાવાયેલાં અનુષ્ઠાન જે જીવો વિધિપૂર્વક કરી શકતા નથી તેઓની ક્રિયામાં અવિધિનો દોષ હોય છે અને અવિધિના દોષને કારણે તેઓનું અહિત થશે. માટે તેવી ક્રિયા સેવવા જેવી છે તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

**ગાથા :-**

**ક્રિયા ભગતે છેદીએ રે,**
**અવિધિ દોષ અનુબંધ રે, મન૦**
**તિણે તે શિવકારણ કહે રે,**
**ધર્મસંગ્રહણી પ્રબંધ રે. ગુણ૦ ૮**

**ગાથાર્થ :-**

**ક્રિયામાં ભગતિને કારણે અવિધિના દોષનો અનુબંધ=અવિધિના દોષની પરંપરા છેદાય છે તે કારણથી તે ક્રિયા શિવનું કારણ=મોક્ષનું કારણ ધર્મસંગ્રહણી પ્રબંધ કહે છે=ધર્મસંગ્રહણી નામનો ગ્રંથ કહે છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

જે જીવો મોક્ષના પ્રણિધાનપૂર્વક ભગવાનની બતાવેલી ક્રિયા પ્રીતિપૂર્વક કરે છે, તેઓની ક્રિયામાં જે અવિધિનો દોષ છે, તે પ્રવાહરૂપે ચાલતો નથી. પરંતુ ક્રિયા પ્રત્યેની ભક્તિને કારણે=શુદ્ધક્રિયા પ્રત્યેના રાગને કારણે તે ક્રિયામાં રહેલા અવિધિના દોષરૂપ પ્રવાહ છેદાય છે અર્થાત્ ક્રમસર અલ્પઅલ્પ અવિધિ થાય છે. તેથી તે ક્રિયાને ધર્મસંગ્રહણી નામના ગ્રંથમાં મોક્ષનું કારણ કહેલ છે. તેથી વિધિપૂર્વકની ક્રિયા પોતાનાથી થાય તેમ નથી, તેમ વિચારીને ક્રિયાનો ત્યાગ કરવો ઉચિત નથી. પરંતુ વિધિ શુદ્ધક્રિયાના પક્ષપાતથી અને પોતાની ક્રિયામાં થતા અવિધિ દોષની નિંદાથી વિધિપૂર્વક ક્રિયા કરવાની શક્તિનો સંચય કરવો જોઈએ, જેથી હિતની પ્રાપ્તિ થાય. જો વિધિપૂર્વક ક્રિયા થાય તેમ નથી એમ વિચારીને ત્રુટિત પણ ક્રિયા કરવામાં ન આવે તો વિધિપૂર્વક તે ક્રિયા કરવાની શક્તિ ક્યારેય પણ આત્મામાં આવે નહીં અને ક્રિયા સર્વથા ન

કરવામાં આવે તો ક્રિયાનું ફળ પણ પ્રાપ્ત થાય નહીં. માટે ફળના અર્થીએ શુદ્ધક્રિયામાં આગ્રહ રાખવો જોઈએ. છતાં શુદ્ધક્રિયાના અસંભવ કાળમાં આભ્યાસિક અશુદ્ધક્રિયાને સ્વીકારીને તેના દોષને દૂર કરવા સમ્યક્ યત્ન કરવો જોઈએ. ॥૮॥

**અવતરણિકા :-**

**વર્તમાનની અવિધિવાળી ક્રિયાને જોઈને કોઈક જીવ વ્યવહારની ક્રિયાનો ત્યાગ કરે છે અને નિશ્ચયનયને અભિમત પરિણામથી જ મોક્ષ માટે યત્ન કરવાનું સ્વીકારે છે. તેઓને ઉપદેશ આપતાં કહે છે –**

**ગાથા :-**

**નિશ્ચય ફલ કેવલ લગે રે,**
**નવિ ત્યજીએ વ્યવહાર રે; મન૦**
**ચક્રી-ભોગ પામ્યા વિના રે,**
**જિમ નિજ ભોજન સાર રે. ગુણ૦ ૯**

**ગાથાર્થ :-**

**નિશ્ચયનયને અભિમત એવા પરિણામનું ફલ કેવલજ્ઞાન છે. તેની પ્રાપ્તિ સુધી વ્યવહારનયનો ત્યાગ કરવો જોઈએ નહીં=વ્યવહારનયની ક્રિયાનો ત્યાગ કરવો જોઈએ નહીં. ચક્રીના ભોગને પામ્યા વગર જેમ પોતાનું ભોજન સાર છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં બતાવેલી વ્યવહારને સંમત એવી ક્રિયાઓ નિશ્ચયને સંમત એવા પરિણામને ઉલ્લસિત કરે તે રીતે કરવાની કહેલ છે. તે સાંભળીને કેટલાક જીવો વિચારે છે કે આ શાસ્ત્રાનુસારી ક્રિયાઓથી વીતરાગતાને અનુકૂળ અંતરંગ ઉદ્યમ થઈ શકે તેવું વિધિનું પાલન અત્યારે થતું નથી. માટે તેવી ક્રિયા કરવાથી કોઈ ફળ મળે નહીં. માટે ક્રિયાને છોડીને નિશ્ચયને સંમત એવા પરિણામમાં જ ઉદ્યમ કરવો જોઈએ. તેઓને સામે રાખીને ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી સ્થાપન કર્યું કે, અભ્યાસદશામાં અશુદ્ધ પણ ક્રિયા ક્રમસર શુદ્ધક્રિયાનું કારણ

બને છે અને શુદ્ધ ક્રિયા અમૃતક્રિયા છે અને તે ક્રિયામાં લેશ પણ દોષ નથી. તેથી એ ફલિત થાય કે તેવી અમૃતક્રિયા વીતરાગતાને અનુંકૂળ ઉત્તમ ભાવોને નક્કી ક્રિયાકાળમાં નિષ્પન્ન કરે છે. માટે કલ્યાણના અર્થીએ તેવી અમૃતક્રિયા કરવી જોઈએ અને અમૃતક્રિયા કરવાની શક્તિ સંચય અર્થે કંઇક અશુદ્ધ પણ ક્રિયા અભ્યાસદશામાં કરવી જોઈએ પરંતુ સ્વભૂમિકાની ઉચિત ક્રિયા સેવવામાં ઉપેક્ષા કરવી જોઈએ નહીં. હવે તેવી ક્રિયા જીવે ક્યાં સુધી કરવી જોઈએ તે બતાવતાં કહે છે.

નિશ્ચયનયને અભિમત એવો મોક્ષને અનુકૂળ જે અંતરંગ પરિણામ છે, તેનું ફળ કેવળજ્ઞાનની પ્રાપ્તિ છે. અને જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી વ્યવહારની ક્રિયાનો ત્યાગ કરવો જોઈએ નહીં; કેમ કે વ્યવહારની ક્રિયાથી જ નિશ્ચયનયને અભિમત તેવા પરિણામ થાય છે. તે પરિણામ ઉત્તરોત્તરની ક્રિયાથી વૃદ્ધિ પામીને વીતરાગતાનું કારણ બને છે અને તેના ફળરૂપે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અહીં પ્રશ્ન થાય કે બાહ્યક્રિયાઓ ન કરીએ અને નિશ્ચયનયને અભિમત પરિણામમાં યત્ન કરીએ તો તે પરિણામના બળથી નિશ્ચયનયને અભિમત એવું કેવલજ્ઞાનરૂપ ફળ પ્રાપ્ત થશે. માટે કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધી વ્યવહારની ક્રિયાનો ત્યાગ કરવો જોઈએ નહીં એમ ગ્રંથકારશ્રીએ કેમ કહ્યું ? તેથી કહે છે, ચક્રીનો ભોગ પામ્યા વગર જેમ નિજ ભોજન સાર છે, તેમ જે જીવો મરુદેવામાતા કે ભરત ચક્રવર્તી આદિની જેમ ચક્રીના ભોજનસ્થાનીય વીતરાગગામી એવો નિર્લેપ પરિણામ પ્રાપ્ત કરી શકતા નથી, તે જીવો માટે પોતાની ભૂમિકા અનુસાર ભોજન જ તેમને જીવાડનાર બને છે. જો તેવા જીવો એમ વિચારે કે શ્રેષ્ઠ ભોજન તો ચક્રવર્તીનું છે, માટે તેવું ભોજન મળે તો જ ભોજન કરવું અન્યથા ભોજન ન કરવું, તો તે જીવો પોતાની ભૂમિકાના ભોજનનો ત્યાગ કરીને અને ચક્રવર્તીના ભોજનને અપ્રાપ્ત કરીને મૃત્યુ પામે છે. તેમ જે જીવો ભરતાદિની જેમ અંતરંગ વીતરાગભાવ પ્રાપ્ત કરી શકે તેમ નથી, તેવા જીવોને તો સ્વભૂમિકાને ઉચિત એવી વ્યવહારની ક્રિયાઓનો ત્યાગ કરવો જોઈએ નહીં. જેથી તેઓ યોગમાર્ગમાં જીવી શકે. વળી, આ વ્યવહારની ક્રિયા અપ્રમાદભાવથી સેવતાં સેવતાં ઘણા જીવો કેવળજ્ઞાનને પામ્યા છે. તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે જીવોએ વ્યવહારની

ક્રિયાઓમાં જ દૃઢ વ્યાપાર કરવો જોઈએ. જેથી નિશ્ચયનયને અભિમત પરિણામનું ફળ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. આથી જ ઢંઢણઋષિ અપ્રમાદભાવથી પોતાના અભિગ્રહપાલન અર્થે ભિક્ષાટનની ક્રિયા પ્રતિદિન કરતા હતા અને તે ક્રિયાના બળથી જ નિશ્ચયનયને અભિમત તેવા પરિણામના ફળરૂપે કેવળજ્ઞાનને પામ્યા. **॥૯॥**

**અવતરણિકા :-**

**અહીં નિશ્ચયનય પ્રત્યેના પક્ષપાતી કોઈક કહે કે વ્યવહારનયની ક્રિયા તો પુણ્યબંધનું કારણ છે અને નિશ્ચયનયને અભિમત પરિણામ તો વીતરાગગામી હોવાથી કેવલજ્ઞાનનું કારણ છે. માટે મોક્ષના અર્થીએ પરિણામમાં ઉદ્યમ કરવો જોઈએ. પુણ્યબંધના કારણીભૂત ક્રિયામાં ઉદ્યમ કરવો ઉચિત નથી. તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**પુણ્ય-અગનિ પાતક દહે રે,**
**જ્ઞાન સહેજે ઓલખાય રે; મન૦**
**પુણ્ય હેતુ વ્યવહાર છે રે,**
**તિણે નિર્વાણ ઉપાય રે. ગુણ૦ ૧૦**

**ગાથાર્થ :-**

**પુણ્ય-અગનિ=પુણ્યરૂપી અગ્નિ પાપને બાળે છે. તેથી જ્ઞાન સહેજે ઓળખાય છે=આત્માનું શુદ્ધજ્ઞાન સહેજે પ્રગટ થાય છે. વળી, પુણ્યનો હેતુ વ્યવહાર છે=પુણ્યબંધનો હેતુ વ્યવહારની ક્રિયા છે. તેથી વ્યવહારનયની ક્રિયા નિર્વાણનો ઉપાય છે. ॥૧૦॥**

**ભાવાર્થ :-**

જે જીવોએ ભૂતકાળમાં શ્રેષ્ઠ કોટિનું પુણ્ય બાંધ્યું છે, તે જીવોને તે પુણ્યાનુબંધીપુણ્યના ઉદયથી મોક્ષસાધક એવો ઉત્તમ ભવ મળે છે. જેથી તે ભવમાં તે પુણ્યના ઉદયથી વિપુલ ભોગસામગ્રીને મેળવે છે, એટલું જ નહીં પણ જ્યારે તે પુણ્ય પરિપાક દશાને પ્રાપ્ત થાય છે ત્યારે તે પુણ્યના ઉદયથી જ

તેઓને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારનું પંચવસ્તુનું વચન છે. તેથી નક્કી થાય કે ઉત્તમ કોટિનું પુણ્ય પાપને બાળવા માટે અગ્નિ જેવું છે અને તે જ્યારે વિપાકમાં આવે છે ત્યારે તે પુણ્યરૂપી અગ્નિના કારણે તેઓનાં પાપો નાશ પામે છે અને તેના કારણે તે મહાત્માઓને નિર્મળ કોટિનું જ્ઞાન પ્રગટ થાય છે. જેથી ભોગથી વિમુખ થયેલા એવા તેઓ સંયમના પરિણામને પ્રાપ્ત કરે છે. તેથી એ સિદ્ધ થાય કે પુણ્યરૂપી અગ્નિના કારણે પાપનો નાશ થવાથી ભવથી વિરક્ત થયેલા જીવો ચારિત્રનું પાલન કરીને મોક્ષની પ્રાપ્તિ કરે છે. માટે પુણ્યબંધનો હેતુ એવી વ્યવહારની ક્રિયા મોક્ષનો ઉપાય છે. માટે મોક્ષના અર્થીએ ક્રિયામાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૧૦॥**

**અવતરણિકા :-**

**વળી, મોક્ષના અર્થીએ ક્રિયામાં ઉદ્યમ કરવો ઉચિત છે તે દૃઢ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**ભવ્ય એક આવર્ત્તમાં રે,**
**કિરિયા વાદી સિદ્ધ રે; મન૦**
**હોવે તિમ બીજો નહિ રે,**
**'દશાચૂર્ણી' પ્રસિદ્ધ રે. ગુણ૦ ૧૧**

**ગાથાર્થ :-**

**ભવ્યજીવ ક્રિયાવાદી હોય તે નક્કી એક આવર્ત્તમાં સિદ્ધ થાય છે. તેમ બીજો ભવ્ય એક આવર્ત્તમાં સિદ્ધ થતો નથી એ પ્રમાણે દશાચૂર્ણીમાં પ્રસિદ્ધ છે. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

જે ભવ્યજીવો છે તેઓ મોક્ષના ઉપાયરૂપે ક્રિયાઓ કરવી જોઈએ તેવી બુદ્ધિ ધારણ કરે છે. તેવા ક્રિયાવાદી અન્ય કોઈ પણ દર્શનમાં હોય તે સર્વ જીવો ચરમાવર્તમાં આવેલા છે અને તેઓ એક આવર્ત્તમાં મોક્ષમાં જશે અને જેઓ ક્રિયાવાદી નથી તેવા અન્ય જીવો એક આવર્ત્તમાં મોક્ષમાં જશે તેવો નિયમ નથી

એ પ્રમાણે દશાચૂર્ણી આગમમાં પ્રસિદ્ધ છે. આનાથી એ ફલિત થાય કે કેટલાક ક્રિયાવાદી છે, કેટલાક જ્ઞાનવાદી છે, તે પ્રમાણે ૩૬૩ પાખંડી છે. તેમાંથી જેઓ ક્રિયાવાદી છે, તેઓ એક પુદ્ગલપરાવર્તમાં અવશ્ય મોક્ષે જશે. તેથી પણ અવશ્ય સિદ્ધ થાય છે કે મોક્ષના અર્થીએ ક્રિયામાં ઉદ્યમ કરવો જોઈએ. કદાચ અભ્યાસદશામાં તે ક્રિયા શાસ્ત્રાનુસારી નહીં હોય તો પણ પરંપરાએ મોક્ષનું કારણ બનશે. આથી જ અન્ય દર્શનમાં રહેલા ક્રિયાવાદીની ક્રિયાઓ વ્યવહારના વચનાનુસાર નહીં હોવા છતાં દૂરવર્તી પણ મોક્ષનું કારણ બને છે. **॥૧૧॥**

**ગાથા :-**

**ઈમ જાણીને મન ધરે રે,**
**તુજ શાસનનો રાગ રે; મન૦**
**નિશ્ચય પરિણત મુનિ રહે રે,**
**વ્યવહારે વડ લાગ રે. ગુણ૦ ૧૨**

**ગાથાર્થ :-**

**આમ જાણીને=પૂર્વમાં અનેક રીતે સ્થાપન કર્યું કે, મોક્ષ પ્રત્યે ક્રિયા કારણ છે. એમ જાણીને જે મુનિ તુજ શાસનનો રાગ મનમાં ધારણ કરે તે મુનિ નિશ્ચય પરિણત છે. તેથી વ્યવહારમાં=વ્યવહારની ક્રિયામાં અત્યંત લાગેલા રહે છે. ॥૧૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં અત્યાર સુધી સ્તવનકારશ્રીએ મોક્ષસુખના અર્થીને વ્યવહારની ક્રિયાઓ કરવી ઉચિત છે તેમ સ્થાપન કર્યું અને એ પ્રમાણે જાણીને જે મુનિઓ ભગવાનના શાસનનો રાગ ધારણ કરે છે, તેઓ પરમાર્થથી ભગવાનના શાસનના પરિણતિવાળા છે. અને તેવા મુનિ વ્યવહારની ક્રિયાઓમાં અત્યંત અપ્રમાદથી લાગેલા રહે છે; કેમ કે ભગવાનના શાસનના મર્મને જાણવાને કારણે તેઓને નિશ્ચય થયો છે કે ભગવાને બતાવેલી ક્રિયાઓ અપ્રમાદથી કરવામાં આવે તો નક્કી મોક્ષને અનુકૂળ તેવી જીવની પરિણતિ ઉલ્લસિત થાય છે અને તેથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે. **॥૧૨॥**

## ઢાળ-૩

(રાગ : અભિનંદન જિન ! દરિશન તરસિયે - એ દેશી.)

**અવતરણિકા :-**

કેટલાક જીવો વિધિપક્ષને જોઈને તેવી શુદ્ધક્રિયા સ્વપ્રયત્નથી અસાધ્ય જણાવવાથી વ્યવહારની ક્રિયાનો ત્યાગ કરે છે. તેઓને સામે રાખીને સ્તવનકારશ્રીએ અનેક યુક્તિઓથી પૂર્વની ઢાળમાં સ્થાપન કર્યું કે આદ્યભૂમિકામાં ત્રુટિત પણ આચરણા પરંપરાએ શુદ્ધક્રિયાનો હેતુ છે. માટે મોક્ષના અર્થીએ ક્રિયામાં ઉદ્યમ કરવો જોઈએ.

હવે અન્ય કોઈક પક્ષ સમકિતને આગળ કરીને ક્રિયાનો ત્યાગ કરે છે તે બતાવીને તેનું નિરાકરણ કરે છે –

**ગાથા :-**

**સમકિત પક્ષજ કોઈક આદરે, ક્રિયામંદ અણજાણ;**
**શ્રેણિક પ્રમુખ ચરિત્ર આગલ કરે, નવિ માને ગુરુ-આણ;**
**અંતરજામી રે! તું જાણે સવે. એ આંકણી૦ ૧**

**ગાથાર્થ :-**

**કોઈક જીવો સમકિતના પક્ષને આદરે છે અને અજાણ્યા એવા તેઓ ક્રિયામાં મંદ છે=ક્રિયા કરવામાં અનુદ્યમવાળા છે અને તેઓ શ્રેણિક વગેરેના ચરિત્રને આગળ કરે છે અને ગુરુની આજ્ઞાને માનતા નથી. અંતરજામી એવા હે ભગવાન ! તમે સર્વ જાણો છો. ॥૧॥**

**ભાવાર્થ :-**

કેટલાક જીવો સંયમની ઉચિત ક્રિયાઓ કરવામાં અનાદરવાળા છે અને ભગવાનના વચનના પરમાર્થને જાણતા નથી. તેથી સમકિતના પક્ષને આગળ કરે છે અને કહે છે કે જેમ શ્રેણિક મહારાજાએ સમકિતના બળથી જ તીર્થંકર નામકર્મ બાંધ્યું, તેમ કલ્યાણના અર્થી જીવોએ સમકિતમાં ઉદ્યમ કરવો જોઈએ. સંયમની બાહ્યક્રિયાઓ કરવાથી કંઈ થાય નહીં એમ કહીને, સુગુરુ 'તેમને સ્વભૂમિકા અનુસાર ઉચિત આચરણાનો મારગ બતાવે છે' તે માનતા નથી.

આ પ્રકારે મૂઢલોકમાં પ્રસિદ્ધ એવા સમકિતપક્ષ બતાવીને સ્તવનકારશ્રી અંતરયામી એવા ભગવાનને કહે છે, તમે સર્વ જાણો છો. ભક્તિથી હું તમારી આગળ આ નિવેદન કરું છું. **॥૧॥**

**ગાથા :-**

**કહે તે શ્રેણિક નવિ નાણી હુઓ, નવિ ચારિત્રપ્રધાન;**
**સમકિત ગુણથી રે જિન-પદ પામસે, તેહિ જ સિદ્ધિ નિદાન.**
**અંતર૦ ૨**

**ગાથાર્થ :-**

**તેઓ=સમકિત પક્ષને કરનારા, કહે છે. શ્રેણિક જ્ઞાની ન હતા અને ચારિત્રપ્રધાન પણ ન હતા. સમકિતગુણથી જિનપદને પામશે. તેહિ જ=સમકિત પક્ષ જ સિદ્ધિનું નિદાન છે=મોક્ષનું કારણ છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

સમકિતનો પક્ષપાત કરનારા એવા તેઓ કહે છે. શ્રેણિક મહારાજાએ દીક્ષા ગ્રહણ કરેલી નહીં. તેથી આગમોને ભણેલા ન હતા. માટે જ્ઞાની ન હતા અને ચારિત્રની ક્રિયા પણ નહોતા કરતાં. છતાં નિર્મળકોટિના સમકિતના ગુણથી શ્રેણિક મહારાજા જિનપદને પામશે. તેથી સમકિત જ મોક્ષપદનું કારણ છે. આમ કહીને ક્રિયામાં તેઓ મંદ ઉત્સાહી થાય છે. **॥૨॥**

**ગાથા :-**

**નવિ તે જાણે રે કિરિયા ખંપ વિના, સમકિત ગુણ પણ તાસ;**
**નરક તણી ગતિ નવિ છેદી શકે, એ આવશ્યકે ભાષ. અંતર૦ ૩**

**ગાથાર્થ :-**

**તેઓ=સમકિતનો પક્ષપાત કરનારા, જાણતા નથી. કિરિયાના ખપ વગર=ક્રિયાના સેવન વગર તેઓનો સમકિતગુણ પણ નરક તણી ગતિ છેદી શકતો નથી. તે પ્રમાણે આવશ્યકમાં વચન છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

જેઓ સમકિતનો પક્ષપાત કરીને ક્રિયામાં મંદ છે, તેઓને સ્તવનકારશ્રી

કહે છે. સમકિતના પક્ષપાતી એવા તેઓ, એ જાણતા નથી કે ક્રિયાના સેવન વગર શ્રેણિક મહારાજાનો સમકિતગુણ પણ તેમની નરકની ગતિ છેદી શક્યો નહીં તેમ આવશ્યકમાં કહ્યું છે. જ્યારે શાસ્ત્રાનુસારી ક્રિયા કરનારા તો કયારેય નરકગતિમાં જતા નથી. માટે દુર્ગતિથી રક્ષણ કરવું હોય તો જેમ સમકિતનો પક્ષપાત આવશ્યક છે, તેમ ઉચિત ક્રિયા પણ સેવવી આવશ્યક છે. **॥૩॥**

**ગાથા :-**

**ઉજ્વલ તાણે રે વાણે મેલડે, સોહે પટ ન વિશાલ;**
**તિમ નવિ સોહે રે સમકિત અવિરતિ, બોલે ઉપદેશમાલ. અંતર ૦૪**

**ગાથાર્થ :-**

**જેમ મેલા તાણાવાણાથી ઉજ્જ્વલ વિશાલ પટ શોભતો નથી તેમ સમ્યક્ત્વ અવિરતિથી શોભતું નથી તેમ ઉપદેશમાલા બોલે છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

કોઈ સુંદર વિશાળપટ હોય અને તેના તાણાવાણા અતિમેલા થઈ ગયા હોય તો તે પટ શોભતો નથી. પરંતુ તેનો મેલ દૂર કરવામાં આવે તો તે પટ શોભે છે. તેમ જે જીવોને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા છે, તેઓ ઉજ્જ્વલ પટ જેવા છે. આમ છતાં અવિરતિના ઉદયવાળા હોવાથી મેલા વસ્ત્ર જેવા છે. તેથી તેઓનું સમ્યક્ત્વ શોભતું નથી તેમ ઉપદેશમાલા કહે છે. તેથી જેમ ઉજ્જ્વલ પણ પટ સ્વચ્છ હોય તો શોભે, તેમ જિનવચનમાં સ્થિર શ્રદ્ધા પણ સાવદ્યના ત્યાગપૂર્વક નિરવદ્યક્રિયાથી શોભે છે. માટે સમકિતના પક્ષપાતીએ ક્રિયામાં પણ પક્ષપાત કરવો જોઈએ. પરંતુ સમકિતનો પક્ષપાત કરીને ક્રિયાનો અનાદર કરવો ઉચિત નથી. **॥૪॥**

**ગાથા :-**

**વિરતિ વિઘન પણ સમકિત ગુણ વર્યો, છેદે પલિય પહુત્ત;**
**આણંદાદિક વ્રત ધરતા કહ્યો, સમકિત સાથે રે સૂત્ત. અંતર૦ ૫**

**ગાથાર્થ :-**

**સમ્યક્ત્વગુણને વર્યા જીવ વિરતિના વિઘ્નને કરનારું કર્મ પણ પલ્યોપમ**

**પૃથક્ત્વ કાળમાં છેદે છે. આણંદાદિકને સમકિત સાથે વ્રતને ધારણ કરતા સૂત્રમાંહે કહ્યા છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

સમકિતના પક્ષપાતી અને ક્રિયામાં મંદ જીવોને સંબોધીને સ્તવનકારશ્રી કહે છે. જે જીવો પરમાર્થથી સમકિત ગુણને વર્યા છે, તે જીવો વિરતિમાં વિઘ્ન કરનારા કર્મને પલ્યોપમ પૃથક્ત્વકાળમાં અવશ્ય નાશ કરે છે. તેથી ફલિત થાય છે કે સમ્યક્દૃષ્ટિ જીવોને ક્રિયામાં અત્યંત આગ્રહ છે. આથી જ પલ્યોપમ પૃથક્ત્વકાળમાં ક્રિયાનાં વિઘ્નકારી કર્મોનો નાશ કરીને તેઓ ક્રિયાને સેવનારા બને છે. તેથી જો સમ્યક્ત્વ પ્રત્યેનો પક્ષપાત કરવો હોય તો ક્રિયા પ્રત્યેનો પક્ષપાત પણ આવશ્યક છે અને જેને ક્રિયામાં પક્ષપાત નથી, તેને સમકિત સંભવે જ નહીં; કેમ કે જો સમ્યક્ત્વવાળા જીવો ક્રિયા પ્રત્યેના પક્ષપાત વગરના હોય તો પલ્યોપમ પૃથક્ત્વકાળમાં વિરતિના આપાદક કર્મોનો નાશ કરી શકે નહીં. અને સમ્યક્ત્વગુણ નક્કી વિરતિ આપાદક કર્મોનો નાશ કરે છે, તેથી વિરતિના અત્યંત પક્ષપાતથી જ સમ્યક્ત્વ જીવે છે.

વળી, આણંદાદિક શ્રાવકો ભગવાનની દેશના સાંભળીને સમ્યક્ત્વ ઉચ્ચરાવે છે, ત્યારે વ્રતોને પણ ગ્રહણ કરે છે તેમ શાસ્ત્રમાં કહેલ છે. તેથી નક્કી થાય છે કે સમ્યક્દૃષ્ટિને વ્રતોનો પક્ષપાત અવશ્ય હોય છે. આથી જ આણંદાદિક શ્રાવકોએ જેમ સમ્યક્ત્વને સ્વીકાર્યું તેમ વ્રતોને પણ સ્વીકાર્યાં. **॥૫॥**

**અવતરણિકા :-**

**અહીં સમ્યક્ત્વ પક્ષપાતી કહે કે તો શ્રેણિક મહારાજાએ કેમ ક્રિયાનો પક્ષ સ્વીકાર્યો નહીં. તેને સ્તવનકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**શ્રેણિક સરિખારે અવિરતિ થોડલા, જેહ નિકાચિત કર્મ;**
**તાણી આણે રે સમકિત વિરતિને, એ જિન શાસન મર્મ. અંતર૦ ૬**

**ગાથાર્થ :-**

**શ્રેણિક સરખા અવિરતિવાળા થોડા જીવો હોય છે જે નિકાચિત**

**કર્મોવાળા હતા અને સમકિત વિરતિને તાણી આણે છે, એ જિનશાસનનો મર્મ છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

સમ્યક્ત્વ પામ્યા હોય અને લેશ પણ વિરતિમાં યત્ન ન કરે એવા નિકાચિત કર્મવાળા શ્રેણિક જેવા થોડા જીવો હોય છે. તેથી શ્રેણિક વગેરેનું દૃષ્ટાંત આગળ કરીને સમ્યક્ત્વનો પક્ષપાત કરીને ક્રિયામાં અનાદરવાળા થવું ઉચિત નથી; કેમ કે જો નિકાચિત કર્મ ન હોય તો પ્રગટ થયેલ સમ્યક્દર્શન વિરતિ પ્રત્યેના પક્ષપાતવાળું હોવાના કારણે અવશ્ય સ્વભૂમિકા અનુસાર ક્રિયામાં ઉદ્યમ કરાવે છે. વળી, તીવ્ર અવિરતિના ઉદયવાળા જીવો પણ સમ્યક્ત્વ પામે તો તેઓનું સમ્યક્ત્વ તેઓને વિરતિમાં ઉત્સાહિત કરીને વિરતિને ખેંચી લાવે છે, એ પ્રકારનો જિનશાસનનો મર્મ છે. માટે સમ્યક્ત્વનો પક્ષપાત કરવો હોય તો સમ્યક્ત્વ સ્વયં જ વિરતિનો પક્ષપાતી છે. તેથી વિરતિની ક્રિયા પ્રત્યે પક્ષપાતવાળા જીવો જ સમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકે છે. પરંતુ વિરતિની ક્રિયા પ્રત્યે મંદ ઉત્સાહવાળા અને સમ્યક્ત્વ પ્રત્યેના પક્ષપાતવાળા જીવો સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકતા નથી, એ પ્રકારનો ભગવાનના શાસનનો મર્મ છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**વળી, સમકિતના પક્ષપાતવાળા જીવો પ્રતિજ્ઞા લેવા પ્રત્યે ઉપેક્ષાવાળા હોય અને પાપની પ્રવૃત્તિ કરતા ન હોય તો પણ તેઓને પાપ લાગે છે. માટે સમકિતના પક્ષપાતી જીવોએ શકિત અનુસાર વિરતિની ક્રિયા કરવા માટે ઉત્સાહિત થઈને યત્ન કરવો જોઈએ, તેમ શકિત અનુસાર પ્રતિજ્ઞા પણ ગ્રહણ કરવી જોઈએ તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**બ્રહ્મ પ્રતિજ્ઞા રે વિણ લવ સપ્તમા, બ્રહ્મવ્રતી નહિ આપ;**
**અણકીધા પણ લાગે અવિરતેં, સહજે સઘલાં રે પાપ. અંતર૦ ૭**

**ગાથાર્થ :-**

**બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા વગરના લવસત્તમો=સર્વાર્થસિદ્ધના જીવો બ્રહ્મવ્રત**

**પાળે છે. પરંતુ તેઓ બ્રહ્મવ્રતવાળા નથી; કેમ કે અવિરતિને કારણે સહેજે નહીં કરાએલાં પણ સઘળાં પાપ લાગે છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

લવસત્તમજીવો કામની મનોવૃત્તિવાળા નથી. તેથી તેઓને દેવીઓ આદિના કોઈપણ પ્રકારના ભોગોની વૃત્તિ થતી નથી. આમ છતાં તેઓ દેવભવને કારણે અવિરતિના ઉદયવાળા છે. આથી તેઓ બ્રહ્મવ્રતની પ્રતિજ્ઞા કરતા નથી. તેથી કાયા આદિથી બ્રહ્મવ્રતનું પાલન હોવા છતાં તેઓ બ્રહ્મવ્રતવાળા નથી. તેથી ફલિત થાય કે અવિરતિ હોય તો પાપ ન કરવામાં આવે તો પણ સઘળાં પાપ લાગે છે. માટે સમકિતના પક્ષપાતીએ પાપવિરામ અર્થે પચ્ચક્ખાણપૂર્વક શકિત અનુસાર વિરતિની ક્રિયા કરવી જોઈએ. જેથી અવિરતિના પાપની પ્રાપ્તિ થાય નહીં. ॥૭॥

**અવતરણિકા :-**

**ભગવાનને વિનંતી કરતાં નિશ્ચય અને વ્યવહારનો સંવાદ અત્યાર સુધી બતાવ્યો તેનો ફલિતાર્થ બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**એહવું જાણી રે વ્રત આદર કરો, જતને સમકિતવંત;**
**પંડિત પ્રીછે રે થોડે જિમ ભણે, નાવે રે બોલ અનંત. અંતર૦ ૮**

**ગાથાર્થ :-**

**આવું જાણીને=સમકિતમાં પક્ષપાત કરવો હોય તો ક્રિયાનો પણ પક્ષપાત કરવો જોઈએ એવું જાણીને, સમકિતવંત=સમકિતના પક્ષપાતી, યતનાપૂર્વક વ્રતને આદરો. પંડિત કહે છે જેમ થોડું બોલવાથી અનંતબોલ આવતા નથી. ॥૮॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્તવનકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે, સમકિતના પક્ષપાતી જીવોએ ક્રિયામાં શકિત અનુસાર ઉદ્યમ કરવો જોઈએ, તો જ સમકિત આવી શકે. અન્યથા ક્રિયા પ્રત્યેના અનાદરવાળા જીવોને બોલવા માત્રથી સમકિત આવી

શકે. આવું જાણીને સમકિતના પક્ષપાતવાળા જીવોએ પોતાની શકિત અનુસાર યતનાપૂર્વક વ્રતનો આદર કરવો જોઈએ. જેથી અવિરતિના કારણે લાગતાં પાપો દૂર થાય અને તેઓને ઉપદેશ આપતાં પંડિત કહે છે કે કોઈ થોડું બોલે એટલા માત્રથી ઘણા બોલો આવતા નથી. તેમ કોઈ સમકિતનો પક્ષપાત કરે એટલા માત્રથી વિરતિનાં પાપો અટકતાં નથી. માટે પાપથી આત્માનું રક્ષણ કરવા માટે જેમ મિથ્યાત્વરૂપી પાપનો ત્યાગ આવશ્યક છે, તેમ અવિરતિનું પાપ પણ ત્યાગ કરવું આવશ્યક છે. માટે થોડું કહેવાથી ઘણું આવતું નથી, તેમ થોડું સમકિત સ્વીકારવાથી અવિરતિનું ઘણું પાપ જતું નથી. **॥૮॥**

**અવતરણિકા :-**

**જેઓ એક નયના પક્ષપાતી છે તેઓ આંધળા જેવા છે. તેઓને તત્ત્વનો બોધ કરાવવો દુષ્કર છે. તેમ બતાવીને તત્ત્વના અર્થીએ શું કરવું જોઈએ તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**આંધા આગલ દરપણ દાખવો, બહિરા આગલ ગીત;**
**મૂરખ આગલ પરમારથ કથા, ત્રિણેં એક જ રીત. અંતર૦ ૯**
**એવું જાણી રે હું તુજ વીનવું, કિરિયા સમકિત જોડી;**
**દીજે કીજે રે કરુણા અતિ ઘણી, મોહ સુભટ મદ મોડી.અંતર૦ ૧૦**

**ગાથાર્થ :-**

**આંધળા આગળ દર્પણ બતાવવું તે નિષ્ફળ છે. બહેરા આગળ ગીત ગાવામાં આવે તે નિષ્ફળ છે. મૂરખ આગળ પરમાર્થની કથા કરવામાં આવે તે નિષ્ફળ છે. તેથી ત્રણેય એક પ્રકારનાં છે. આવું જાણીને તમને વિનંતી કરું છું. ક્રિયા અને સમકિતની જોડી હે ભગવંત ! મને આપો અને મોહરૂપી સુભટના મદને મોડીને=નિવારણ કરીને અતિ ઘણી કરુણા કરો. ॥૯-૧૦॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ નિશ્ચયનયનાં ને વ્યવહારનયનાં વક્તવ્ય બતાવ્યાં અને

સમકિતનો અને ક્રિયાનો પરસ્પર સંબંધ બતાવ્યો. તે સર્વ કથન સાંભળવા છતાં જેઓ નિશ્ચયનયના કેવળ પક્ષપાતી છે કે જેઓ કેવળ સમકિતના પક્ષપાતી છે અને ક્રિયા પ્રત્યે અનુત્સાહી છે એવા પક્ષપાતવાળા જીવોને પરમાર્થની કથા કહેવી અર્થ વગરની છે. જેમ કોઈ આંધળો માણસ હોય તેની આગળ દર્પણ બતાવવામાં આવે તો તે દર્પણમાં કાંઈ જોઈ શકતો નથી, તેમ એક નયના પક્ષપાતી અંધતુલ્ય જીવોને દર્પણતુલ્ય સ્યાદ્વાદની દૃષ્ટિરૂપ પરમાર્થ બતાવવામાં આવે તો તેઓને કંઈ બોધ થતો નથી. વળી, જેમ બહેરા આગળ ગીત ગાવામાં આવે તો તે ગીત સાંભળી શકતો નહીં હોવાથી તેને કાંઈ પ્રીતિ ઉત્પન્ન થતી નથી, તેમ સ્યાદ્વાદને બતાવનારી માર્ગાનુસારી દૃષ્ટિનું નિરૂપણ પરમાર્થની કથારૂપ હોવા છતાં એક નયના પક્ષપાતી એવા તે મૂરખ આગળ વ્યર્થ છે. આ પ્રમાણે જાણીને નયોનો પક્ષપાત છોડવો જોઈએ અને પરમાર્થને જાણવા યત્ન કરવો જોઈએ, એમ બતાવીને સ્તવનકારશ્રી કહે છે. હે ભગવંત ! હું તમને વિનંતી કરું છું. તમારી પ્રત્યેની ભક્તિના પ્રસાદથી તમે મને ક્રિયા અને સમકિતની જોડી આપો. જેથી પરમાર્થની પ્રાપ્તિ થાય અને મારામાં વર્તતા મોહના સુભટના મદને મોડીને મારા ઉપર અતિ ઘણી કૃપા કરો. અર્થાત્ તમારા પસાયથી ક્રિયા અને સમકિતના પરમાર્થને જાણનારો થાઉં. મોહરૂપી શત્રુને પરવશ થયા વગર જિનવચનાનુસાર ક્રિયા કરનારો થાઉં, એવી અતિ ઘણી કરુણા કરો. **||૯-૧૦||**

## ઢાળ-૪

ગાથા :-

**એણી પરે મેં પ્રભુ વિનવ્યો, સીમંધર ભગવંતો રે;**
**જાણું હું ધ્યાને પ્રગટ હું તો, કેવલ-કમલાનો કંતો રે.**
**જયો જયો જગગુરુ જગધણી. ૧**

ગાથાર્થ :-

**આ પ્રમાણે=અત્યાર સુધી ભગવાનને વિનંતીરૂપે કથન કર્યું. એ પ્રમાણે મેં સીમંધર ભગવાન એવા પ્રભુને વિનંતી કરી અને હું જાણું છું કે ધ્યાનથી કેવલકમલાના કંત એવા ભગવાન પ્રગટ થાય છે. જગદ્ગુરુ જગધણી તમે જય પામો, જય પામો. ||૧||**

ભાવાર્થ :-

આ રીતે ભગવાનની સ્તવના કરીને સ્તવનકારશ્રી કહે છે કે, હે સીમંધર ભગવાન ! મેં તમને વિનંતી કરી કે તમે મને ક્રિયા અને સમકિતની જોડી આપો અને મોહ સુભટનો મદ મોડીને અતિ ઘણી કરુણા કરો.

વળી, સ્તવનકારશ્રી કહે છે કે ભગવાન કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીના સ્વામી છે. તેથી પોતાની વિનંતીને જાણે છે. આમ છતાં ભગવાન પ્રગટ તો ધ્યાનથી થાય છે અર્થાત્ પરમાત્માના સ્વરૂપમાં તન્મય ભાવ આવે તો ભગવાન પોતાના સ્થાનમાં વીતરાગરૂપે પ્રગટ દેખાય છે. હે જગતગુરુ, જગતના ધણી તમે જય પામો એમ કહીને ભગવાનને ભક્તિથી વધાવે છે. ||૧||

ગાથા :-

**તું પ્રભુ હું તુજ સેવકો, એ વ્યવહાર વિવેકો રે;**
**નિશ્ચય નય નહિ આંતરો, શુદ્ધાતમ ગુણ એકો રે. જયો૦ ૨**

ગાથાર્થ :-

**તમે પ્રભુ, હું તમારો સેવક એ વ્યવહારનો વિવેક છે. નિશ્ચયનયથી તમારો અને મારો આંતરો નથી; કેમ કે શુદ્ધાત્મગુણ તમારામાં અને મારામાં એક છે. ||૨||**

**ભાવાર્થ :-**

વળી, ભગવાન પ્રત્યેની ભક્તિરૂપે સ્તવનકારશ્રી કહે છે કે તમે અમારા ઉપાસ્ય છો. માટે અમારા પ્રભુ છો અને અમે તમારી ઉપાસના કરનારા છીએ. માટે તમારા સેવક છીએ. આ પ્રકારનો વ્યવહારનયનો વિવેક છે. આથી જ પ્રભુની ભક્તિરૂપે સ્તવનમાં ગીત કરીએ છીએ.

વળી, નિશ્ચયનયથી જેવો શુદ્ધાત્માનો ગુણ તમારો છે, તેવો જ શુદ્ધાત્મગુણ અમારો છે. તેથી તમારા અને અમારામાં કોઈ અંતર નથી. માટે નિશ્ચયનયથી પ્રભુ-સેવકભાવ નથી, પરંતુ વ્યવહારનયથી પ્રભુ-સેવકભાવ છે. **॥૨॥**

**ગાથા :-**

**જમ જલ સકલ નદી તણો, જલનિધિ જલ હોય ભેલો રે;**
**બ્રહ્મ અખંડ સખંડનો, તિમ ધ્યાને એક મેલો રે. જયો૦ ૩**

**ગાથાર્થ :-**

**જેમ સકલ નદીનું પાણી સમુદ્રના પાણીમાં ભેગું થાય છે, તેમ અખંડબ્રહ્મ અને સખંડબ્રહ્મના ધ્યાને કરીને એક મેળો થાય છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

બધી નદીઓનું પાણી સમુદ્રમાં જઈને મળે છે ત્યારે તે સર્વ પાણી સમુદ્રરૂપ બને છે તેમ કર્મવાળી અવસ્થામાં સંસારીજીવો સખંડબ્રહ્મરૂપ છે અને પરમાત્મા અખંડબ્રહ્મરૂપ છે અને સખંડ બ્રહ્મવાળા જીવો ધ્યાન કરીને અખંડબ્રહ્મમાં મળી જાય છે. જેમ બધી નદીનું પાણી સમુદ્રમાં ભેગું થાય છે.

આશય એ છે કે, કર્મરહિત એવું આત્માનું સ્વરૂપ છે તે અખંડબ્રહ્મ છે અને કર્મવાળી અવસ્થામાં સંસારી જીવોનું બ્રહ્મસ્વરૂપ કર્મથી કંઈક ખંડિત થયેલું છે, તેથી સખંડબ્રહ્મ છે. અને સંસારી જીવો અખંડબ્રહ્મની સાથે ધ્યાનથી તન્મય થાય ત્યારે તે બ્રહ્મને ખંડિત કરનાર એવું કર્મ દૂર થવાથી સંસારીજીવોનું અખંડબ્રહ્મ પ્રગટ થાય છે. તેથી અખંડબ્રહ્મરૂપ પરમાત્માતુલ્ય તે ધ્યાન કરનાર મહાત્મા બને છે. તેથી અખંડબ્રહ્મની સાથે સખંડબ્રહ્મનું ધ્યાનથી મેળો થાય છે તેમ કહેવાય છે. **॥૩॥**

ગાથા :-

**જિણેં આરાધન તુજ કર્યું, તસ સાધન કુણ લેખે રે;**
**દૂર દેશાંતર કુણ ભમે, જે સુરમણિ ઘર દેખે રે. જયો૦ ૪**

ગાથાર્થ :-

**જેમણે ભગવાનનું આરાધન કર્યું તે રૂપ સાધન=ભગવાનની આરાધના રૂપ સાધન, કોણ લેખે છે અર્થાત્ કોઈની સાથે તુલના થાય તેવું નથી. દૂર દેશાંતર કોણ ભમે ? જેમને ઘરમાં સુરમણિ દેખાય=રત્ન ચિંતામણિ દેખાય. ।।૪।।**

ભાવાર્થ :-

જેમણે ભગવાનને વીતરાગ સર્વજ્ઞરૂપે જાણીને તેમનું આરાધન કર્યું તે આરાધન વીતરાગ થવાનું સાધન છે. તેની સમાન બીજું કોણ ગણી શકાય અર્થાત્ તેની જેમ પરમાત્મા થવાનું સાધન કોઈ નથી. જેઓને ઘરમાં સુરમણિ પ્રાપ્ત થયો છે અર્થાત્ જેઓએ સાક્ષાત્ પરમાત્માના શાસનને પામીને સુરમણિ જેવા ભગવાનને પ્રાપ્ત કર્યા છે, તેઓ સુરમણિની શોધ માટે દૂર દેશાંતર કોણ જાય ? અર્થાત્ ભગવાનના પારમાર્થિક સ્વરૂપને જાણવા માટે અન્ય અન્ય દર્શનનાં સ્થાનોમાં યત્ન કરીને સુરમણિ જેવા પરમાત્માના સ્વરૂપને પ્રાપ્ત કરવા કોણ યત્ન કરે ? અર્થાત્ અવિચારક જ યત્ન કરે. વિચારકને તો ભગવાનના શાસનનાં વચનોને નયસાપેક્ષ સાંભળીને સ્થિર નિર્ણય થાય છે કે આ પરમાત્મા જ સન્માર્ગના પરમાર્થને બતાવનાર છે. માટે તેમની આરાધના કરીને હું કલ્યાણ કરું.

વસ્તુતઃ અન્ય અન્ય દર્શનોમાં એક નયની દૃષ્ટિ હોવાથી કયાંક તત્ત્વની વિચારણા ખૂટતી દેખાય છે. તેથી તે તે દર્શનમાં રહેલા તત્ત્વના અર્થી જીવો પોતાના ઘરમાં સુરમણિ ન દેખાય તો તે સુરમણિને મેળવવા માટે તેઓ દેશાંતરમાં ભમે તે ઉચિત ગણાય. પરંતુ સ્તવનકારશ્રીને તો પોતાના ઘરમાં જ સુરમણિ પ્રાપ્ત થયેલો છે. તેથી સુરમણિની પ્રાપ્તિ અર્થે તે દેશાંતરમાં કેવી રીતે ભમે ? અર્થાત્ ન જ ભમે. **।।૪।।**

**ગાથા :-**

**અગમ અગોચર નય કથા, પાર કુણે નવિ લહીએ રે;**
**તેણે તુજ શાસન ઈમ કહ્યું, બહુશ્રુત-વયણડે રહીએ રે.**
**જયો૦ ૫**

**ગાથાર્થ :-**

**ભગવાનના શાસનની નયકથા અગમ છે, અગોચર છે. તેથી કોઈનાથી પાર પ્રાપ્ત થાય તેમ નથી. તે કારણથી તમારા શાસનમાં એ પ્રમાણે કહ્યું છે કે બહુશ્રુતના વચનથી રહેવું જોઈએ=બહુશ્રુતના વચનને પરતંત્ર રહીને સર્વ કલ્યાણની પ્રાપ્તિ કરવી જોઈએ. ।।૫।।**

**ભાવાર્થ :-**

ભગવાનનું શાસન અતિગંભીર છે. તેમાં નયવાદોની ચર્ચા અતિસૂક્ષ્મ અને મહાપ્રજ્ઞાધન પુરૂષોથી ગમ્ય છે અને નયોના બોધના માર્ગો ઘણા છે. માટે કલ્યાણના અર્થી એવા સામાન્ય જીવો માટે તે માર્ગો જાણી શકાય એવા નથી અને તે નયોના માર્ગો ઇન્દ્રિયોને ગોચર નથી. પરંતુ સર્વજ્ઞના વચનથી જ જણાય છે માટે તે નયકથાના પારને કોઈ લહી શકતું નથી. પરંતુ બહુશ્રુતો જ લહી શકે છે. તેથી ભગવાનના શાસનમાં કહ્યું છે કે આરાધનામાં તત્પર થયેલા જીવોએ બહુશ્રુતના વચનથી પ્રવૃત્તિ કરવી જોઈએ. પોતાની મતિ નયોના ગંભીર પારને પામી શકે તેમ ન હોય છતાં પોતાની મતિમાં અતિવિશ્વાસ રાખીને કોઈ એક નયના પક્ષપાતી થઈને માર્ગનો વિનાશ કરવો જોઈએ નહીં.

અહીં વિશેષ એ છે કે નિશ્ચયનયનો પરમાર્થ પણ ઘણો ઊંડાણવાળો છે. બહુશ્રુતો જ તેના પરમાર્થને જાણે છે અને ૧૪ પૂર્વધરો જ તે નયોના પારને જોનારા છે. તેથી ૧૪ પૂર્વધરો સિવાય અન્ય જીવો તે નયોના પારને જોઈ શકતા નથી. માટે નયોના પરમાર્થને ઉચિત રીતે જાણ્યા વગર કોઈ એક નયના પક્ષપાતી થઈને અન્ય નયનો અપલાપ કરવો ઉચિત નથી. પરંતુ બહુશ્રુતોના વચનથી કઈ રીતે પ્રવૃત્તિ કરવી જોઈએ, જેથી પોતાનું હિત થાય એમ જાણીને

શક્તિ અનુસાર નયવાદને જાણવા માટે અને તે નયવાદના પરમાર્થને પ્રાપ્ત કરવા માટે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ બહુશ્રુતોનાં વચન અનુસારે કરવી જોઈએ. **॥૫॥**

**ગાથા :-**

**તું મુજ એક હૃદયે વસ્યો, તુંહી જ પરઉપગારી રે;**
**ભરત ભવિક હિત અવસરે, મુજ મત મેલો વિસારી રે. જયો૦ ૬**

**ગાથાર્થ :-**

**મારા હૃદયમાં તમે એક વસ્યા છો. તમે જ પરમ ઉપકારી છો. ભરત ક્ષેત્રના ભવિક જીવોના હિતના અવસરમાં મને વિસારીને મૂકશો નહીં. ॥૬॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ભગવાનના સ્યાદ્વાદથી પ્રભાવિત થયેલ છે. તેથી ભગવાનને કહે છે કે મારા હૃદયમાં તમે એક વસ્યા છો અને તમે આ સ્યાદ્વાદને આપીને પરમ ઉપકાર કર્યો છે અને જ્યારે હું ભરતક્ષેત્રના યોગ્ય જીવોના હિત અર્થે તમારો બતાવેલો માર્ગ બતાવું છું, ત્યારે તમે મને વિસારશો નહીં અર્થાત્ તમારી કૃપા મારા પર વરસે. જેથી અનાભોગથી પણ હું તમારા સ્યાદ્વાદના માર્ગને વિપરીત રીતે કહું નહીં, પરંતુ જેમ તમે બતાવ્યું છે તેમ કહીને ભવિક જીવોનાં હિતને કરી શકું. **॥૬॥**

## કળશ

ગાથા :-

ઇમ વિમલકેવલજ્ઞાનદિનકર, સકલગુણરયણાયરો;
અકલંક અકલ નિરીહ નિર્મમ, વીનવ્યો સીમંધરો;
શ્રી વિજયપ્રભસૂરિરાજ રાજે, વિકટ સંકટ ભયહરો;
શ્રી નયવિજય બુધ શિષ્ય વાચક, જસવિજય જયજય કરો. ૧

ગાથાર્થ :-

આ પ્રમાણે વિમલ એવા કેવલજ્ઞાનરૂપ દિનકર અને સકલગુણરત્નોના સાગર, અકલંક=કર્મના કલંકથી રહિત, અકલ=છદ્મસ્થથી જેમનું સ્વરૂપ કળી ન શકાય તેવા, નિરીહ નિર્મમ શ્રી સીમંધરસ્વામીને વીનવ્યા. શ્રી વિજયપ્રભસૂરિરાજના રાજ્યમાં વિકટ અને સંકટના ભવને હરનાર એવું આ સ્તવન નયવિજયબુધના શિષ્ય એવા વાચક જસવિજયનું જય જય કરનારું થાય. ॥૧॥

॥ સમાપ્ત ॥

દેખિયે માર્ગ શિવનગરનો,
જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણછોડતાં ચાલીએ,
પામીએ જિમ પરમ-ધામ રે.

શિવનગરનો માર્ગ દેખીએ જે ઉદાસીન પરિણામરૂપ છે, તેહ અણછોડતાં ચાલીએ=ઉદાસીન પરિણામને છોડ્યા વગર શિવમાર્ગમાં ચાલીએ, જેમ પરમધામને પામીએ=શ્રેષ્ઠ સ્થાનરૂપ મોક્ષને પામીએ.

: પ્રકાશક :
ગીતાર્થ ગંગા
૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9824048680
9428500401